રચયિતા-આચાર્ય અમૃતસૂરિજી મહારાજ

# વૈરાગ્ય શતક

વિવરણ કર્તા-
પન્યાસ ધુરન્ધર વિજયજી ગણિ



સંપાદક તથા પ્રેરક-
પન્યાસ કુન્દ કુન્દ વિજય ગણિ

## शासन सम्राट्



वि. सं. २०५०नी सालना चातुर्मासनी स्मृति निमित्ते उमेदाबाद गोल जैन संधना सौजन्यथी.

## पीयूषपाणि



शाह जेचंदभाई विठ्ठलदास (राजकोटवाळा) परिवारना सौजन्यथी

## समर्थविद्वान्



नवरत्न लेसर प्रोसेसर्स नवसारीना सौजन्यथी

॥ ॐ अर्हं नमः ॥

॥ शासनसम्राट् श्री विजय नेमिसूरीश्वर सद्गुरुभ्यो नम : ॥

सर्वतंत्र स्वतंत्र सूरिचक्र चक्रवर्ति-शासनसम्राड्भट्टारकाचार्य
महाराजश्री **विजयनेमिसूरीश्वरजी** महाराजश्रीना
पट्टालंकार-कविरत्न-शास्त्रविशारद पूज्यपाद-आचार्य
महाराजश्री **विजयामृतसूरीश्वरजी**
महाराज विरचित तथा आचार्य श्री धर्मधुरन्धर सूरिकृत
विवरण युक्त

# श्री वैराग्य शतक

## ( संक्षिप्त विवेचन साथे )

( पूर्वे-स्तुतिचतुर्विंशतिका तथा पाछळ
आत्मनिन्दाद्वात्रिंशिकाना अनुवाद सहित )

: संपादक :

**पं. कुन्दकुन्दविजयजी गणि**

प्रकाशक :

श्रीधुरन्धरसूरि समाधि मन्दिर
शान्तिवन बस स्टेन्ड पासे
नारायणनगर रोड
पालडी, अमदावाद-७

**इस्वीसन १९९५**

❒ वि.सं. २०५१ ❒ चोथी आवृत्ति
वीरनिर्वाण सं. २५२१ नकल-३०००

**मूल्य रू : २५**

❒ **बाइन्डर्स :**
**हरेश चीनुभाई शाह**
**कल्पतरु बाइन्डींग वर्कस**
जगदीश कोलोनी,
सदुमातानी पोळनी बाजुमां,
हलीमनी खडकी, शाहपुर,
अमदावाद ३८० ००१

❒ **प्रिन्टर्स :**
**भाग्योदय प्रिन्टर्स**
१६७/१९८८
सूर्या एपान्टमेन्ट,
सोला रोड,
नारणपुरा,
अमदावाद ३८० ०१३
**Ph. :** ७४८५५०३

: टाइपसेटर :
**अेच. अे. शाह**
**कुमार ग्राफिक्स**
१४, सहकार निकेतन सोसायटी, एम्को बेंक सामे,
नवरंगपुरा, अमदावाद - ९. **Ph. :** ४६५५६०

## प्राप्तिस्थान

(१) **श्री धुरन्धरसूरि समाधि मन्दिर**
शान्तिवन बस स्टेन्ड पासे,
नारायणनगर रोड
पालडी, अमदावाद - ७.

002220
05.05

(२) **राजेशकुमार अशोककुमार शाह**
हठीभाईनी वाडीना नाकापर
परब पासे
दिल्ही दरवाजा बहार
अमदावाद - ४

(३) **संघवी विनोदराय जगजीवनदास अत्तरवाला**
कस्तूरबारोड - रोडनं. ३
जैनुंदीन इंटवाली चाली
बोरीवली - पूर्व
मुंबई - ६६

(४) **जितेन्द्रकुमार रमणीकलाल**
जानकीनिकेतन, बीजेमाल. ३.नं. २८
डॉ. राजेन्द्रप्रसाद रोड, मुलुन्ड, मुंबई

(५) **शाह रसिकलाल जगजीवनदास**
फ्रीगंज, ए.के. बिल्डींग
उज्जैन (म. प्र.)

**प्रुफ रीडर : राजुभाई जी. चौहाण**

# वैराग्यशतक पुस्तक प्रकाशनमां लाभ लेनार भाग्यशालीनी नामावलि

| क्रम | | गाम |
|---|---|---|
| (१) | श्री ऋषभदेव पार्श्वनाथ जैन श्वेताम्बर पेढी | गोल-उमेदावाद |
| (२) | सुखराजजी देवीचन्दजी बंदा मुथा हस्ते | कोयालालजी |
| (३) | तलावट ओटमलजी जीतमलजी - कान्तिलाल रमेश-सुरेश-विमल-सुरेश बेटा पोता सांकलचन्दजी तलावट | |
| (४) | श्री मीश्रीमलजीनी स्मृति निमित्ते हस्ते पत्नीश्री मतीलासीदेवी, भाई मोतिलालजी, तिलोकचन्दजी एवं समस्त भंडारी परिवार | |
| (५) | शाह जुगराजजी हंजारीमलजी | लूंकड |
| (६) | अ.सौ. मोहनबाई हस्तिमलजी चुनीलालजी | भणसाली |
| (७) | मांगीलालजी दानाजी | सुजाणी |
| (८) | अ.सौ मोहनबाई तिकमचन्दजी भीमाजी | तलावट |
| (९) | गुणेशमलजी नेणाजी | भणसाली |
| (१०) | चन्दनमलजी पृथ्वीराजजी रांका | |
| (११) | रमेशकुमार केवलचन्दजी बंदामुथा हस्ते प्रकाशभाई | |
| (१२) | श्रीमती गवरीबेन सुखराजजी पालगोता चौहाण - हस्ते. जुगराजजी. | |
| (१३) | थानमलजी लादाजी भणसाली हस्ते. भागचन्द, झवेरचन्द | |
| (१४) | कान्तिलालजी पारसमलजी बंदामुथा - हस्ते. चन्दनमल | |
| (१५) | बाबुलालजी केवलचन्दजी | आलासण |
| (१६) | मनोहरमलजी हंजाजी भलाजी संघवी | आलासण |
| (१७) | कनैयालालजी सालगीया ह. वीरेन्द्रभाई धारेन्द्रकुमार - शैलेन्द्रकुमार | सलुम्बर-उदयपुर |

(१८) श्रीमती वीणाबेन जसवन्तलालशाह

- हस्ते. शीतलकुमार सीकरकुमार - दहेगाम

(१९) शान्तिलाल गुलाबचन्द शाह परिवार माजीधारासभ्य

- लुणावाडा

(२०) श्रीमती हंसाबेन बाबुलालशाह - कपडवंज

(२१) छनालाल मंगलदास शाह

ह. पंकजभाई - संगपुर

(२२) अशोककुमार धनराजजी शेठ. - बोडीगामाबडा

(२३) नर्मदाबेन छबीलालजी कोठारी. - बोडीगामाबडा

(२४) हीरालालजी नाथुलालजी शाह - बोडीगामाबडा

(२५) अ.सौ. सरलाबेन नगीनदास शेठ. - बोडीगामाबडा

(२६) रूपलालजी अमरचन्दजी महेता - बोडीगामाबडा

(२७) सूरजमलजी पन्नालालजी सरैया

हस्ते शक्तिकुमार - धवलकुमार - वरुणकुमार - डुंगरपुर

(२८) चन्द्रमणिबेन गुलाबचन्द दोशी -- डुंगरपुर

हस्ते विनोदकुमार

(२९) अ. सौ. बदामबेन चान्दमलजी कुणनजी - दावडा

वरसीतप निमित्ते

(३०) कुरीबेन आनन्दीलालजी कुणनजी

वरसीतप निमित्ते - दावडा

(३१) सूरजबेन चन्दुलालजी सरैया - डुंगरपुर

(३२) चन्दुलालजी लक्ष्मीलालजी - सलुम्बर

(३३) पटवा निहालचन्दजी धूलजीभाई परिवार - डुंगरपुर

(३४) रमेशभाई दीपचन्दजी - दावडा

(३५) सरैया केसरबेन जवाहरलालजी पन्नालालजी - डुंगरपुर

ह. अशोककुमार, दिलीपकुमार

(३६) दावडा गणेशलालजी गुलाबचन्दजी

ह. महावीरभाई - चेम्बुर / डुंगरपुर

(३७) जसवन्तलाल केसरीमलजी दावडा - डुंगरपुर गोरेगाम
(३८) गोठी मणिलाल माणेकलालजी - डुंगरपुर
ह. लक्ष्मीबेन
(३९) सनतकुमार छगनलालजी ह. सूर्यकान्ताबेन - डुंगरपुर
(४०) सरैया उदयचन्दजी ह. ईश्वरलाल मांगीलालजी - डुंगरपुर
(४१) सूरजमलजी कुन्दनमलजी दावडा ह. देवीलालजी - डुंगरपुर
(४२) धडुक मगनलालजी ध.प. मगनबेन ह. जम्बूकुमार - डुंगरपुर
(४३) सरैया गोरधनलालजी ह. नर्मदाबेन - डुंगरपुर
(४४) गणेशलालजी लक्ष्मीलालजी - डुंगरपुर
(४५) श्री आदिनाथ जैन श्वेताम्बर संघ - पुनाली
(४६) अमृतलालजी रतनलालजी शाह - पुनाली
ह. नरेशकुमार-अभिषेककुमार
(४७) अमृतलालजी प्यारचन्दजी पंचोली - पुनाली
ह. प्रवीणभाई, गिरीशकुमार, मनोजकुमार
(४८) श्री हठीभाईनी वाडी जैन संघ - अमदावाद
(४९) वीरचंदजी समरथमलजी मंडार - अमदावाद
(५०) झवेरीलालजी गोपीलालजी जैन - अमदावाद
(५१) शाहीबाग मेडीकल स्टोर - अमदावाद
जितेन्द्रकुमार नरसीदास शाह - अमदावाद
ना ध.प. अ. सौ कैलास बेनना - अमदावाद
वर्षितप निमित्ते ह. पीयूषकुमार - अमदावाद
(५२) जितेन्द्रभाई भगुभाई संघवी - अमदावाद
ह. नलिनीबेन
(५३) अशोककुमार छबीलालजी पटवा साबलावाला
ह. जयेशकुमार हाल भायन्दर
(५४) गांधी कनैयालालजी चम्पालालजी माल
(५५) वसन्तीबेन बदीचंदजी शाह करियाणा

(५६) शोभाचंदजी हीरालालजी दावडा
ह. प्रदीपकुमार — गलीया कोटवाळा
(५७) राजकुमार मांगीलालजी भंडारी — सागवाडा
(५८) सागरमलजी बदीचंदजी ह. गजेन्द्रकुमार — करियाणा
(५९) स्व. हेमलताबेन मंगळदास — मोडासा
ह. विजयभाई
(६०) नटवरलाल नाथालाल शाह
ह. कमलेशकुमार-समीरकुमार-परागकुमार- — मोडासा
(६१) शाह नाथालाल शिवलाल
ह. सविताबेन नाथालाल — मोडासा
(६२) रतिलाल पोपटलाल गांधी — मोडासा
(६३) बाबुलाल छोटालाल संघवी — मोडासा
(६४) दोशी वसन्तलाल डाह्यालाल
ह. राजेशभाई — वडालीवाला
(६५) जसुमतीबेन बचुभाई - भावसार
ह. भूपेश भावसार - राकेश भावसार — मोडासा
(६६) महावीर वोच कु.
ह. अमरीशभाई — मोडासा
(६७) भवरलाल-चेतनलाल दिलीपकुमार
पिता ऋषखबचंदजी — पुंजयुर
(६८) शंकरलालजी मोतीलालजी — बोडीगामाबडा
(६९) अ. सौ. प्रेमलताबेन विनोदकुमार महेता — बोडीगामाबडा
(७०) धर्मिलालजी माणेकलालजी — सलुम्बर
(७१) यशपालजी वृध्धिचन्दजी सालगीया — सलुम्बर
(७२) धीरेन्द्रकुमार जेचंदभाई विठ्ठलदास शाह — राजकोट

★ ★ ★

॥ श्री गौतमस्वामिने नमः ॥

# परिचय

आत्माने संसारथी मुक्त करवाना बे मार्ग छे. एक भक्तिमार्ग अने बीजो ज्ञानमार्ग. तेमां भक्ति मार्ग घणो सहेलो छे. बाळ युवान, वृद्ध, स्त्री, पुरूष, सर्व ए मार्गने अनुसरी शके छे. भगवान पण भक्तिथी वश थाय छे. प्रभुना गुण गावा तेमनी पासे प्रार्थना करवी, हाथ जोडीने तेमनी स्तुति बोलवी ए पण भक्तिनो एक प्रकार छे. आ पुस्तकनी शरूआतमां चोवीस परमात्मानी स्तुतिओ आपी छे, ते कंठे करी जिनेश्वर प्रभु समक्ष बोलवाथी उल्लासने वधारे छे. भक्तिभावने जागृत करे छे. प्रभु साथे एकमेक बनावे छे. ते स्तुतिओनी शब्द रचना एटली बधी सुंदर ने सरल छे के एक वखत वांचवाथी पण मोढे चडी जाय एवी छे.

**''आत्मा मारो प्रभु तुज कने आववा उल्लसे छे. आपो एवुं बळ हृदयमां माहरी आश ए छे.''**

वगेरे शब्दो बोलतां हृदय उच्छळे छे. कर्ताए विना प्रयासे पाणीना झरानी माफक शब्द प्रवाह वहेवराव्यो होय एम लागे छे, कुदरते रचायेली कृतिओज अजर-अमर ने असरकारक निवडे छे.

चोवीश भगवाननी स्तुतिओ पछीथी आ पुस्तकमां

'वैराग्य शतक' छे. ए एक ज्ञानमार्गनुं साधन छे, तेमां पदे पदे ने शब्दे शब्दे आत्माने तेनी स्थितिनुं भान कराव्युं छे, अनादि काळथी दुःखी थतां अने भवचक्रमां परिभ्रमण करतां चेतनने साचो राह बताव्यो छे. तेमां मुख्यत्वे आठ विषयो उपदेश्या छे. ते आ (१) मानव जन्मनी दुर्लभता. (२) नरकना दुःखोनुं वर्णन. (३) स्त्री-मोह त्याग करवा प्रेरणा. (४) सोळ भावनानुं स्वरूप (५) संसारनी असारता (६) पांचे इन्द्रियोना विषयोथी थता गेरलाभ. (७) शीघ्र धर्म करवा प्रेरणा (८) कल्याणकारि विचारणाओ. आ आठे विषयो एवा सचोट शब्दोमां निरूप्या छे, के जे वांचतां समजु आत्माने संसार उपरथी 'वैराग्य' थया वगर रहे नहि.

'वैराग्य शतक' बाद 'जीवदया प्रतिपाल परमार्हत कुमारपाल-भूपाल कृत आत्मनिंदाद्वात्रिंशिकानो गूर्जरी गिरामां अनुवाद छे. तेमां परमात्माने संबोधीने आत्माने पोतानी पराधीन स्थितिनुं रोमांचक स्वरूप दर्शाव्युं छे. वारंवार वांचवानुं मन थाय एवा भावो तेमां भर्या छे, मोढे करी प्रभु पासे बोलवाथी उन्नतिपथनुं दर्शन थाय छे. आ पुस्तकनी एक एक वात आत्माने हितकारी छे, एके एक विचार वारंवार वांची तेनुं मनन करी हृदयमां अने जीवनमां उतारवा योग्य छे. आ पुस्तक नानुं छे पण सोनुं छे. आमां गुंथायेल कोइपण वस्तु मनःकल्पित

नथी पण वीतराग-भगवंते उपदेशेल पूर्वाचार्योए रचेल ग्रंथोमांथी ज उद्धरी भाषामां योजेल छे. ते योजायेल एक पण वचनथी कोईपण आत्माने संसार उपरथी वैराग्य आवशे, ए आत्मा साचा सुखने पंथे पडशे, दुःखथी मुकाईने आत्माना आनंदने मेळवशे तो करायेल परिश्रम विशेषे सफळ थयो लेखाशे. सुवर्ण जेवा विचारोने मनमां संग्रहो अने कथिर जेवा विचारोने तिलांजलि आपो, सारा सारा विचारोने शीघ्र वर्तनमां मूको ने मुक्त बनो ए ज अभिलाषा.

- *मुनि-धुरन्धरविजय.*

# वैराग्य शतकनी प्रस्तावना

अनादि काळथी आ जीव सुख मेळववाना प्रयत्नो करतो आव्यो छे. कर्म बंधनने कारणे संसारमां भटके छे. अने हजु संवर निर्जरा उच्च प्रकारनी नहि करे तो भटकशे. उच्च प्रकारनो संवर अने उच्च प्रकारनी निर्जरा करवा माटे आ जीवे जीवनमां वैराग्यभाव प्रगट करवो परम आवश्यक छे. ज्यां सुधी जीवनमां वैराग्य न प्रगटे भवभीरुता न आवे त्यां सुधीनी बधीये साधना अधुरी ज रहेवानी छे. माटे वैराग्यनी साधना करवी ते मनुष्य जीवन माटे परम उपयोगी छे. आ वैराग्यनी साधना बे प्रकारे थई शके छे. एक तो वैराग्यवाळा पुस्तक वांचनथी अने बीजी वैरागी आत्माना संसर्गथी आ बंनेमां जेम आ काळमां वैरागीनो संसर्ग मुश्केल छे पण अशक्य नथी, तेम वैराग्यना पुस्तको मळवा मुश्केल छे पण अशक्य नथी. तेम आ ज्यारे वांचो छो त्यारे वैराग्यनुं पुस्तक तमारा हाथमां छे. ते वैराग्यना पुस्तकमांथी जीवनमा वैराग्य लाववा प्रयत्न करजो.

आ पुस्तकमां १०० श्लोको वैराग्यना छे अने ते शासनसम्राट पूज्यपाद आचार्य श्री विजय नेमिसूरीश्वरजी महाराजना पट्टधर पूज्यपाद आचार्य श्री विजय अमृतसूरिजी महाराजे पोताना संयम अवस्थाना पूर्व

जीवनमां स्वाभाविक रीते बनावेला छे. आ श्लोको कंठस्थ करी गावाथी पण वैराग्यना झरणा आत्मामां स्फुरशे. बीजुं आ श्लोको उपर पूज्यपाद मारा गुरूजी आचार्य श्री धर्मधुरन्धरसूरिजी महाराजे मुनि अवस्थामां पण सारूं सचोट विवरण करेल छे. जे वांचवाथी वैराग्य पामवानी लायकातवाळामां अवश्य वैराग्यनी वृद्धि थशे ज.

*- ली. पं. कुंदकुंदविजयजी*

स्व. वस्तुपाळजी करणमळजी दोशी (सलुम्बर)



आप सलुम्बर श्वे. मू. पू. संधमां सक्रिय कार्यकर्ता हता. अने आपनुं तन, मन, धन, प्राय: धार्मिक कार्योमां जोडायेलुं रहेतुं हतुं.

❖ ❖

सुखराजजी देवीचन्दजी बंदामुथा उमेदाबाद - गोळ



आपनुं जीवन मानवताना गुणोथी भरपुर छे.

पूज्य आचार्यश्री **विजय देव सूरीश्वरजी**

**म. चरणरेणु विजय हेमचन्द्रसूरिजी मु. पुनाली.**

# भवनिस्तारनो प्रबल उपाय-

# एक मात्र वैराग्य

त्याग अने वैराग्य विना जगतमां कोई पण आत्मानो भवनिस्तार थतो नथी. आ बाबतमां दरेक धर्मशास्त्रकारोनो एकमत प्रवर्ते छे. त्यागने जो आपणे कार्य तरीके मानतां होईये तो वैराग्यने एना कारण तरीके अवश्य स्वीकारवुं जोईए. त्याग जो ईमारत छे तो वैराग्य एनो पायो छे. वैराग्य वगरनो त्याग अर्थसाधक बनवाने बदले केटलीकवार अनर्थकारी पण बनी जाय छे एटले त्यागने दृढ बनाववानी भावनावाळाए पहेलां वैराग्यने स्थिर करवो जोईए. 'त्याग न टके वैराग्य बिना' ए उक्ति पण आज वातनी पुष्टि करे छे.

पूर्वधर भगवान श्री उमास्वातिजी महाराजे पण 'प्रशमरति' जेवा नाना पण आत्मार्थी जीवोने माटे महान उपकारक ग्रंथमां नीचेना श्लोकमां - वैराग्य भावनाने स्थिर करवा माटे मन/वचन अने कायाथी अभ्यास करवानुं भारपूर्वक सूचन कर्युं छे.

**दृढतामुपैति वैराग्य भावना येन येन भावेन।**
**तस्मिन् तस्मिन् कार्यः, कायमनोवागभिरयासः ॥**

जे जे भावथी - प्रवृत्तिथी वैराग्यभावना दृढपणाने पामे तेमां तेमां मन/वचन अने कायाना योगोथी अभ्यास करवो जोईए. अर्थात् एवुं विचारवुं-बोलवुं ने करवुं जोईए के जेथी वैराग्यभावना दृढ बने. प्रस्तुत ग्रन्थ पण वैराग्य भावनाने पुष्ट बनावतो महान ग्रंथ छे.

पूज्यपाद शास्त्रविशारद कविरत्न अमारा परम गुरु आचार्य महाराज श्रीविजय अमृतसूरीश्वरजी महाराजश्रीए पोताना संयम जीवनना प्रारंभकाळमांज संसारना स्वरूपनो आबेहुब चितार रजू करी वैराग्यभावनाने दृढ बनावे तेवो 'वैराग्य शतक' नामनो गुजराती भाषामां एकसो पद्योना संग्रहरूप आ ग्रंथ बनाव्यो छे. वांचनार थोडोक सहृदय अने सरळ परिणामी होय तो अमूक एनी असर थया वगर रहेज नहि. पर्वतमांथी झरतां निर्मळ झरणांनी जेम तेओना हृदयमांथी आ कविताना झरणां आपोआप जाणे वही निकळ्यां होय एवुं जणाय छे. ए पद्योनी साथे एनुं गुजराती विवेचन पण संक्षिप्त

छतां भाववाही छे. आनुं विस्तृत विवेचन करवामां आवे तो विस्तार रुचिवाळा जीवोने एनाथी अवश्य लाभ थया वगर न रहे.

आ अगाउ पण आनी आवृत्तिओ बहार पडीज छे तेम छतां ते खलास थई जतां पन्यास श्री कुन्दकुन्द विजयजी गणिनी प्रेरणाथी आ प्रकाशन थई रह्युं छे ते अनुमोदनीय छे. पन्यांसजी ज्ञानना प्रचार द्वारा लोकोमां धर्म अने संस्कारनी प्राप्ति करावववानी रुचिवाळा तथा प्रभुभक्तिना सारा रसीया छे.

तेओनी प्रेरणाथी बीजा पण आवा ग्रंथो प्रकाशित थता रहे एज मंगल कामना-

## प्रस्तावना

**भय वगरनो एक मात्र वैराग्य ज छे**

**जे जे भावथकी वधे जीवनमां वैराग्यनी भावना**
**ते ते भाव महि सदा विहरवुं राखी मनोकामना**
**जे जे भावथकी न सिद्धि मळती ते भाव शा कामना**
**जाणी एम सदा सुभाव करवा साची करो साधना**

आ संसारमां राग अने द्वेषथी कोण परिचित नथी ? अज्ञानी जीवोने बाद करता लगभग जीवो आ जोडकाथी परिचित छे. आ जोडकामां जे द्वेष छे

ते रागमांथी उत्पन्न थनारो भाव छे. अर्थात् द्वेषनुं कारण पूर्वमां व्यक्ति प्रत्ये रहेलो राग छे. ज्यां राग थयो होय त्यां काळान्तरे प्राय: द्वेष थाय छे एटले संसारनुं मूळभूत कारण राग छे.

राग प्रशस्त अने अप्रशस्त बे प्रकारनो छे अमूक मर्यादा सुधी प्रशस्त राग आगळ वधारनारो थाय छे तो पण अन्ते तो छोडवा योग्यज छे.

राग वगरनी स्थिति ते विरागस्थिति छे, अने तेनो भाव ते वैराग्य छे आ वैराग्य पामवो जोके आ काळमां अति मुश्केल छे कठिन छे तो पण अशक्य तो नथी ज. एटले आत्मकल्याणी आत्माए वैराग्य प्राप्त करवो ज जोईए.

वैराग्य, वैरागी जीवोनो परिचय राखवाथी प्राप्त थाय छे, वैराग्य विषयवाळा पुस्तकना वाचनथी प्राप्त थाय छे, कुदरती वातावरणना फेरफारथी तथा दु:खना निमित्तो वगेरेथी वैराग्य प्राप्त थाय छे. गमे तेनाथी वैराग्य थाय पण जीवनमां वैराग्य आवे ए इच्छवा योग्य छे. आ पुस्तक वैराग्यना विषय वाळुं छे.

रागनुं पोषण करनारा पुस्तको जगतमां

घणा बहार पडे छे वैराग्य पोषक पुस्तको क्यारेक ज हाथमां आवे छे. आ तमारा हस्तकमलमां पुस्तक आव्युं छे तो तेने आद्यन्त बराबर वांचजो अने वैराग्य थोडो घणो पण जीवनमां लाववा प्रयत्न करजो. निर्भय बनवा माटे पण वैराग्य अमोघ साधन छे. राजा भतृहरिए पण पोताना वैराग्य शतकमां बतावेलुं छे के

**भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद् भयं**
**मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम्**
**शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद् भयं**
**सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्य मेवा भयम्**

भोगमां रोग थवानो भय छे. कुलमां पडवानो, धनमां राजानो, मौनमां दीनतानो, बळमां शत्रुनो, रूपमां वृद्धावस्थानो, शास्त्र जाणनारने वादनो, गुणमां दोषो शोधनारनो (लुच्चानो) भय छे अने कायाने यमनो भय छे आम सर्व वस्तु भयवाळी छे केवळ वैराग्य ज-निर्भय-भयवगरनो छे.

आवो जे वैराग्य छे तेना स्वरूपनुं दर्शन करावनारा सो गुजराती श्लोको विविध छन्दमां अमारा पू.प्र. परमगुरु शास्त्रविशारद पीयूषपाणि पूज्यपाद आचार्य श्री विजय अमृत सूरीश्वरजी

महाराजे मुनिजीवनना प्रारंभ काळमां वैराग्ययुक्त मानस साथे रच्या छे. संगीतप्रिय जीवोने बोलवा अने सांभळवा गमे तेवा छे श्लोकोनुं विवरण पण अमारा पूज्यपाद गुरुश्रीए करेलुं छे जेनो सदुपयोग थाय एवी आशा साथे विरमु छुं.

समर्थ विध्वान् पूज्य आचार्यश्री **धर्मधुरन्धर सूरिजी** महाराजना शिष्य पं. **कुन्दकुन्द वि. पुनाली** जैन उपाश्रय जी. डुंगरपुर राजस्थान.

***ता. क.*** *- आ वैराग्य शतक पुस्तक छपाववानी भावना जालोर जील्लामां आवेला उमेदाबाद (गोल) गामना २०५०ना चातुर्मास दरम्यान थई हती. आ गामनो संघ भद्रिक, सरळ परिणामी अने नानो छता मोटा काम करनारो छे एवुं कह्या सिवाय रही शकातुं नथी.*

★ ★ ★

ॐ अर्हं नमः

## ॥ श्री चतुर्विंशति-जिन-स्तुतयः ॥

### श्री विजयामृत सूरि विरचिताः

## ( दहेरासरजीमां प्रभु पासे बोलवानी स्तुतिओ )

(छंद-मंदाक्रान्ता)

(बोधागाधं सुपदपदवी-नीरपूराभिरामं-ए राग)

### १. श्री ऋषभदेव प्रभुनी स्तुति.

जेणे कीधी सकल जनता नीतिने जाणनारी,
त्यागी राज्या-दिक विभवने जे थया मौनधारी
व्हेतो कीधो सुगम सबळो मोक्षनो मार्ग जेणे
वन्दु छुं ते ऋषभजिनने धर्म धोरी प्रभुने.

### २. अजितनाथ प्रभुनी स्तुति.

देखी मूर्ति अजित जिननी नेत्र मारां ठरे छे.
ने हैयुं आ फरी फरी प्रभु ध्यान त्हेनुं धरे छे;
आत्मा म्हारो प्रभु तुज कने आववा उल्लसे छे,
आपो एवुं बळ हृदयमां माहरी आश ए छे.

### ३. श्री संभवनाथनी स्तुति.

जे शांतिना सुख सदनमां मुक्तिमां नित्य राजे,
जेनी वाणी भविक जननां चित्तमां नित्य गाजे;
देवेन्द्रोनी प्रणय भरनी भक्ति जेनेज छाजे,
वन्दु ते सं-भवजिन तणां पाद पद्मे हुं आजे.

### ४. श्री अभिनंदन स्वामिनी स्तुति.

चोथा आरा रूप नभ विषे दीपता सूर्य जेवा,

धाती कर्मो रूप मृग विषे केसरी सिंह जेवा;
साचे भावे भविक जनने आपता मोक्ष मेवा.
चोथा स्वामी चरण युगले हुं चहुं नित्य रें'वा.-

## ५. श्री सुमितनाथ स्तुति

आ संसारे भ्रमण करतां शान्ति माटे जिनेन्द्र,
देवो सेव्यां कुमति वशथी में बहुए मुनीन्द्र,
तोए नाव्यो भव भ्रमणथी छुटकारो लगारे,
शान्ति दाता सुमति जिनजी देव छे तुं ज मा'रे.

## ६. श्री पद्मप्रभस्वामिनी स्तुति.

सोना केरी सुर विरचिता पद्मनी पंक्ति सारी,
पद्मो जेवा प्रभु चरणना संगथी दीप्ति धारी;
देखी भव्यो अति उलटथी हर्षना आंसु लावे,
ते श्री पद्म-प्रभ चरणमां हुं नमुं पूर्ण भावे.

## ७. श्री सुपार्श्वजिन स्तुति.

आखी पृथ्वी सुखमय बनी आपना जन्म काले,
भव्यो पूजे भय रहित थै आपने पूर्ण व्हाले;
पामे मुक्ति भव भय थकी जे स्मरे नित्यमेव.
नित्ये वंदु तुम चरणमां श्री सुपाश्वेष्ट - देव.

## ८. श्री चंद्रप्रभस्वामिनी स्तुति.

जेवी रीते शशि किरणथी चंद्रकान्त द्रवे छे,
तेवी रीते कठिण हृदये हर्षनो धोध वहे छे;

देखी मूर्ति अमृत झरती मुक्ति - दाता तमारी,
प्रीते चन्द्र - प्रभ जिन मने आपजो सेव सारी,

## ९. श्री सुविधिनाथनी स्तुति.

सेवा माटे सुर-नगरथी देवनो संघ आवे,
भक्ति भावे सुरगिरिपरे स्नात्र पूजा रचावे;
नाट्यारंगे नमन करीने पूर्ण आनन्द पावे,
सेवा सारी सुविधि जिननी कोणने चित्त नावे.

## १०. श्री शीतलनाथनी स्तुति.

आधि व्याधि प्रमुख बहु ए तापथी तप्त प्राणी,
शीळी छाया शीतल जिननी जाणीने हर्ष आणी;
नित्ये सेवे मन वचनने कायथी पूर्ण भावे,
कापी खंते दुरित गणने पूर्ण आनन्द पावे.

## ११. श्री श्रेयांसनाथनी स्तुति.
## ( शार्दूलविक्रीडित. )

जे हेतु विण विश्वना दुःख हरे, न्हाया विना निर्मळा,
जिते आन्तर शत्रुने स्वबळथी, द्वेषादिथी वेगळा;
वाणी जे मधुरी वदे भवतरी गंभीर अर्थे भरी,
ते श्रेयांस जिणिंदना चरणनी, चाहुं सदा चाकरी.

## १२. वासुपूज्य स्वामिनी स्तुति.

जे भेदाय न चक्रथी न असिथी, के इन्द्रना वज्रथी,
एवा गाढ कुकर्म हे जिनपते, छेदाय छे आपथी;
जे शान्ति नव थाय चन्दन थकी, ते शान्ति आपो मने,

वासुपूज्य जिनेश हुं प्रणयथी, नित्ये नमुं आपने.

## १३. श्री विमलनाथ स्तुति. (मंदाक्रान्ता.)

जेवी रीते विमल जलथी वस्त्रनो मेल जाये,
तेवी रीते विमल जिनना ध्यानथी नष्ट थाये;
पापो जुना बहु भव तणा अज्ञताथी करेला,
ते माटे हे-जिन ! तुज पदे पंडितो छे नमेला.

## १४. श्री अनंतनाथनी स्तुति.

जेओ मुक्ति - नगर वसता काळ सादि अनंत,
भावे ध्यावे अविचलपणे जेहने साधु - सन्त;
जेहनी सेवा सुरमणि परे सौख्य आपे अनन्त,
नित्ये म्हारा हृदयकमळे आवजो श्री अनन्त.

## १५. श्री धर्मनाथनी स्तुति.

संसाराम्भो-निधि जळ विषे बूडतो हुं जिनेन्द्र.
तारो सारो सुखकर भलो धर्म पाम्यो मुनीन्द्र;
लाखो यत्नो यदि जन करे तों'येना तेह छोडुं,
नित्ये धर्म-प्रभु तुज कने भक्तिथी हाथ जोडुं.

## १६. श्री शांतिनाथनी स्तुति.

जाण्या जाये शिशु सकळना लक्षणो पारणाथी,
शान्ति कीधी पण प्रभु तमे मातना गर्भमांथी;
षट्खंडोने नव निधि तथा चौद रत्नो त्यजीने,
पाम्या छो जे परम पदने आपजो ते अमोने.

## १७. श्री कुंथुनाथनी स्तुति.

जेहनी मूर्ति अमृत झरती धर्मनो बोध आपे,
जाणे मीठुं वचन वदती शोक संताप कापे;
जेहनी सेवा प्रणय भरथी सर्व देवो करे छे,
ते श्री कुंथु-जिन चरणमां चित्त मा'रूं ठरे छे.

## १८. श्री अरनाथनी स्तुति.

जे दुःखोना विषम गिरिओ वज्रनी जेम भेदे
भव्यात्मानी निबिड जडता सूर्यनी जेम छेदे;
ज्हेनी पासे तृण सम गणे स्वर्गने इन्द्र जेवा,
एवी सारी अरजिन मने आपजो आप सेवा.

## १९. मल्लिनाथनी स्तुति.

तार्या मित्रो अति रूपवती स्वर्णनी पूतळीथी,
एवी वस्तु प्रभु तुज नथी बोध ना थाय जेथी;
सच्चारित्रे जन मन हरी बाळथी ब्रह्मचारी,
नित्ये मल्लि - जिनपति मने आपजो सेव सारी.

## २०. श्री मुनिसुव्रत स्वामिनी स्तुति
### (शार्दूलविक्रीडित.)

अज्ञानांधकृति विनाश करवा. जे सूर्य जेवा कह्यां,
जेहणे अष्ट प्रकारना कठिन जे, कर्मो बधां ते दह्यां;
जेनी आत्मस्वभावमां रमणता, जे मुक्ति दाता सदा,
एवा श्री मुनिसुव्रतेश नमीए, जेथी टळे आपदा.

## २१. श्री नमिनाथनी स्तुति.

वैरिवृंद नम्यो प्रभु जनकने, गर्भ प्रभावे करी,
कीर्तिचंद्रकरोज्ज्वला दिशिदिशि, आ विश्वमां विस्तरी;
आपी बोध अपूर्व आ जगतने, पाम्या प्रभु शर्मने,
पुण्ये श्री नमिनाथ आप चरणे, पाम्यो ख़रा धर्मने.

## २२. श्री नेमिनाथनी स्तुति.

लोभावे ललना तणा ललित शुं, त्रिलेकनां नाथने, कम्पावे
गिरि भेदी वायु लहरी, शुं स्वर्णना शैलने;
शुं स्वार्थे जिन देव ए पशु तणा, पोकारना सांभळे,
श्रीमन्नेमि जिनेन्द्र सेवन थकी, शुं शुं जगे ना मळे.

## २३. श्री पार्श्वनाथनी स्तुति.

धुणीमां बळतो दयानिधि तमे, ज्ञाने करी सर्पने.
जाणी सर्व जनो समस्त क्षणमां, आपी महा मंत्रने;
कीधो श्री धरणेन्द्रने भव थकी, तार्या घणा भव्यने,
आपो पार्श्व जिनेन्द्र नाश रहिता, सेवा तमारी मने.

## २४. श्री महावीर स्वामिनी स्तुति.

श्री सिद्धार्थ नरेन्द्रना कुल नभे, भानु समा छो विभु,
म्हारा चित्तचकोरने जिन तमे, छो पूर्ण चन्द्र प्रभु;
पाम्यो छुं पशुता त्यजी सुरपणुं, हुं आपना धर्मथी,
रक्षो श्री महावीर देव मुजने, पापी महाकर्मथी.

**इति चतुर्वि शति-जिन-स्तुतयः समाप्ताः**

॥ ॐ अर्हं नमः ॥

॥ श्री नेमि-सूरीश्वर-सद्गुरूभ्यो नमः ॥

# श्री वैराग्य शतक

## (संक्षिप्त विवेचन युक्त)

महापुरूषोनी प्रणालिका छे, के कोईपण शुभकार्यनी शरूआतमां मंगल करवुं, मंगल करवाथी बे लाभ थाय छे. (१) अशुभ कर्मनो नाश अने ते द्वारा कार्यनी समाप्ति. (२) उपकारी पुरूषोनुं स्मरण अने ते रीते कृतज्ञता गुणनी खीलवणी, वैराग्य शतकनी शरू आत करतां ग्रन्थकार इष्टदेवने नमस्कार करवा रूप-सुंदर मंगल करे छे. ते आ प्रमाणे-

### सवैया

(झेर गयां ने वेर गयां-ऐ रीतीए,)

श्री आदीश्वर शान्तिजिनेश्वर नेमिप्रभुने पास जिणन्द,
वीरप्रभु ए पांच प्रभुने छठ्ठा श्रीगुरू नेमिसूरीन्द
ए सर्वेने प्रणये प्रणमी समरी सरस्वती मात उदार,
रचुं 'वैराग्यशतक' आ सुखकर प्राचीन उक्तिने अनुसार

### विवेचन

(१) श्री आदीश्वर-त्रीजा आराना अन्तमां ज्यारे

युगलिक धर्म नाश पामी रह्यो हतो, अने मानव समूहने नवी व्यवस्थानी जरूर हती, ते समये श्री आदीश्वर प्रभु थया. तेमणे मनुष्योने प्रथम व्यवहारिक व्यवस्था बताव्या बाद आत्मिक विकासने माटे धर्मव्यवस्था दर्शावी. ते माटे तेमणे प्रथम दीक्षा लई केवळ ज्ञान प्राप्त करी- पोताना ९९ पुत्रोने अने बे पुत्रीने तेमज हजारो मनुष्योने दीक्षित बनावी धर्ममार्ग प्रवर्ताव्यो. आजे जे व्यवहारिक अने धार्मिक प्रवृत्तिओ चाले छे, तेना मूळ प्रणेता श्री ऋषभदेव भगवंत छे. वेदोमां अने भागवत वगेरे ग्रन्थोमां पण तेमनुं वर्णन आवे छे. ते नाभिराजा अने मरू देवा माताना नन्दनने नमन करी-

(२) शान्ति जिनेश्वर - हस्तिनापुर नगरमां विश्वसेन राजा अने अचिरा राणीने त्यां तेमनो जन्म थयो. तेओ गर्भमां हता त्यारे तेमनी माताना स्नानजलथी मरकीनो उपद्रव नाश पाम्यो अने शान्ति थई. तेथी तेमनुं श्री शान्तिनाथ ऐवुं सार्थक नाम थयुं. तेओए छ खंडनुं राज्य- चक्रवर्तिपणुं भोगव्युं, अने तेनो त्याग करी त्यागी बन्या. ते १६मा तीर्थंकरपणे विचरी सिद्धि वर्या, लघुशान्ति, अजितशान्ति, मोटीशान्ति, संतिकरं वगेरे स्तोत्रोथी तेमनो प्रभाव अपूर्व प्रसिद्ध छे, तेमने नमस्कार करी-

(३) नेमिप्रभु-प्रभुश्री वीरना जन्मपूर्वे ८४,००० वर्ष पहेलां तेओ शौरीपुरीमां समुद्रविजयराजा अने शिवादेवी

राणीने त्यां जन्म्या, बाल्यावस्थाथी ज विषयोथी विरक्त हता. कुटुम्बीओना आग्रहथी तेओ लग्न माटे तैयार थया. पण ते लग्नमां भोजनने माटे पशुहिंसा थवानी छे तेम जाणी पाछा फर्या, राजीमतीनो त्याग कर्यो, दीक्षा लीधी ने मुक्तिरमणीने वर्या, श्री गिरिनार तीर्थनी भूमि तेमना दीक्षा केवळज्ञान अने मोक्ष कल्याणकथी पवित्र थयेली छे. हाल पण हजारो यात्राळुओ श्री गिरिनार जइ श्री नेमिनाथना दर्शन, पूजन, अर्चन करी नर जन्म सफल करे छे. ते बावीशमां जिनने वन्दन करी-

(४) पार्श्वजिणिंद-काशी (वाराणसी) नगरीमां अश्वसेन-राजाने त्यां वामादेवीनी कुक्षीथी तेमनो जन्म थयो. प्रभावती नामे राजपुत्री साथे तेमना लग्न थयां, एक वार वसन्त ऋतुमां तेओ बगीचामां गया. त्यां श्री नेमिकुमारना राजीमतीना त्यागनो प्रसंग चित्रमां जोतां तेमनी वैराग्य वृत्ति सतेज बनी, राज्यनो स्वीकार न करतां त्रीस वर्षनी युवानवये दीक्षा लई कमठना उपसर्गो सहन करी, केवळ ज्ञान पामीं श्री समेतशिखर पहाडपर मुक्ति पधार्या. आजे पण ए पहाड 'श्री पार्श्वनाथ हील' तरीके ओळखाय छे. तेमनो चमत्कार स्वपर दर्शन प्रसिद्ध छे. धरणेन्द्र पद्मावती हाल पण तेमना भक्तने सहाय करे छे. तेमना अनेक तीर्थस्थानो जीवता-जागता प्रभाववाळा छे. तेमना अनेक मन्त्र गर्भितस्तोत्रो प्रभावपूर्ण छे, ते त्रेवीशमा प्रभुने प्रणाम करी-

(५) वीरविभु- ज्ञातकुळना सिद्धार्थ महाराजाने त्यां त्रिशलाराणीथी तेमनो जन्म थयो, मातांपिताए तेमनुं नाम 'वर्धमान' आप्युं हतुं. पण तेमना धैर्य-शौर्य-गुणने लीधे देवे दीधा "महावीर" नामे प्रसिद्ध थया. त्रीस वर्षनी वये दीक्षा लीधी, साडाबार वर्ष सुधी घोर तपश्चर्या करी. अनेक भयंकर परिषहो सहन कर्या, परिणामे केवळ ज्ञान पामी, जगतना अज्ञानने दूर कर्युं. यज्ञमां करातो हिंसाओ, केवळ अंधश्रद्धावादथी थता अनर्थो, राज्यलोभने कारणे थता भयंकर युद्धो वगेरे सर्व सचोट उपदेश दई बंध कराव्या. आर्यावर्तनी पूर्वनी संस्कृतिने ताजी करी. श्रेणिक-चेडामहाराजा-चण्डप्रद्योत उदायन वगेरे ऐतिहासिक राजाओ तेमना भक्त हता. ए महापुरूष-परमात्माए ताजी करेली आर्यसंस्कृति अने आत्मिक विचारणानो वारसो आपणे आजे भोगवी रह्या छीए तेमने प्रणाम करी-आ ग्रन्थ रचाय छे.

शंका-चोवीश अथवा अनन्त तीर्थंकरोमां आ पांच प्रभुने ज नमस्कार केम ?

समाधान-जगतना जीवोना हितनो फाळो आ पांच प्रभुना नाम पर नोंधायो छे. जनतामां विशेष विख्याति आ पांचनी थयेली छे. तेथी तथा तेमने नमस्कार करवाथी उपलक्षणथी सर्व तीर्थंकरोने नमस्कार आवी जाय छे, माटे-

(६) श्री गुरू नेमि सूरीन्द-तेओश्रीनो जन्म काठियावाडना काश्मीर तरीके प्रसिद्धि पामेल मधुमती (महुवा) नगरीमां त्यांना प्रसिद्ध श्रावक लक्ष्मीचंदभाईने त्यां दीवालीबेननी कुक्षीए विक्रम संवत १९२९ना कार्तिक सुदी १ ने (बेसता वर्षे) थयेल छे. सोळ वर्षनी उंमरे सिंहनी जेम भावनगरमां श्री वृद्धिचंद्रजी महाराज्जीनी पासे सं. १९४५मां दीक्षा लीधी. गुरूभक्ति, स्वाश्रयीपणुं, विद्वत्ता, व्याख्यानशक्ति, निस्पृहता वगेरे सद्‌गुणो तेमनामां एकी साथे खीली उठ्या. संवत् १९६०मां वळामां पन्न्यास पदथी अने सं. १९६४मां भावनगरमां अखिल हिन्दुस्तानने श्री संघ एकत्रित थयो हतो ते वखते कोन्फरन्स प्रसंगे तेओश्रीना ज्येष्ठ गुरुभाई पन्न्यासजी श्री गंभीर विजयजीए विधिपूर्वक आचार्यपदथी विभूषित कर्या, अत्यारे साधु संस्थामां व्याख्याननी नवी शैली जोवाय छे. तेनी शरूआत करनारा, तेमज दीक्षाना मार्गने राजमार्ग बनावनारा, तीर्थोना वहीवटने व्यवस्थित वहीवटनी तालीम आपनारा तेओश्री छे. जैन समाजना प्रत्येक धार्मिक कार्यमां मुनिओनुं प्राधान्य-ए एमनी सर्जना छे. तीर्थना उद्धारो विधिपूर्वक जिन बिम्बोनी प्राणप्रतिष्ठा, राजा-महाराजा अने विद्वानोनुं जैन धर्म तरफ आकर्षण वगेरे कार्यो तेओश्रीना जीवनना परम ध्येयरूप छे. नैष्टिक ब्रह्मचर्य, अपूर्व पांडित्य, प्रतिभा, स्पष्ट वक्तृत्व वगेरे तेओश्रीना अजोड गुणो छे,

अनेक विद्वान शिष्योने तेओश्रीए तैयार कर्या छे. आ ग्रन्थकर्ताना पण तेओश्री परमपूज्य गुरू वर्य छे. (जेने१) परमात्मामां परम भक्ति छे, जेवी देवमां छे तेवीज गुरू मां छे. तेज महात्माने आ कहेल (शास्त्रोना) विचारो खीली नीकळे छे. ए शिष्ट वचनना अनुसार तेओश्रीने नमस्कार करी आ ग्रन्थ आरंभवामां आवे छे.

**यस्य देवे परा भक्ति-र्यथा देवे तथा गुरौ ।**
**तस्यैते कथिता ह्यर्थाः, प्रकाशन्ते महात्मनः ॥१॥**

(७) समरी सरस्वती मात उदार-विद्यानी अधिष्ठायिका श्री सरस्वती देवी छे. कविजनोने ते मातानी जेम पोषण आपे छे, माटे तेनुं स्मरण करवुं ए ग्रन्थ रचनामां जरू री छे,श्री यशोविजयजी-उपाध्यायजी महाराजे पण प्रायः सर्व ग्रन्थनी ऐँथी शरूआत करतां सरस्वतीने स्मरेल छे. ऐँ ए सरस्वतीनो बीज मन्त्र छे. अहीं पण ए रीते श्री सरस्वती देवीने संभारी ग्रंथनी शरूआत करी छे.

(८) रचुं "वैराग्य शतक' आ सुखकर-राग ए आत्मानो महान शत्रु छे. आत्माना विकासने रूंधनार-अटकावनार आ शत्रुना नाश माटेनुं जे साधन तेज 'वैराग्य' छे. आ सो श्लोकोमां रागना जुदा जुदा स्वरूपो बतावी तेने दूर करवाना-हठाववाना उपायो सचोट रीते समजाव्या छे. आ 'वैराग्य शतक' जीवोने सुखकर एटले साचुं सुख मोक्ष

ते तरफ दोरनार छे, तेने आपनार छे.

(९) प्राचीन उक्तिने अनुसार-आवुं आ 'वैराग्य शतक' मनःकल्पनाथी नहि पण प्राचीन-पूर्वना महान् आचार्योना शास्त्रो-श्री आध्यात्मकल्पद्रुम-शांतसुधारस प्राकृत वैराग्यशतक आदिना आधारे अत्यारनी जनताने बोलवामां तेमज समजवामां रसप्रद थई पडे ते रीते भाषामां सुंदर शैलीथी बनाववामां आव्युं छे. १

## (२) धर्मक्रिया करवानी मोसम-

**बहुकाले बहुविधदुःख सहेतां धर्मक्रिया करवानो काल**
**नरभवरूपे प्राप्त थयो छे पुण्यप्रचयथी चेतन हाल.**
**अल्पकालस्थायी सुखदायी सुरसमकिती ज्हेनेच्छाय,**
**दश दृष्टान्ते दुर्लभ एने हारी जईने जन पस्ताय.**

विवेचन-मनुष्यभव ए धर्मक्रिया करवानी मोसम छे. एकेन्द्रिय, विकलेन्द्रिय, तिर्यचपंचेन्द्रिय वगेरे भवोमां घणो काळ भटकया पछीथी ते मळे छे, ते मेळवतां आत्माने घणां कष्टो सहन करी, अकाम निर्जरा करी, पापकर्मनो क्षय करवो पडे छे. शुभ अध्यंवसायथी पुण्यनो संचय करवो पडे छे. मानव जन्म मळ्या पछी पण ते घणाज ओछा समय सुधी रहे छे. हालना पंचम काळमां सो वर्षना (सामान्य रीते उत्कृष्ट) आयुष्यमां-बाल्यावस्था, वृद्धावस्था निद्राकाळ,

आहार आदिमां जतो समय वगेरे बाद करता धर्म साधन माटे अतिशय अल्प वखत बचे छे. तेटलो काळ पण जो बराबर हृदयपूर्वक धर्म आराधन कराय तो अपूर्व सुख मळे छे. जे धर्म मनुष्यो करी शके छे. ते देवो पण करी शकता नथी, माटे ज समकित द्रष्टि देवो मनुष्य भवनी चाहना राखे छे, धर्म साधना कर्या सिवाय मनुष्य भव हारी गयां पछी मळवो अत्यंत दुर्लभ-मुश्केल छे. ते दुर्लभता समजवा माटे शास्त्रमां दश-द्रष्टांत आवे छे. ते आ प्रमाणे - (२)

## (३) द्रष्टांत पहेलुं 'चूला'नुं

**भरतक्षेत्रमां घरघर भोजन ब्राह्मणने आपे चक्रीश,**
**चोसठ सहस अन्तेउरी जस नरपति सेवे सहस बत्रीश.**
**दैवयोगथी एक घरे ते बीजी वखते जमवा जाय,**
**पण सुकृतविणगतनरभव ते पाछो चेतन नहीं ज पमाय.**

विवेचन....एक चक्रवर्ती एक ब्राह्मण उपर प्रसन्न थयो, ने तेने वरदान मागवा कह्युं, पोतानी स्त्रीनी सलाह लईने ब्राह्मणे चक्रवर्तीना राज्यमां दरेक घरे भोजन अने दक्षिणा मळे एवी मागणी करी. चक्रवर्तीए ब्राह्मणनी तुच्छ मांगणीनी मश्करी करीने स्वीकारी. पहेले दिवसे चक्रवर्तीने त्यां भोजन थयुं, पछी क्रमसर तेनी चोसठ हजार अंतःपुरनी राणीओने त्यां, तेनी सेवामां रहेता बत्रीश हजार मुकुटबंधि राजाओने त्यां भोजन थयुं. त्यारबाद ए नगरमां-मंत्रीओ

दिवान शेठ-सामंत वगेरेने त्यां भोजन करतां करतां ज ते ब्राह्मणनुं आयुष्य पूरू थई. जाय, एटलुं मोटुं ते नगर हतुं. तो पछी बत्रीश हजार नगरो अने छन्नुं करोड गामोमां घरे घरे भोजनना वारा पूरा करता पुछवुं ज शुं. एक वखत आ बधा घर पूरा थया पछी फरीथी बीजो वारो शरू थाय त्यारे ज पहेले दिवसे चक्रवर्तीनुं घर आवे. एकवार चाखेल चक्रवर्तीनुं भोजन ब्राह्मणनी दाढमां एवुं तो रही गयेलुं के ते रोज विचार करे के क्यारे फरी बीजो वारो शरू थाय ने चक्रवर्तीनुं भोजन करू, ब्राह्मणने फरी चक्रवर्तीना घरनुं भोजन करवानो वारो आवशे ! ना ए बने ज नही कदाच मानी ल्यो के ए बने पण पुण्य-करणी कर्या सिवाय जो मानव जन्म हारी गया तो ते फरी नही ज मळे (३)

## (४) दृष्टांत बीजुं 'धान्य'नुं

**भरतक्षेत्रनां सर्व धान्यनी देवे कीधी ढगली एक,**
**तेमां पाली सरसव नांखी लाव्यो डोसी वृद्ध ज छेक.**
**ते वृद्धाथी कदाच सरसव सर्व धान्यथी भिन्न कराय.**
**पण सुकृतविणगतनरभव ते पाछो चेतन नहिं ज पमाय**

विवेचन-धान्योनी मुख्यतया २४ जातिओ छे. एक गामनो पण पाक सारो उतरे तो लाखो मण धान्य थाय छे. तो छखण्ड भरत के जेमां ३२ हजार देशो छे, अने ९६ करोड गाम छे, तेना सर्व धान्यो केटला थाय ! कोई

कौतुकीदेव आ सर्व धान्यनो एक मोटो ढगलो करे अने तेमां एक पाली (चारपसली) सरसव भेळवी दे. पछी एक अतिशय वृद्ध डोसी के जेना हाथ-पग कंपता होय, तेने बोलावीने सरसवना दाणा वीणी वीणीने सर्व धान्यथी जुदा करवा कहे. तो ते डोसी सरसवना दाणा जुदा नज पाडी शके ए स्वाभाविक छे. कदाच ए अशकय-असंभवित कार्य पण थाय, पण नरजन्म पुण्य कर्या सिवाय चाल्यो जाय तो पाछो नज मळे (४)

## (५) दृष्टांत त्रीजुं 'पासा'नुं

**दैवी द्यूत कलाथी जीती श्रीमंतोने वारंवार,**
**जे चाणक्ये चन्द्रगुप्तनृपनो भरपूर भर्यो भंडार,**
**मानी ले के ते मन्त्री ते वणिकजनोथी पण जिताय,**
**पणसुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय.**

विवेचन-नवनंद राजाओ थई गया पछी आर्यावर्तनो महान् राजा चन्द्रगुप्त थयो, तेने धननी घणीज जरूर हती, तेनो खजानो भरवा माटे चाणक्य मंत्रीए वेपारीओने फरजीयात जुगार रमता कर्या. चाणक्य पासे एवा दैवी पासा हता के ते जेम धारे तेम पडे ए कारणे वेपारीओ पासेथी तेणे घणुं धन जुगारमां जिती लीधुं. अने राजानो भंडार भरपूर भरी दीधो. आ चाणक्यनो रचेल ग्रन्थ "चाणक्य नीति" नामे ओळखाय छे. व्यवहारमां चतुर

माणसने चाणक्य बुद्धि कहीने बोलावाय छे. आवो चाणक्य जुगारमां हारी जाय ने ते वेपारीओ पोतानुं धन पाछुं मेळवे ए असंभवित छे. कदाच ए पण संभवे पण सुकृत कर्या सिवाय हारी गयेल मानव जन्म फरी मळवो मुश्केल छे. (५)

## (६) द्दष्टांत चोथुं 'राजसभा'नुं

**एकहजारने आठ स्तम्भनी शाला स्तम्भे स्तंभे हांस,**
**अष्टोत्तरशत हार्या विण ते सर्व जितवा नृपनी पास,**
**ए घटनाथी जिंती जनकने राजपुत्र पण राजा थाय**
**पणसुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय.**

विवेचन-एक राजा अतिशय वृद्ध थयो हतो. पण पुत्रने राज्य सोंपतो न हतो. युवानपुत्रने पिताने मारीने पण राज्य लेवानो कोड जाग्यो हतो. राजाने ते वातनी जाण थतां-क्रोध न करतां बुद्धिथी काळक्षेप करवा विचार योज्यो ने पुत्रने बोलावीने कह्युं के : - आपणा कुळनो एवो रीवाज छे के युवराजे राजानी साथे रमत रमवी ने तेमां ते जिते पछी तेने गादीनशीन करवामां आवे. त्यां एक हजार अने आठ थांभलानी एक विशाळ राजसभा हती. दरेक थांभलाने एकसोने आठ-आठ हांसो हती-खुणा हता. राजपुत्र एक वखत रमतमां जिते तो तेने एक हांस जिती कहेवाय. एकसोने आठ वखत जिते त्यारे एक

थांभलो जित्यो कहेवाय. एम जितता-जितता घणुं जित्या पछी पण वचमां एक वखत हारी जाय तो जितेलुं बधुं चाल्युं जाय ने रमतनी फरीथी शरूआत थाय आ रीते पोताने जीतीने राजपुत्र राजा थाय ए बने ! नज बने, मानो के बने, पण धर्मकरणी कर्या वगर गयेल मानव जन्म फरी नज मळे. (६)

## (७) द्रष्टांत पांचमुं 'रत्न'नुं.

**दूरदेशवासी वणिकोने श्रेष्ठिसुतोए आप्यां रत्न,**
**पितृवचनथी पश्चात्तापे तेज रत्न मेळववा यत्न**
**करतां कोई दिन सर्व रत्नथी जनक हृदय पण संतोषाय,**
**पण सुकृतविणगतनरभव ते पाछोचेतन नहीं ज पमाय.**

विवेचन-एक रत्नना शोखीन शेठ हता, पासे पैसो पण अखुट हतो. तेमणे घणुं खरूं धन जुदी जुदी जातिना रत्नो खरीदवामां खर्ची नाख्युं हतुं. तिजोरीनी तिजोरीओ रत्नोथी भरी दीधी हती. तेमना पुत्रोने आ पसंद न हतुं, एक वखत केटलाएक दिवसो माटे शेठ बहारगाम गयेला, पाछळथी छोकराओए देश-परदेशथी आवेला झवेरीओने सारी किंमते रत्नो वेची नाख्या. शेठ आव्या त्यारे तेमने आ वातनी खबर पडी, दुःख थयुं ने छोकराओने बोलावीने ठपको आपी कह्युं के : -'जाव, जेने जेने रत्नो वेच्या होय तेनी पासेथी ते पाछा लई आवो, पछी घरमां पेसवा दईश'

शुं ! छोकराओ वेचेला रत्नो पाछा मेळवी पिताने राजी करी शके ! ना न करी शके, कदाच ए करी पण शके पण मनुष्य जन्म पामी धर्माराधन न कर्युं तो फरी ए हाथमां नज आवी शके. (७)

## (८) द्रष्टान्त छठ्ठु 'स्वप्न'नुं

**पूर्ण शशीने स्वप्ने देखी राजपुत्र ने रंकविशेष,**
**विवेकविकल लहेरंकक्षीरने नृपसुत पाम्यो राज्यविशेष.**
**एज मठे सूतां स्वप्नामां तेने पूर्णेन्दु य जणाय,**
**पण सुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय**

विवेचन-मूळदेव नामनो एक राजकुमार पिताथी रीसाईने देश-विदेश फरतो हतो. एक वखत एक धर्मशाळामां रात्रे ते सूतो हतो. बाजुमां एक गरीब भिखारी सूतो हतो. बनवा जोग बन्नेने 'पूर्णिमानो चंद्रमा पोताना मुखमां पेठो' एवुं स्वप्न आव्युं. विवेकी राजपुत्रे श्रीफळ आदि सत्कार पूर्वक एक नैमित्तिकने स्वप्ननुं फळ पूछ्युं- 'सात दिवसमां राज्य मळशे' एवुं फळ सांभळी सहर्ष तेणे वधावी लीधुं ने तेनी कन्या साथे विवाह कर्यो. ते नगरनो राजा अपुत्रीयो मरण पाम्यो. मंत्री वगेरेए पंच दिव्य कर्यां. हाथणीनी सुंढमां कळश आप्यो, तेणे मूळदेव पर अभिषेक कर्यो ने ते राजा थयो. स्वप्नना फळथी राज्य मळ्युं छे, ए वात फेलाता फेलाता पेला रंक-भिखारीना काने आवी, ते

विचारवा लाग्यो के : - मने पण एवुं ज स्वप्न आवेलुं में मारी जेवा एक जणने कहेलुं ने ते दिवसे मने खीर खावा मळी हती, पण हवे एवुं स्वप्न आवे तो आनी माफक करी राजा बनुं. एवुं स्वप्न लाववा माटे हंमेश ए पहेलां सूतो हतो ते जग्याए सूवे छे ने स्वप्ननो विचार करे छे, शुं फरीथी तेने ते स्वप्न आवे ने ते राजा बने ! ना ए बनवुं अशकय छे. कदाच ए थाय, पण धर्म कर्या विना गुमावेल नरभव फरी नज मळे. (८)

## (९) द्रष्टान्त सातमुं 'राधावेध' नुं.

**राधानां मुख नीचे चक्रो सवळां अवळां फरतां चार,**
**तेल कटाहीमां प्रतिबिम्ब निरखतो उभो राजकुमार.**
**ते राधानुं वामनेत्र ते चपळवीरथी पण वींधाय,**
**पण सुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय**

विवेचन-पुरुषनी बहोंतेर कळामां "राधावेध"नी कळा सर्वोपरी छे. ते आ प्रमाणे छे एक ऊंचो थांभलो ऊभो करेल होय, तेनी टोचे एक (फरती) पुतळी होय तेनुं नाम 'राधा' तेनी नीचे आठ चक्रो होय तेमांना चार जमणी बाजु फरता होय ने चार डाबी बाजु फरता होय. नीचे तेलनी कडाइ होय तेमां आठे चक्रो अने पुतळीनुं प्रतिबिम्ब (छाया) पडतुं होय. वचमां त्राजवुं होय, तेना बे पल्लामां बे पग राखी प्रतिबिंबमां जोईने धनुष्य बाणथी उपर रहेल

राधानी डाबी आंख वींधवी जोईए जो विंधाय तो 'राधावेध' थयो कहेवाय, एक तो त्राजवाना पल्लामां धनुष्य लईने ऊभुं रहेवुं ज मुश्केल छे, बीजुं तेलमां जोतां चक्कर आवे ने पडी जवाय, बाण छोडया पछी पण चक्रना आरा साथे अथडाईने नीचे पडे, तेमांथी पसार थाय तो पण पुतळीना कोईपण अवयव साथे भटकाय पण डाबी आंख वींधवी तो अशक्य ज छे. कोई वीर-बहादुर, कळावान् पुरू ष एने पण शक्य बनावी साधे पण धर्माराधन कर्या वगर हारी गयेल मनुष्य जन्म फरी मळे नहीं. (९)

## (१०) द्रष्टान्त आठमुं पूर्णचंद्र दर्शननुं

**कच्छप देखी पूर्णचन्द्रने द्रहमां दूर थये सेवाल.**
**आनन्दे ए जोणुं जोवा लईने आव्यो निजपरिवार.**
**मळी गये सेवाळ सुधाकर कच्छपथी य कदी निरखाय.**
**पण सुकृत विणगतनरभव ते पाछो चेतन नहीं ज पमाय**

विवेचन- एक विशाल खूब ऊंडो अने मोटो द्रह हतो, तेनी उपर जाडी सेवाल-लील बाजी गई हती. उपरथी जोतां पाणी तो देखाय ज नहीं. लील-लील ज देखाय. एक वखत पूनमनी राते पवनना झपाटाथी थोडी लील खसी गइ ने संयोगवश त्यां आवी चडेल एक काचबाने आकाशमां ऊगेलो पूर्णचंद्रमा देखायो. जोईने तेने खुब आनंद थयो. पोताना बाळ-बच्चा वगेरे परिवारने चंद्रमा

बतावववानो तैंने विचार थयो, ने बधाने बोलाववा गयो. एटलामां सेवाळ भेगी थई गई ने छीद्र पूराई गयुं. शुं फरी पूनमनीज राते सेवाळ दुर थाय ने काचबो त्यां होय ने चंद्रमाने जोवे ? ना ए बनवुं अश्क्य छे; छता पण समजो के ए बनी जाय, परंतु पुण्योपार्जन कर्या वगर हारी गयेल मानव जन्म फरी मळवो अशक्य छे. (१०)

## (११) द्रष्टान्त नवमुं 'युग अने समोल'नुं

**पूर्वपयोधिमांहे समोलने धोंसरी पश्चिम जलधिमांय,**
**दुर्धरकल्लोले खेंचाता कोइकसमये भेगा थाय.**
**वळी समोल स्वयं ए युगनां विवरविषे पण पेसी जाय,**
**पण सुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय**

विवेचन-गाडामां बळदने खांधे जे धोंसरी मुकवामां आवे छे, तेने संस्कृतमां 'युग' कहे छे. तेमां एक छिद्र होय छे, बळद आघो-पाछो खसी न जाय माटे ते काणांमां एक लाकडानो टुकडो नाखवामां आवे छे तेने 'समोल' कहे छे. कोइ कुतूहली देव एक धोंसरी अने समोलने छुटा छुटा करी, लवण समुद्र के स्वयंभूरमण समुद्रना पूर्व अने पश्चिम भागमां नाखे, ते बंने समुद्रना मोजाथी उछळता खेचाता खेंचाता भेगा थाय अने आपो आप समोल (लाकडानो कटको) धोंसरीना छिद्रमां पेसी जाय, ए बनवुं बहुज मुश्केल छे कदाचित् ए बने, पण

एमने एम खावापीवामां-मोजमजामां गूमावी दीधेल नरजन्म फरीथी मळे नहि. (११)

## (१२) द्रष्टान्त दशमुं 'मणिस्तंभ'नुं

**कोई कुतूहली देवमणिमयस्तम्भनुं चूर्ण करीने जाय,**
**मेरूशिरे चूर्ण नळीमां नांखी सर्व दिशा विखराय.**
**ए अणुओने वीणी वीणी देवे पाछो स्तम्भकराय,**
**पण सुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय**

विवेचन-एक गम्मती देवने गम्मत करवानुं मन थयुं, तेणे मोटो तद्दन मणिओनो ज बनावेल थांभलो लईने तेने खांडीने झीणुं चूर्ण कर्युं, पछी ते बधुं चूर्ण एक भुंगळीमां भरीने मेरू पर्वतना शिखर उपर गयो, पछी फुंक मारीने ते चूर्णने दशे दिशामां उडाडी मुकयुं. पछी तेणे विचार कर्यो के आ चूर्णना कणीए कणीआ, अणुए अणु एकठा-भेगा करीने पाछो हतो एवो थांभलो बनावुं. शुं देवता एना एज परमाणु भेगा करी थांभलो बनावी शके ! ना ए असंभवित छे. कदाच देव ए करी शके. तो पण मानव जन्म हारी गयां पछी अनंत पुण्य उपार्जन कर्या सिवाय मळी शके नहीं. (१२)

## (१३) न बनवानुं बने पण पुण्य वगर नरजन्म न मळे.

ऊगे सूरज पश्चिममां ने पूर्वदिशामां अस्तज थाय,
सागर मर्यादा मुके ने सिंह कदाचित खडने खाय.

चन्द्र थकी अंगार झरे ने वासीदे सांबेलुं जाय,
पण सुकृत विण गतनरभव ते पाछो चेतन नहीं ज पमाय

विवेचन-सूर्य पूर्व दिशामां ऊगे छे ने पश्चिममां अस्त थाय छे. तेने बदले - पश्चिममां ऊगे ने पूर्वमां आथमे. बधा मर्यादा छोडे छे. पण समुद्र पोतानी मर्यादा मुक्तो नथी. ए पण मर्यादा छोडीने भरत वगेरे क्षेत्रोने पलाळी नाखे. मरी जाय पण सिंह खड न खाय, ए घास पण खावा मांडे. अमृत-झरतो चंद्रमा आगना भडका ने अंगारा वरसावा लागे. कचरो काढता वासीदामां खांडवानुं मोटुं सांबेलुं पण हाल्युं जाय. पण अनंत पुण्ये मळेल मानव जन्म धर्म कर्या सिवाय-सुकृत मेळव्या वगर-सदाचार पाळया विना, परोपकार केळव्या वगर गुमावाय तो फरी ए मळे नहि. अपार भवचक्रमां एनो पत्तो पामवो मुश्केल थई पडे, माटे पुण्य करणी करवामां निशदिन प्रयत्नशील रहेवुं. (१३)

## इति मानवजन्मदुर्लभतावर्णनोऽधिकारः

---

## अथ नरकदुःखवर्णनोऽधिकारः

### (१४) चेतनने चेतवणी

**शाने मान धरे छे चेतन केम हसे छे थई मस्तान,**
**कनककामिनी झंखे शाने व्यसन विषे थईने गुलतान,**

**मृत्युराक्षस जो आ आवे नरककूपमां नांखण काज,**
**चेत चेत चेतन ? आ समये नहींतर तारी जाशे लाज.**

विवेचन-हे आत्मन् ! तारी पाछळ मृत्यु राक्षस पडयो छे, तुं सावचेत थई जा. तने पकडीने ए नरककूवामां नाखवा इच्छे छे, तुं गफलतमां रहीश ते नाखी देशे; आ तारे लहेर करवानो वखत नथी. तारे माथे मोत भमे छे ने तने अभिमान शानुं थाय छे ! तुं मदमस्त बनी हसे छे केम ! स्त्री साथे विलास करवानी अने सुवर्ण एकठुं करवानी झंखना-इच्छा तुं शा माटे धरे छे ! एमां मूर्च्छित न था, शुं व्यसनोमां-कुटेवोमां, खावा-पीवामां, आसक्त थवुं, गुल्तान बनवुं तारे उचित छे ! चेतन ! चेत-जाग, ऊभो था, मरणथी बचवा धर्मनुं शरण ले, नहितर मृत्युराक्षस तारू खावुं-पीवुं धूळ करी नाखशे. तारी इज्जत-आबरू नहि रहेवा दे. माटे सचेत रहे. (१४)

(१५) धर्मनी सहाय वगरना प्राणीने मृत्यु-राक्षस नरकमां लई जाय छे. त्यांनी परिस्थिति केवी छे ए वर्णवतां प्रथम त्यां रहेवानी पृथ्वीनुं स्वरूप अने आयुष्य बतावे छे.

ज्यांनी दुर्गन्धांशथकी पण नगरलोकनुं मृत्यु थाय,
सागरोपमनां आयुष्य मोटां छेद्यां पण ते नव छेदाय,
करवतथी पण कठिन स्पर्श जाण भालानो मार मराय,
ऐ दुःख नरकतणां हे चेतन ? कहेने तुजथी केम खमाय.

विवेचन-नरक एटले तीव्र दुर्गन्ध दुर्वासनुं संग्रह स्थान, एनुं नाम ज नरक, ए दुर्गन्ध एवी के तेनो एक कणीयो पण जो अमदावाद जेवा मोटा शहेरनी वचमां लावीने मूकवामां आवे, तो त्यां रहेतां बधा माणसो मूर्च्छित थईने मरी जाय. आवी दुर्गन्धमां बे पांच क्षण (मीनीट) के कलाक बे कलाक नहि रहेवानुं, पण ओछामां ओछुं दश हजार वर्ष, ने वधारेमां वधारे तेत्रीश सागरोपम मरवानुं मन थाय पण न मराय, छुटवानी इच्छा थाय पण न छुटाय, ए आयुष्य पूरूं करे ज छूटको. ए अनपवर्तनीय एटले घटी-वधी न शके एवुं जीवन. जे भूमि उपर बेसवानुं के ऊभुं रहेवानुं ए भूमि जाणे करकरीयावाळी करवतो गोठवी न होय एवी कठिन ने तीक्ष्ण, चालता तो पगमां भाला भोंकातां होय एम लागे. हे चेतन ! आवा दुखः ताराथी केम खमाशे ! केम सहन थशे ! त्यां न जवुं होय तो जीवन सार्थक कर-सुकृत कर. (१य)

## ( १६ ) नारकीनी ठंडीनुं वर्णन

**कोई समर्थ लुहारपुत्रथी पक्षदिवस तक खूब तपाय,**
**लोढानो गोळो ते लइने शीतनरकमां जो मुकाय.**
**निमेष मात्रमां ते गोळो ते शैत्य थकी क्षय पामी जाय,**
**ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.**

विवेचन-केटलीक नारकीओमां एटली शीत-ठंडी

होय छे के ए तो एज सहन करी शके. युवान, सशक्त, निरोगी एवो लुहारनो पुत्र एक मोटा लोढाना गोळाने अग्निमां पन्दर दिवस सुधी सतत तपावे, ने पछी ए गोळो शीत नरकमां लइने मुकवामां आवे, तो ए ठंडो पडी जाय एटलुं ज नहिं पण निमेष मात्रमां-आंख मींचीने उघाडीए एटलामां ए गोळो ठंडीथी भांगीने भुक्को थई जाय, तेना अणुए अणु छुटा पडी जाय. आवी ठंडीनी वात सांभळता पण तने टाढ चडती होय-तने डर लागतो होय, तो हे जीव ! पापथी पाछो फर, दुष्कृत करतो अटक, सदाचारी बन. (१६)

## (१७) नारकीनी गरमीनुं वर्णन.

ग्रीष्मतापथी आकुळ व्याकुळ हस्ती पुष्करिणीमां न्हाय,
जे शान्तिनो अनुभव एने शीतळ जळमां न्हातां थाय.
मनुष्यलोकनां उष्णक्षेत्रमां पण नारकीओ युं हरखाय,
ए दुःख नरकतणां हे चेतन ? कहेने तुजथी केम खमाय.

विवेचन-पुष्करिणी वावमां एकदम शीतल जल होय छे. उनाळानी गरमीथी आकुल व्याकुल, खिन्न, बेचेन बनेल हाथीने ए वावमां स्नान करवा-क्रीडा करवा छुटो मुक्यो होय, तो ते एकदम आनंदमां आवी जाय, तेना कलेजामां एकदम ठंडक वळे एवी ज ठंडकनो-शान्तिनो अनुभव जो गरम नारकीमां गरमी अनुभवता नारकीने अहिंना उष्णमां उष्ण-

गरममां गरम के ज्यां १२०थी १२५ डिग्री ताप पडतो होय, एवां क्षेत्रमां लावीने मुकवामां आवे तो थाय. एने एम लागे के मने पुष्करिणी वाव मळी. हे चेतन ! एवी गरम नारकीमां न जवुं होय तो आत्महित करवामां तत्पर बन. (१७)

## (१८) नरकना विविध दुःखोनुं वर्णन.

स्वीयमांसनुं भोजनने उकळता ताम्ररसोनुं पान,
तीव्रशस्त्रथी छेदन भेदन ने वैतरणीमांहे स्नान.
देहतणां ज्यां खंड करीने तप्त तेलमां खुब तळाय,
ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.

विवेचन-जेओए आ जन्ममां दया नथी पाळी, महाहिंसा आचरी छे. मुंगा प्राणीओने हणीने तेनुं मांस खाईने पोतानो देह पोष्यो छे. मदिरापान करीने-दारू पीने, उन्मत्त आचरण कर्युं छे. एवा आत्माओने नरकमां परमाधामी-देवो तेनाज शरीर कापीने, कडकडती कडाईमां तळीने खवरावे छे. भूख लागे त्यारे पोताना ज अंगोपांगने आरोगवा पडे छे. तरस छीपाववा माटे धग धगता तांबानो रस पीवा मळे छे. लोही-परू-रसी-मांस हाडकाथी भरेली वैतरणी नदीमां पराणे नवरावे ने तेमांथी नीकळवा न दे, नीकळवा जाय तो उपरथी मार मारे. हे चेतन ! ए दुःखथी डरतो हो तो प्रथम पापाचरणथी डरजे, पाप करतां विचार करजे, नहिं तो ए दुःखो भोगव्ये ज छुटको छे.

## (१९) हिंसक अने व्यभिचारी जीवोने नरकमां पडता दुःखो-

**करवतथी कापे देवो ने, वज्रप्रहारे चूर्ण कराय,**
**शाल्मली वृक्ष उपर आरोपे, ने कुम्भीपाके पकवाय**
**तप्त लोहनी पुतळी केरूं, आलिंगन ते केम कराय,**
**ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.**

विवेचन-जंगलना घास ने झरणाना जल पीता, हरण, ससला वगेरे निरपराधी जीवोने जेओ मृगया ने ब्हाने, शिकारने कारणे हणे छे. जीभनी लालचे के धर्मने नामे जेओ घेटा-बकरा, पाडा, वगेरेनो वध करे छे, ते जीवोने नरकमां परमाधामी देवो करवतथी कापे छे, वज्रथी मारे छे. तेना शरीरने दळी दळीने लोट करे छे. सोयनी अणी जेवा तीणा पांदडा-कांटाथी भरेल ने तलवारनी धार जेवी तीक्ष्ण डाळीवाळा शाल्मली नामना झाड उपर चडावे छे. कुंभी-गागरमां पूरी गुंगळावी अग्निथी पकावे छे- सीजावे छे. अग्निमां खूब तपावीने लालचोळ करेल लोढानी पुतळी साथे आलिंगन करावे छे, भेटाडे छे, बाथ भीडावे छे ने उपरथी घण मारीने कहे छे, केम ! परस्त्री भोगववामां बहु रस पड्यो हतो, ले लेतो जा मजा ! रे जीव ! आ सांभळ्ता पण जो तने भय थतो होय तो शिकार-जीववध-परस्त्रीगमनथी दूर रहेजे, तेनी सामुं पण न जोतो, (१९)

## ( २० ) जेणे बीजाना दुःखनी दरकार नथी करी एवा जीवोना नरकना दुःखो -

उछाळे आकाशे नीचे नाखी छेदे नाकने कान,
शेके उनी रेतीमां ज्हेने नहीं परना दुःखनुं ज्ञान.
आंतरडां खेंचीने रौरव दुःख दीये ते नैव कहाय.
ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.

विवेचन-अहीं बीजाने दुःख दईने सुखी थता-आनंद पामता जीवोने परमाधामीओ पण एवाज दुःख दे छे. ते देवोने बीजाने केवुं दुःख थाय छे, तेनुं ज्ञान-समज नथी. तेओ नारकीना जीवने आकाशमां ऊछाळे, नीचे पडताने भालापर झीले ने भालाथी तेना नाक-कान वगेरे अवयवो छेदे. अतिशय गरम रेतीमां धाणीनी माफक शेके-भुंजे. पेटमां वांकां शस्त्रो भरावीने आंतरडां बहार खेंची काढे. एवा एवा भयंकर दुःखो दे के जेनो कहेता पार न आवे. कहेता काळजु कम्पे, कह्या न जाय, एवा दुःखथी बचवा, हे चेतन ! बीजाना सुखे-सुखी ने दुःखे-दुःखी थतां शीख, मैत्रीभाव केळव, धर्माभिमुख बन. (२०)

## ( २१ ) नारकीना जीवोनी भुख-तरसनुं वर्णन.

सर्वक्षेत्रना सर्वधान्यथी नरकजीव नव एक धराय,
सर्व समुद्रनुं जळ पीवे पण तृषा तेहनी शान्त न थाय.

इर्ष्याथी बळता ए जीवो एकबीजाने खावा धाय,
ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.

विवेचन-चोवीशे कलाक रात ने दी. खा खा करे तो पण नारकीना जीवनी क्षुधा-भुख भांगे नहिं. भरत वगेरे बधा क्षेत्रमां निपजता बधा धान्य-अनाज एने खवरावीये, तोय ए तो भुख्यो ने भुख्यो. एनी तरस पण एवी. नदी-तळाव-सरोवर वगेरेनुं पाणी तो शुं पण बधा समुद्रनुं पाणी तेने पीवरावीये तोय ए तरस्यो. त्यां नारकीमां आवी भुख ने तरस शान्त करवा माटे घणां फांफा मारे, एक बीजा परस्पर एक बीजाना शरीरने खाय-बचका भरे, एक बीजानुं लोही पीवे, लडे ने नितान्त वेदना-दुःख सहन करे. हे चेतन ! तुं बीजाने खवरावीने खा. थोडामांथी थोडुं पण भुख्याने अन्न दे, तरस्याने पाणी पा, तो आवी भुख तरस तारे सहन करवानो प्रसंग नहिं आवे, नहिं तो तारी पण एज दशा छे. माटे पहेलेथी चेतीने चालजे. (२१)

## (२२) आ नारकीनुं वर्णन 'सर्वज्ञ भाषित' छे माटे मानवुं जोइए.

**केवल ज्ञानी जिनवरदेवे सर्व लोकना भाव कहाय,**
**सर्व सत्य सद्दहतो पण तुं शाने संसारे मुंझाय.**
**दीवो हाथ छतां पण अमृत ? शाने उंडे कूप पडाय,**
**ए दुःख नरकतणां हे चेतन ! कहेने तुजथी केम खमाय.**

विवेचन-हे भव्य ! तने भगवानना वचन पर विश्वास छे ने ! तने खात्री छे ने के सर्वज्ञ असत्य न कहे, तने श्रद्धा छेने के रागद्वेष विनाना परमात्माने बनावटी वात करवाने कंइ कारण नथी, ए प्रभुए आ नरकना दुःखो बताव्या छे-उपदेश्या छे. एज वीतरागना आगममां आ सर्व स्पष्ट वर्णन छे. ए सर्वने श्रद्धापूर्वक साचुं समजतां छतां संसारमां केम मुंझाय छे. ! मोह केम करे छे हे चेतन! हे अमृत ! हे आत्मन् ! हाथमां दीवो छे छतां ऊंडा कुवामां केम उतरे छे. छती आंखे आंधळानी माफक शा माटे आथडे छे. घणो वखत ऊंधो फर्यो हवे तने मार्गदर्शक मळ्या. सवळा फेरा फर. मार्गे चडी जा, दुःखथी डरतो हो तो ए रस्तो छोडी दे. तने प्रभु मळ्या, धर्म मळ्यो. गुरू मळ्या तेनी तन-मन-धनथी सेवा कर. एज सत्य समज, बाकी बधुं झांझवाना जळ-चार दिवसनी चांदनी, एमां मुंझायो तो तारो पारज नहिं आवे, नरकमां चाल्यो जइश, चीसो पाडीश, तो'य त्यां तारो बाप कोई छोडावा नहिं आवे. माटे हजु चेती जा, हजु कंई बगडयुं नथी. ऊठ ऊभो था-गुरू ना चरणमां शिर जुकावी दे. संयमनी छायामां बेसी जा. धर्म करवामां बल-वीर्य-उद्यम फोरव, एज तारा जीवननुं सर्वस्व छे.

**इति नरकदुःखवर्णनम् ।**

## ॥ अथ स्त्रीमोहत्यागाधिकारः ॥

(२३) स्त्रीना मोहमां फसायेल आत्माओ नरक वगेरेना दुःखो सहन करे छे, माटे स्त्री पर राग-मोह ओछो करवा-न करवा स्त्रीनुं वैराग्य जनक विविध वर्णन. तेमां प्रथम आत्मा भवसमुद्रमांथी बहार न नीकळी जाय माटे स्त्रीरूपी शिला गळे बांधेल छे, ए वर्णन-

**सर्व चेतनो भवसागरमां जेने लईने डुबी जाय,**
**कर्म नृपतिए एम विचारी सुंदर शिल्ला एक घडाय.**
**स्त्री कामिनी सुंदरी महिला एवां एनां नाम पडाय,**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने व्हाय.**

विवेचन - घणा आत्माओने संसार-सागरनो पार पामता जोईने, कर्मराजाने विचार थयो के-आ रीते जीवो जो पार पहोंची जशे तो मारी वस्ती तद्दन घटी जशे. चिन्ता-मग्न जोईने मोह नामना मंत्रीए राजाने पूछ्युं के-शुं चिन्ता करो छो ! राजाए उपर प्रमाणे जणाव्युं, मंत्रीए कह्युं -एमां चिन्ता जेवुं शुं छे ? आपणे एक शिल्ला बनावीए ने दरेकने गळे बांधीए एवी सुंदर शिल्ला बनावीए, के बधा होंशे होंशे - पराणे बंधावे बस गळे शिल्ला वळगी एटले आपणे निश्चित-ए डुब्या ज रहेवाना पछी तरी शकवाना नहिं.. एम विचार करीने एक मनोहर शिल्ला घडी-ए शिल्ला, एज स्त्री, एने कामिनी-ललना-सुंदरी-महिला-नारी-वनिता-कान्ता-सीमन्तिनी-प्रमदा वगेरे गमे

ते नामे बोलावो पण बधुं एनुं ए, एने भारे बधा दबायेला छे, एनो मोह न होय, तो क्यारनो पार आवी जाय हे चेतन! एवी स्त्रीना मोहमां शा माटे फसाय छे! (२३)

## (२४) स्त्रीना वचन-वदन अने नयनमां मोहाता जीवोने उपदेश-

स्नेहमनोहर वचन वधूनां हरिणगीतनी जेवां जाण.
शशीसममुख तेसुखकरनहिं पण पतंगदीपनी जेवुं मान.
नेत्र बाण ए बाणज कोमळ हैयुं जेनाथीय वींधाय,
सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.

विवेचन-हे आत्मन् ! स्त्रीनां स्नेहाळां-मनने मोह पमाडतां वचन सांभळीने मुंझातो नहिं. फसायो तो-मरायो समजजे, शिकारी हरणने पकडवा गीत गाय छे, मदारी सापने सपडाववा मोरली वगाडे छे एवुं आ जाणजे, आ स्त्री ए मोह राजानी मोरली छे. एना मुखमांथी नीकळता वचनो शिंकारीनी मोरलीनी माफक भयंकर छे, एमां आसक्त थयो तो मोह-मदारी पकडीने तने नचावशे-भमावशे, तारा दुःखनो पछी पार नहि रहे. आ स्त्रीना मुखमां मोह न करतो. शशिवदना-चंद्रमुखी वगेरे शब्दो सांभळी, स्त्रीना मुखने चंद्र न समजी बेसतो. पतंगीयुं दीवामां मोही झंपलावे छे ने प्राण खोवे छे. एम हे पतंगीया ! तारे माटे ए मुख, दीवानी शिखा छे, तुं एमां मोह्यो तो मर्यो समज्जे.

एनी कामणगारी आंख-ए मोहे धनुषनी पणछपर चढावेलुं बाण छे, ते तारा हैयामां भोंकाशे तो तुं ढळी पडीश. ए पण साधारण नथी, पण झेर पायेलुं छे, तेनुं तने झेर चडशे. ए उतार्युं नहिं उतरे. तने रीबावी रीबावीने मारशे स्त्रीनी आंख माटे एक कविए कह्युं छे के-

**अमी हलाहल मद भरे, श्वेत-श्याम कचनार,**
**जीवत-मरत झुकी झुकी परत, जही चितवत इकवार.**

अर्थ-स्त्रीनी आंखमां त्रण रंग छे, तेमां सफेद रंग ए अमी-अमृत छे. बीजो श्याम-काळो छे ते हलाहल-झेर छे, ने त्रीजो कचनार-पीळचटो छे ते मद-मदिरा-दारू छे. स्त्री एक वखत ज विचार करे के मारे सामाने जीवाडवो छे. मारवो छे ने उन्मत्त-गांडो-उल्लू बनाववो छे तो तेने वार न लागे, आंख मारे एटली ज वार.

माटे हे भोळा ! हे जीव ! स्त्रीथी दूर रहे एना फंदामां न फसाय. (२४)

## (२५) स्त्रीना हावभाव अने वेष भूषामां मोह पामतां जीवोने उपदेश.

**हावभाव हस्तादिकनो ते कामपिशाचतणो आवेश,**
**आभरणो छे भारभूत ने इन्द्रजाळ समो छे वेश.**
**चाल विगेरे जोतां जीवो कैक दुःखने दरीये जाय,**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

विवेचन-हे आत्मन् ! स्त्रीना हाथना चाळा-लटका मटका-अंगमरोड-हावभाव जोईने एमां मोहातो नहिं, तात्विक द्रष्टिए विचार करजे. तो तने लागशे के आ तो काम पिशाचना चाळा छे. भूतावेश थाय ने जेम तेम धुणे डोले-बोले एवुं आ छे. आ घरेणां-भारभूत छे, हाथमां कंगण अने पगमां झांझर, एने बेडीरूप छे. गळामां हार ए हार नथी, पण मारनो-कामदेवनो फांसो छे. नाकमां नथनी ए नाथ छे, तने पशु समजी नाथ्यो छे. आ वेश जोई विचारजे, के ए जाळ छे, इन्द्र जाळ-माया एमां मुंझातो नहिं. भले ए गति-चाल हंसना जेवी होय के गज-हाथीना जेवी, भले ए चालमां रूमझुम-रूमझुम, ठमक-ठमक मीठो अवाज होय, पण तारे माटे भयरूप छे. एमां आसक्त थयेल कैंक प्राणिओ दुःखना दरीयामां डूबी मर्या, माटे सर्व संकटना कारणभूत स्त्रीथी हे चेतन ! चेतीने चालजे (२५)

## (२६-२७) अशुचि-दुर्गन्धि-मळमूत्रथी भरेल नारीना देहमां राग न करवा उपदेश-

**दूर रहेली अल्पमात्र पण दुर्गन्धि देखी दुहवाय,**
**मुख मरडे ने नासिकाने ढांकी झटपट दूरे जाय,**
**ते दुर्गन्धिथी ज भरेलो शुं नव नारी देह जणाय**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**
**अस्थि मज्जा आंतरडा ने रुधिर मांस तणो भंडार**

**चर्मस्नायुमलमूत्रतणी कोठीमां शों लागे छे सार.**
**अशुचि ने अस्थिर पदार्थोना फांसामां कोण फसाय,**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

विवेचन-चेतन ! जरी विचार कर, आंखो उघाडीने जो, जरा दुर्गन्धि होय, खराब वास आवती होय-बदबो मारती होय, संडास के खाळना बारणा खुल्ला होय, त्यांथी पसार थतां माथुं फरी जाय-मोढुं मरडाय, नाक दाबीने थोडीवार श्वास लेवानुं पण बंध राखीने एटलो रस्तो एकदम पसार करी, दूर जाय छे, पण जो-विचारी जो जे स्त्रीमां तने राग थाय छे, ते देह-शरीर शुं छे. दुर्गन्धनुं संग्रहस्थान-बारस्थानेथी निरन्तर अशुचि वह्याज करती खाळ उपरना रूपमां मुंझा मा. अंदर जो तो कांई नहि देखाय. मल्लिनाथस्वामिने परणवा छ मित्रो आवेल. पोताना जेवी ज पोली-पुतळीमां हंमेश आहार नाखवामां आवतो, ए एकदम गंधाई उठेल, छए जण आव्या त्यारे ते पुतळीनी उपरनुं ढांकण खोली नाखवामां आव्युं, माथुं फाटी जाय एवी दुर्गन्ध वछुटी. बधाए ढांकण एकदम बंध करवा कह्युं, मल्लिकुंवरीए समजाव्युं केः-आमां-ने मारा देहमां शुं फेर छे? ए पण आहारनो विकार छे, आ देह पण आहारनो विकार छे, छए प्रतिबोध पाम्या-समज्या वैराग्य वासित थया. हे चेतन ! तुं पण एज विचार कर, स्त्रीनुं शरीर-मांस-मेद-मज्जा-लोही ने हाडकाथी भरेल, चामडाथी

वींटेल. एमां मोह पामवा जेवुं शुं छे ! ए मळमूत्रनी कोठीमां सार शो छे ! ए मायामां कोण मुंझाय ए फंदामां कोण फसाय. ए मोहमां अनंत भव अथडामण करी, पार न आव्यो, माटे हवे एनो त्याग करी वैरागी बन-निर्विषयी बन, मन वश कर-स्त्री तरफ दृष्टि पण न कर. तो जलदी छुटीश. (२६-२७)

## (२८-२९) नारीनी विविध भयंकर वस्तुओ साथे सरखामणी-

**विषवल्ली पण भोंय न उगे सिंहण पण गुफा नहीं ठाम**
**मोटो व्याधि पण वैद्योनां शास्त्रविषे नही एनुं नाम.**
**मेह विनानी एह विजळी कहो कोणथी जाणी जाय**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**
**दरमांनव रहेती पण नागणलोहमयी नहीं पण तलवार,**
**देखा दे दिनरात छतां पण राक्षसीनो ए तो अवतार.**
**नहीं प्रवाही पण ए मदिरा जोवाथीय जनो मुंझाय,**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

विवेचन-कोई कहेशो के ए कई वस्तु छे. ए झेरीली, जोवा मात्रथी झेर चडे एवी विषनी वेलडी छे. पण जमीन उपर उगती नथी. ए हाथमां चडे ए बधाने फाडी खानारी सिंहण छे, पण पर्वतनी गुफामां के जंगलमां रहेती नथी. ए चमक चमक करती विजळी छे, पण मेघ-वादळ

वगर थाय छे. कहो ए शुं छे! ए डंखीली नागण छे, पण दरमां नथी रहेती. ए ताती तलवार छे, एणे घणाना माथा वाढया छे, पण लोढाथी नथी बनी. ए भयंकर राक्षसी छे, पण दिवस अने रात चोवीसे कलाक देखाय छे, रातेज देखाय एवी आ नथी. ए मदिरा-दारु छे, बीजी मदिरा पीवाथी मुंझवे, तो आ जोवाथीए नसो-घेण चडावे छे, पण प्रवाही नथी. कहो ! ए कइ चीज छे, ओळखी-जाणी-समज्या ! ए, ए छे. 'स्त्री' सर्व संकटनुं साधन-सर्व दुःखनुं मूळ एनो मोह छोडयो तो बच्या. बाकी एना सपाटामां आवी गया तो मर्या समजजो एक कविए कह्युं छे के-

कनक कनक ते सोगुणी-मादकता अधिकाय,
एक खाते बोहरात है, एक पाते बोहराय

त्यारे बीजाए वधार्युं-

**कनक कनक ते सोगुणी-कनक वरणी अधिकाय,**
**एक खाते एक पावते, एक देखे बोहराय**

भावार्थ-कनक-धतुरा करतां कनक-सोनामां मादकता सोगणी वधारे छे. कारणके एक खावाथी मद चडे छे, ज्यारे बीजुं मळवा मात्रथी मद चडे छे.

धतुरो अने सोना करतां पण कनकवरणी-स्त्रीमां सहुथी सोगणी मादकता छे, कारण के:-एक खावाथी बीजुं पामवाथी मद चडे छे. ज्यारे आने जोवा मात्रथी मद चडे छे.

एवी स्त्रीथी हे चेतन ! चेतीने चालजे, एमां मोह नहिं पामतो. (२८-२९)

## ( ३० ) अति चंचळ चित्तवाळी स्त्री छे माटे तेमां राग न करवा उपदेश-

**क्षणमां रागी क्षणमां द्वेषी क्षण क्षण जेनुं मन पलटाय,**
**स्वीयपतिने छंडी सत्वर अन्य कने खंते जे जाय.**
**कामण टुंबण ने दुष्कर्मो कार्यो जेनां नित्य गणाय,**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

विवेचन-स्त्रीनुं मन-विजळी करतांय चंचळ, वायु करतांय चपल, एनो राग क्षणिक-पळ पहेलां प्रेम बतावती होय ए पळ पछी द्वेष करे क्रोध बतावे. एक क्षणे हसती होय, ए बीजी क्षणे रोती देखाय. एने बधाय चेन-चाळा करतां आवडे. कृत्रिम ढोंग करतांय आवडे. जुठुं जुठुं रोवे ने रोवरावे. हसे ने हसावे. एना दंभनो छेडोज न जणाय. कामदेव जेवा पोताना पतिने छोडी कुबडानी सोडमां भराय. शुं पिंगला, राजा भर्तृहरीने त्यजी एक तुच्छ महावतना मोहमां नहोती पडी ! एटलुं ज नहिं पण पोतानो पति पंपाळे ए न गमे, ने प्रीतम (मानेलो-प्रेमी) खासडा मारे ए खंते खाय. पोतानो स्वामी फुलनो दडो मारे तो मूर्च्छित थई जाय ने पारकाने हाथे हाथीनी सांकळना मार खाय, एवी ए दुष्ट जात पोताना पतिने मारवा, शो'कने सताववा, तेने सन्तान न थाय

माटे कामण-टुंबण करे, दोरा-धागा करे, अडदना लाडु मंत्रीने मुकावे-खवडावे. अडदना पुतळा दाटी राखे कैंक करे, न करवानुं करे. ए दुष्कृत्यथी नज डरे, हे चेतन ! एवी स्त्रीमां मोहे छे, बधी विपत्तिनुं ए कारण छे. एनी चाहना छोडी दे, तारूं न गुमाव, चेती जा, समजी जा. (३०)

## ( ३१ ) ए अबळा नथी प्रबळा छे. एमां न फसावा उपदेश-

**बीकण थईने मोटां मोटां साहस कार्यो करवा जाय,**
**पतिपुत्र के भाईब्हेन पण क्षणमां जेनाथीय हणाय.**
**दिवसे कागथकी बीवे ने निशिए नदीए तरवा जाय.**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय-**

विवेचन-स्त्री बहारथी बीकण देखाय, सुकोमल लागे, अतिशय मृदु-पोची जणाय. पण बधुं बहारथी, ए विफरे त्यारे भल-भलाने डरावे, ए एवा एवा साहस खेडे के जाणीने आश्चर्य थाय. ए अतिशय भयंकर स्थाने भटके, एने कोईनो भय न लागे. पोतानी आडे आवता पति के पुत्र, मा के बाप, भाई के ब्हेन, कोईने न जोवे गमे ते होय नहिं, एनी गरदन पर छुरी फेरवतां-चलावतां एनुं काळजु न कम्पे.

निरङ्कुशा नरे नारी. तत्करोत्यसमञ्जसम् ।
यत्कुद्धां सिंहशार्दूला व्याला अपि न कुर्वते ॥१॥

(अंकुश वगरनी स्त्री पुरुषप्रत्ये एवुं अछाजतुं वर्तन करे छे के जे क्रोधे भरायेला, सिंह वाघ के झेरी साप पण करता नथी) ढोंग तो एवा करे के भलभला छेतराई जाय, गमे तेवा चालाकने ए आबाद बनावे.

भरूचमां 'गंग' नामना एक पंडित रहेता हता. श्रीमंत विद्यार्थीओए दक्षिणामां खूब धन आपेल, तेथी घडपणमां परण्या. युवान स्त्री-नर्मदाने पेले पार रहेता-एक आदमी साथे आडे सम्बन्धे जोडाई श्राद्धना दिवसोमां पंडित तेणीने बलि उडाडवा कहे, कागडाने खीर-पूरी नाखवा कहे, त्यारे ए जवाब आपे के :- हुं एकली नहि आपुं मने कागडानी बीक लागे छे, भोळा भट्ट बधु साचुं माने ने विद्यार्थीओने तेनी पासे ऊभा राखे. पंडित कोईने बोलाववा कहे तो ए कहे के मने परपुरुष साथे बोलता शरम आवे छे, पारकानी साथे वात करतां पण मने आवडती नथी. भट्ट जाते बोलावे कांतो कोई विद्यार्थीने मोकली बोलावे. विद्यार्थीओमां एक छोकरो चालाकने खुब चतुर हतो. तेणे विचार्युं आमां कांईक कपट छे, आ कांई बीकना के सरलताना चिन्ह नथी. रात पडीने बधा सुइ गया त्यारे पेलो चालाक विद्यार्थी खोटुं खोटुं पडी रह्यो. रातना बार वाग्या एटले माथे घडो मुकी पेली स्त्री निकळी पडी, नर्मदाने कांठे आवी बन्ने कांठे भरपूर-छलोछल वहेती नदी चाली जाय छे. स्त्रीए तेमां जंपलाव्युं ने पहोंची पेले पार. ते वखते ते नदीमां केटलाएक चोर पण आडे रस्ते

उतरता हता. वचमां मगरमच्छना झपाटामां तेओ सपडाई गया. स्त्रीए तेमने कह्युं के :- "मुआ ! नदी उतरवाना मार्ग नथी जाणता. तो उतरो छो शा माटे ने हवे मुंझाव छो, मगरनी आंख दाबी द्यो तो छुटाशे" एम कही चालती थई, छोकरो आश्चर्य पामी गयो. विचारवा लाग्यो, केवुं साहस ! केटली हिम्मत ! प्रसंगे पंडिते बळी आपती वखते तेज छोकराने खबर राखवा उभो राख्यो, ते उभो रह्योने हसीने बोल्यो-

**दिआ कागाण बीहेसि, रति तरसि नम्मयं**
**कुतिथ्थाणि य जाणासि, अच्छिणं ढंकणाणि अ ॥२॥**

"दिवसे कागडाथी डरे छे ! ने रात्रे नर्मदा तरे छे. त्यां उतरवाना मार्ग अने खराबाने पण जाणे छे, ग्राहमगर वगेरेथी छुटवाना उपाय पण आवडे छे." आ बधुं शुं छे ! तेणीए कह्युं दुनियानुं एमज चाले छे, बधुं मुठीमां राखजे, वधुमां सार नथी. पछीथी ते स्त्री-नर्मदाने पार जवानुं छोडी दइ आ छोकरामां लपटाणी ने पंडितने छेह दइ भागी गई. खरेखर ! स्त्रीचरित्र अद्‌भूत छे, एवी स्त्रीना रागमां न लपटावुं, एज आत्माने बचाववानो उत्तम उपाय छे. (३१)

## ( ३२ ) जुठ-कपट अने मायाना मंदिर रूप स्त्रीथी दूर रहेवा उपदेश-

**मृषावादनुं मन्दिर कंइ बोले ने कंई करवाने च्हाय.**

**कपट पुतळीनां मन केरो भाव न कोई थकीय जणाय.**
**सूर्यकान्ता सुकुमालिका जेवा द्रष्टान्तो बहु संभळाय**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

**विवेचन** :- स्त्री एटले, जुठानुं घर-मायानुं मंदिर ए कांइक कहे ने कांईक करे, कांइक बोलेने कांइक चाले, एने कोई जाणी न शके, एना मननो पार कोइ न पामे. एना देखाडवाना दांत जुदा ने चाववाना दांत जुदा. गमे तेटलो प्रेम करो पण दगो देता ते वार नहिं लगाडे. सूर्यकान्ता सुकुमालिका वगेरे स्त्रीचरित्रना हजारो दृष्टांतो छे.

**सूर्यकान्तानुं दृष्टान्त** :- श्वेताम्बी नगरीमां नास्तिक प्रदेशी नामे राजा हतो. तेने सूर्यकान्ता नामे राणी हती ने सूर्यकान्त नामे कुंवर हतो. धर्म श्रद्धा नहि होवाथी राजानो घणो खरो समय राणी साथे भोगविलासमां ज वीततो, केशी-गणधरना उपदेशथी राजा धर्म पाम्यो, पोतानी पहेली जींदगी माटे पश्चात्ताप थयो, एटले हवेना जीवननी सार्थकता करवा माटे तेणे पोताना सातहजार गामनी आ प्रमाणे व्यवस्था करी. तेनी उपजनो एक भाग सैन्य वगेरेना पोषणमां, बीजो-अंतःपुरमां, त्रीजो भाग-भंडारमां अने चोथो भाग-दानशाळा आदि धर्म-कार्यमां वापरवो, एवी प्रतिज्ञा लीधी ने श्रावकना व्रतो उच्चर्या, केवळ भोगविलासमां

राचनारी राणीने आ न गम्युं -ए राजाने मारी नाखवाना उपाय चिन्तववा लागी पोताना पुत्रने बोलावीने कह्युं के : तारा पिता राज्यने वेडफी नाखे छे, श्रावक थया पछी तारी-मारी के राज्यनी बिलकुल दरकार करता नथी, माटे तुं तेने कोईपण उपाये मारी नाखी राज्य लई ले ने सुखेथी भोगवः सडेल पानने दूर करवामां ज श्रेयः छे. माताना आवा वचन सांभळी, कुंवर चूप रह्यो, कांई बोल्यो नहिं राणीए विचार्युं छोकरो ! निःसत्त्व-बायलो-बीकण छे. ए कांई करशे नहिं ने वात फोडी नाखशे माटे हुं ज आ वातनो जलदी निकाल लावुं, एम विचारी राजाने भोजन करवा बोलाव्यो-चालाकीथी भोजन करता राजाना भोजनमां झेर-भयंकर विष भेळवी दीधुं. ए झेरथी राजाने सहन न थाय तेवी अंगे-अंगमां पीडा थई. राजाने खबर पडी के आ कृत्य राणीनुं छे तोपण तेना पर क्रोध न करतां, पौषधशाळामां जईने अनशन करी, नमुत्थुणं चिन्तवता, केशि-गणधरनुं शरण लई काळधर्म पामी, सूर्याभदेव थया.

सुकुमालिकानुं दृष्टान्त - पूर्वे चंपापुरीमां अत्यंत विषयासक्त जितशत्रु नामे राजा हतो. तेने सुकुमालिका नामे राणी हती. मंत्री वगेरे ए संप करी, राज्यमां ध्यान नहि देतां राजाने अने राणीने खुब दारु पीवडावी दूरदूर जंगलमां मूकावी दीधा. घेन उतरी गयुं एटले विचार करवा लाग्या, के आपणे अहिं क्यांथी ! राज्य पाट कयां गयां पछी बन्ने उभा

थई चालवा लाग्या थोडे दूर गया बाद राणीए कह्युं के :- 'मने खूब तरस लागी छे' राजा पाणी लेवा गयो, पाणी मळ्युं नहिं, पण राणीना उपर अनहद प्रेमने लीधे पांदडानो दडीयो बनावी - पोतानी नस चीरीने लोहीथी भरी, राणी पासे आवीने कह्युं के :- 'ल्यो आ गंदा खाबोचीयामांथी आवुं पाणी मल्युं छे, ते पीवो' राणी ते गटगटावी गई. थोडे दूर गया पछी वळी राणीए कह्युं - मने भूख खुब लागी छे राजा आहारनी शोधमां थोडे दूर जई, पोताना साथळमांथी मास कापीने लाव्यो ते पक्षीनुं मांस छे एम कही खवराव्युं. ए प्रमाणे रस्तो कापतां कापतां जंगल वटावी एक नगरमां आव्या, घरेणा आदि जे कांई हतुं ते वेचीने तेथी आवेल धनथी वेपार करी राजा निर्वाह करवा लाग्यो. राजा वेपार करवा जाय, त्यारे राणी तेने कहे के:- मने एकलुं घरमां गमतुं नथी-बीक लागे छे. राजाए एक पांगळा माणसने चेकीदार राख्यो, तेनो कंठ घणो कोमळ हतो. तेनी साथे लपटाई ने तेने घणी तरीके मान्यो. पछी तो रोज राजाने मारवाना प्रसंगो विचारवा लागी. एक वखत वसंतऋतुमां राजा राणीने लई गंगा नदीने कांठे क्रीडा करवा गयो, त्यां खूब मदिरा पीवरावीने, राणीए राजाने नदीना प्रवाहमां वहेतो मुकी दीधो, ने पेला पांगळाने खभे बेसारी गायन गवरावती-भिख मांगती भटकवा लागी, लोको पूछे के : 'आ कोण छे !' त्यारे कहेती के : मारा मा-बापे, आवो स्वामी शोध्यो छे.'

आ बाजु राजा तणातो तणातो एक लाकडानी सहायथी कांठे आव्यो ने एक झाडनी नीचे सूई गयो. नजीकना नगरनो राजा अपुत्रयो मरी गयो ने तेथी मंत्रीओए पंचदिव्य प्रगटाव्या, आ राजा पर हाथिणीए अभीषेक कर्यो ने तेने राज्य मळ्युं. बनवा जोगे पेली राणी पण पांगळा साथे त्यां आवी चढी. गाममां स्त्रीना सतीपणानी अने पांगळाना कंठनी प्रशंसा थवा लागी. राजाए पण बन्नेने बोलाव्या ने ओळखी लीधां. पछी पूछ्यु, हे बाई ? आने उपाडीने तुं केम फरे छे ! पेलीए कह्युं - 'पिताए जेवो पति आप्यो होय तेने सतीओए इंद्र जेवो मानवो.' ए सांभळी राजा बोल्यो, हे पतिव्रते ! तने धन्य छे - घणीना बाहुनुं लोही पीधुं - साथळनुं मांस खाधुं ने छेवटे तेने नदीमां पधरावी दीधो. तारा सतीपणानी वात थाय. छेवटे स्त्रीने अवध्य जाणी न्यायी राजाए तेने पोतानी हद बहार करी अने स्त्री चरित्र प्रत्यक्ष अनुभवी सर्व स्त्रीनो त्याग कर्यो-अपूर्व ब्रह्मचारी बन्यो. हे चेतन ! आवी स्त्रीओमां मोह करीने दुःखमां शा माटे पडे छे. तेनो त्याग करी ब्रह्मचर्यनो अजोड आनंद मेळव के जेथी तारा बन्ने जन्म सार्थक थाय. (३२)

## ( ३३ ) सामान्यपणे स्त्रीना सम्बन्धथी आवी पडती उपाधिओ -

आ भवमां पण स्त्रीने योगेचेतन ! चिन्ता अधिकी थाय,

पुत्रादिकनां पालण-पोषण माटे धंधा कैंक कराय.
शान्ति ने सुखने वेची संताप शोक व्होरी लेवाय,
सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.

विवेचन- ज्यां सुधी संसारमां न झंपलाव्युं होय- विवाह-लग्न न कर्या होय, त्यां सुधी मस्त थई फरतो होय तेने कोइ जातनी उपाधी न होय, कोई जातनी चिन्ता न होय, पण पछीथी ते बे पगो मटी. चार पगो थाय. परण्या पछी 'पइनो' कहेवाय. एक पछी एक जंजाळ वधती ज जाय, एना दुःखनो पार न रहे, हा ? मोहथी ए दुःखने ए गणे नहिं पण दुःख ए दुःख, रोज सवार पडे ने घरनी चिंता, खावानी चिंता, कमाववानी चिंता, शेठाणी साहेबना हुकमो पर हुकमो छुटतां ज होय, घरमां घी खुटी गयुं छे, तेल नथी, आ लाववानुं छे ते लाववानुं छे वगेरे. बाळबच्चा थाय पछी वात ज न पूछो ए तो वीती होय एज जाणे, घर चलाववा माटे-व्यवहार निभाववा माटे न करवाना धंधा करवा पडे, जेनुं मोढुं जोवुं न गमे एवाओनी गुलामी करवी पडे. हे चेतन ! क्षणिक सुखने माटे शा माटे आ भवमांज महादुःख व्होरी ले छे ! तारा आत्मिक सुख-शान्तिनुं लीलाम शा माटे करे छे ! तारा सर्वे दुःखनुं मूळ-कारण कोई होय तो ते स्त्रीमोह छे एने छोड ! ए उपाधिमां न पड. इन्द्रियो पर-विषयपर विजय मेळव तो तारा सुखनी आनंदनी अवधि नहीं रहे. (३३)

## (३४) स्त्रीनो मोह छोडवा माटे शुं करवुं, ते समजावे छे.

**नेमिनाथजी राजीमती वर्जीने चाल्या श्रीगिरनार,**
**शालिभद्रजी-बत्रीश नारी छंडी लेतां संयमभार.**
**मिथिलानृपथी एक ज साथे एकहजारने आठ तजाय.**
**सर्व दुःखनुं साधन एवी स्त्रीने चेतन ! शाने च्हाय.**

विवेचन-चेतन ! जो तारा हृदयमां बरोबर उतर्युं होय, तने यथार्थ समजायुं होय, तने चोक्कस जची गयुं होय, के मारा दुःखनुं कारण स्त्री छे, तो तेनो राग-मोह छोडी दे. छोडवुं ए छोडवुं, एमां लांबो विचार न कर, विचारमां वखत न गुमाव. याद कर-रूप रूपनो अम्बार राजीमती जेवी स्त्रीने श्री नेमिनाथजीए छोडीए छोडी सामुए न जोयुं - छोडीने, गिरिनार जईने दीक्षा लीधी. ए प्रभुने सामे राखी तुं पण वीर्य फोरव, स्त्रीनो त्याग कर, मन मजबुत करीश तो कठिन नथी. शालिभद्रजीनुं चरित्र विचार. केट केटली संपत्ति, ३२-३२ स्त्रीओ, आ मनुष्य भवमां पण देवताई भोग भोगववाना, तारे छे एवुं घेर सारूं खावानाय सांसा छे. ए बत्रीस-स्त्रीओ ने देवताई ऋद्धिने छोडी शालिभद्रजीए संयम स्वीकार्युं तो तारे आ बे हांडली ने झुंपडीनो मोह छोडता शो विचार !

मिथिला अने अवन्तीना अधिपति नमिराजा जेने एक हजारने आठ राणीओ हती, कोई वातनी खामी न हती, कोई

वस्तुनो तुटो न हतो, पण सर्व असार मिथ्या पतंगना रंग जेवुं क्षणिक समजाव्युं वैराग्य थयो छोडी देतां वार न लगाडी. इन्द्रे कह्युं राजन् ! आ अग्निने वायु तारा घरने अन्तःपुरने नगरने बाळे छे. तुं जोतो खरो ! तेनी उपेक्षा केम करे छे. आ तारा पुत्रने मंत्रीओ सतावे छे राज्यने छिन्न छिन्न करे छे, तेनी संभाळ तो ले ! व्यवस्था करीने पछी संयम आचरजे. राजर्षिए इन्द्रने उत्तर आप्यो. 'हे देवेन्द्र ! मिथिला बळती होय तो तेमां मारा आत्मानुं कंई बळतुं नथी. पत्नी के पुत्र माता के पिता, भाई के भगिनी कोई कोईनु नथी, सर्व स्वार्थना छे. हुं पण मारा आत्मानो स्वार्थ साधु छुं मने कंइ शोच करवा जेवुं नथी.' नमिराजर्षिना वचनथी इन्द्रने घणो संतोष थयो, तेमने वन्दना करी प्रशंसा करीने ते गया. 'नमिप्रव्रज्या' नामना उत्तराध्ययन सूत्रना २१मा अध्ययनमां गुंथायेल नमिराजर्षि अने देवेन्द्र वच्चेनो संवाद मननीय छे. आत्मानो घणो ज हितकारी छे.

हे चेतन ! एवा महापुरूषोना जीवन याद करी, स्त्रीना मोहमां फसाया वगर, मळेल जन्मने सार्थक करवा तत्पर था. पछीथी पस्ताईश तो कंई नहि वळे, माटे पहेलेथी चेती जा समजी जा, ने जीवनने संयम मार्गे वाळी नरभवने सफल कर. (३४)

**इति वैराग्यशतके दुःखदायि-स्त्रीमोह-त्यागाधिकारः समाप्तः ।**

## ॥ अथ वैराग्यशतके भावनाधिकार- प्रारभ्यते ॥

(३५) स्त्री आदिमां मोह करावनार विभावदशा छे ने ते विभावदशा वीतराग परमात्माना वचनथी नाश पामे छे. माटे ते वचननुं माहात्म्य बतावे छे.-

**सुवर्णवेधकरसने योगे लोह कनकता पामे जेम,**
**ज्ञानी भाषितभावनाभावित चेतन निर्मळ थाये एम.**
**मन्त्रप्रयोगे झेरी नागतणुं पण शुं नव झेर हणाय,**
**कइ विभावरमणता एवी ? जे जिनवचने नष्ट न थाय.**

विवेचन-चेतनने निर्मळ बनाववो होय, आत्माने विभावदशामांथी स्वभावदशामां लाववो होय तो भगवन्ते भाखेली ने भावेली भावनाओ भावो, भावनानी विचारणा करो जेम लोढुं सुर्वणवेधकरसथी सोनुं थई जाय छे. तेम भावनाना प्रभावे आत्मा विशुद्ध बने छे गमे तेवा डंखीला झेरीला नागनुं झेर मन्त्रना प्रयोगे ऊतरी जाय छे. तेम सर्व विभाव रमणता जिनेश्वर प्रभुए बतावेल भावनाथी चाली जाय छे. भावनाओ बधी मळी १६ छे. तेमां १२ सामान्य भावना छे, ने चार महाभावना छे, आगळ अनुक्रमे सोळे भावनाओनुं स्वरू प बतावाशे.

भावनाथी ज भव्य भव समुद्रनो पार पमाय छे,
भावनाथी ज आत्मा सर्व दुःखथी मुकाय छे,
भावनाथी ज चेतन शिव सुख ने मेळवे छे,

भावनाथी ज जीव जगतनी जन्जाळथी छुटे छे,
भावनाथी ज प्राणी निबिह पाप ने प्रजाळे छे,

## भावना भवनाशिनी

माटे भावना भावो. भावना भाव्या वगर छुटको नथी. केम भाववी ? एम जो पुछता हो ! तो आगळ ते बताव्युं छे. ते समजो विचारो ने आत्माने भावनाना विचारोथी रंगी द्यो. पछी पछी शुं ! जोई ल्यो एनी मझा, तमनेज जणाशे-देखाशे के कयां खाबोचीयानी दुर्गन्धमां सडतो हंस ! अने कयां मानसरोवरना मोती चरतो हंस ! भावनाथी आत्मानी पूर्णता खीलशे. एने बधुंय पोतामां भर्युं छे एवुं भासशे, एथी ए स्थिरता ने शाश्वत दशा पामशे (३५)

## ( ३६ ) प्रथम अनित्य भावना

**आयु वायु तरंग समुंने संपत्ति क्षणमां क्षीण थाय,**
**इन्द्रिय गोचरविषयो चंचलसन्ध्यारंगसमान जणाय.**
**मित्र वनिता स्वजनसमागमइन्द्रजालनेस्वप्न समान,**
**कइ वस्तु छे स्थिर आ जगमां जेने इच्छे जीव सुजाण.**

विवेचन-जीव मानी बेठो छे, संसारना सुखने शाश्वत-तेने मळेल सामग्री कदी पण जवानी नथी, एवो एने मिथ्या मोह छे ने ए एना दुःखनुं मोटुं कारण छे. ए हृदयमां आ अनित्य भावना भावे तो तेनो भ्रम भांगी जाय, शान्तपणे

विचार करे तो तेने-आत्माना ज्ञानदिगुण सिवाय सर्व अस्थिर-अनित्य-क्षणविनश्वर जणाय. आयुष्य-पवनथी थतां मोजां जेवुं - पाणीना परपोटा जेवुं- ठोकर वागे ने माणंस मरी जाय, खावा बेठो होय ने प्राण उडी जाय - कोळीयो हाथनो हाथमां रही जाय, वात करतो होय-हसतो होय ने बगासुं खाय, त्यां परलोकमां पहोंची जाय, धन-माल मिल्कत-बधुं जोतजोतमां चाल्युं जाय. इन्द्रियना उन्माद-विषयो सांजनी सन्ध्या जेवा चपळ, शरदृऋतुना वादळा जेवा चंचळ कुटुंब परिवार-स्वजन-सम्बन्धि ए बधुं मायाजाळ-आज देखाय ने काल एमांनुं कांई नहिं. दुनियानी कोईपण वस्तु ल्यो-विचार करो, आखर एनो नाश ज थवानो. हे सुज्ञानि-जीव ! विचार करी जो जगतमां एवी कई स्थिर-सदाकाळ रहेनारी चीज छे के जेनी तुं इच्छा करे छे ! अस्थिर वस्तुने चाहवाथी शुं वळशे. स्थिर वस्तुने शोध ने ते मेळववा प्रयत्न कर. (३६)

## ( ३७ ) बीजी अशरणभावना-

जे षट्खंडमहीनां नेता चौद रत्नना स्वामी जेह,
ने जे सागरोपमनां आयुष्यधारी स्वर्गनिवासी तेह,
क्रूर कृतान्तमुखे टळवळतां शरणविनानां दुःखी थाय,
तन धन वनिता स्वजनसुतादिककोई न एने शरणुं थाय.

विवेचन-चेतन ! तने कांईक चिन्ता आवे छे, तने

कांई दु:ख आवे छे, त्यारे तुं बीजा पासे तारूं दु:ख रडे छे. तारा बळापा काढे छे. पण तारी चिंता-तारुं दु:ख कोई दूर करी शके एम नथी. तने कोई शरण आपे तेम नथी. तुं जेने मारुं मानी बेठो छे, ते तारूं कुटुम्ब पण केटलुं, पांच पचीश माणसोनुं के वधुमां बसो पांचसो जननुं, तेनी तो कई गणत्री ! चकवर्तिनी लीला जो, छ खंड पृथ्वीना मालिक, चौद रत्नना स्वामी-करोडो माणसो ने देवो तेनी तहेनातमां-सेवामां हाजर, पण मरण आवे त्यारे तेने कोई बचावी शकतुं नथी. अरे ! तेनुं तो शुं ! पण देव-देवेन्द्रोनी पण एज स्थिति एनुं पळ आयुष्य पुरूं थाय एटले खलास,! गमे तेटलो विलाप करे पण कोई जीवाडी न शके. यमना मुखमां पेसतां-गमे तेटलुं रोवो बचावो बचावोनी बुम मारो पण कोई सहायक न थाय सौ कोई छुटी जाय, हाथ खंखेरी नाखे, लाचारी बतावे, कहे के शुं थाय, आपणां हाथनी क्यां वात छे. शरीर पण सगुं न थाय, ए पण लांबु थईने पडी जाय. धन पण काममां न आवे, स्त्री पण ऊभी ऊभी डुसकां खाय, एनुं पण कांई न चाले, मा-बाप, भाइभाडुं बाळ बच्चां बधां मोढुं विकासीने बेसी रहे. एक फोडली थई होय तो तेनी पीडा दूर करवा कोइ समर्थ नथी. तो मरणनी शी वात. धर्म सिवाय बीजुं कोइ जगतमां शरण नथी. एवी अशरण भावना भावता अनाथी मुनिनी जेम धर्मने शरणे जवुं एज श्रेयस्कर छे. (३७)

## ( ३८ ) त्रीजी संसार भावना-

**लोभ दावानललाग्यो छे ज्यां लाभ जले जे शान्त न थाय,**
**मृग तृष्णासम भोगपिपासाथी जन्तुगण ज्यां अकळाय.**
**एक चिन्ता ज्यां नाश न पामे त्यां तो बीजी उभी थाय.**
**एम संसारस्वरूप विचारी कोण न वैराग्ये रंगाय**

विवेचन-संसार भावना भाववी एटले संसारनुं दुःखदायि स्वरूप विचारवुं - ने तेथी वैराग्य भाव केळववो संसारनुं स्वरूप जुदे जुदे घणे रूपे विचारी शकाय छे. अहिं संसारनी सरखामणी एक मोटा जंगलनी साथे करी छे. भववन-भवाटवी वगेरे शब्दो आपणे घणी वखत सांभळीए छीए. ए भवमां वनपणुं शुं छे. ए अहिं समजाव्युं छे. वनमां एक भयंकर अग्नि सळगतो होय छे. तेने दावानल कहेवामां आवे छे. एना झपाटामां जे आवे ते बळीने खाख थई जाय. ए कोईने छोडे नहिं. एने बुझववा माटे प्रयत्नो करवामां आवे ते सर्व नकामां जाय. आ संसार काननमां एवो लोभ दावाग्नि सळग्याज करे छे. तेने शांत पाडवा लाभ प्राप्त रूप पाणी जेम जेम छांटवामां आवे तेम तेम ते वधारेने वधारे प्रजळे छे. कह्युं छे के :-

**"जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**
**दो मासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥"**

वनमां मूंझवनार मृगतष्णा मृगजळनी लालसा छे.

तेनी पाछळ पडीने घणा पशुओए प्राण खोया छे. संसारमां एवी भोगतृष्णा छे, एनी पाछळ भमतां प्राणीनो आरोज आवतो नथी. एमां ने एमांए खुवार थाय छे. अटवीमां जेम आराम न होय. शुं थशे ! कोई खाई जशे तो ! वाघ वरू वगेरेनो भय, वींछी साप अजगर-आदिनी बीकथी चित्त शान्त न रहे. तेम संसारमां पण आधिव्याधि उपाधिथी क्षण पण आराम नथी. एक वात पते नहिं त्यां बीजी जागे, 'मा छंवडु'नी माफक एक पछी एक चिन्ता उठतीज होय, आवा दुःखदायि संसारथी छुटवा कोण न इच्छे ? कोने वैराग्य न थाय संसारना जुदा जुदा चितार विचारवा माटे श्री यशोविजयजी उपाध्यायजी महाराजे रचेल 'अध्यात्मसार' नो बीजो 'भव स्वरूप चिंता' अधिकार खास वांचवा भलामण छे. आवा-भयंकर भववनथी भय पामता आत्माने वैराग्यनी शीळी छांयज शांति आपनार छे. माटे तेना आश्रये जवुं ने भीतिथी बचवुं. (३८)

## (३९) चोथी एकत्व भावना-

**ज्ञान-दर्शन-चारित्रस्वरूपी एक ज आत्मा छे निःसंग,**
**बाह्य भाव छे सघळां एमां स्वामीयतानो नहीं छे रंग,**
**जन्म जरा मृत्यु ने कर्मफळोनो भोगवनारो एक,**
**एम विचार करंता जाग्यो नमिराजने चित्त विवेक.**

विवेचन-'एगो हं नत्थि मे कोइ' एक

एवाद्वितीयोऽहम् आ अने आ जातिना अन्य सूत्रो आत्माने बळवान बनावे छे. आत्मा विचारे के जगतमां कोई कोईनुं नथी तारूं कर्युं तारे भोगववानुं छे. तुं एकलो आव्यो छो ने एकलो जवानो, आ देखातां बाह्य पदार्थोमां तारूं कांई नथी. जन्मतां कांई लाव्यो नथी अने मरतां साथे लइ जवानो नथी. तो पछी वचमां शा माटे मारूं तारूं करी दुःखी थाय छे. महापुण्ये मळेल मानव जन्ममां तारूं जे छे, तेनी संभाळ ले. तारो ज्ञान गुण-एक ने अद्वितीय छे. तेने खीलव, तारामां अजोड दर्शन-श्रद्धा-सम्यक्त्व-गुण छे. तेने पुष्ट कर, तारामां अनन्य चारित्र छे ते केळव, विचार कर ! तुं निःसंग छे ए तारुं निःसंग-निरावरण स्वरूप मेळव, तें करेला कर्मोनुं फळ तने ज मळशे बीजो एमां भाग पडावा नहिं आवे. तो पारका माटे शाने तुं पाप करे छे.

नमिराजा-आ एकत्व भावना-भावीने संसार पार पाम्या हता. एक हजारने आठ राणीओ हती. एक वखत राजाना माथामां सख्त वेदना थई, ते कोई रीते शांत न पामे. तेना पर चन्दननुं विलेपन करवा माटे राणीओ चन्दन घसती हती. ते घसतां परस्पर कंगण भटकावाथी अवाज थतो हतो. राजाने ते अवाज सहन न थयो. राणीओए सौभाग्यना चिह्न तरीके एक कंकण राखी बीजा काढी नाख्या. - राजाए पूछयुं के : हवे अवाज केम नथी आवतो. कह्यु के, बीजा कंकणो काढी नाखी-एकएक कंकण राखेल छे माटे अवाज नथी

थतो. नमिराजा भावनाअे चड्या के कोलाहल-अवाज-खळभळाट ए एक बीजाना सम्बन्धेज छे, अन्यना योगथी ज आत्मा आटलो दुःखी छे, मझा एकलामां छे. शांति एकलामां छे. आराम एकलामां छे. हुं एक छुं. मारो गुण एक छे. हुं तेने संभाळुं, तेने खीलवुं, एम विचारी नमिराजाए १००८ राणी राज्यपाट खटपट ने सम्बन्ध मात्रनो त्याग करी प्रत्येक बुद्ध थई, साधुपणुं ग्रहण कर्युं ने इन्द्रे परीक्षा करी तो पण पोतामां द्रढ रही छेवटे पोतापणुं पूर्णपणे प्राप्त कर्युं. एज प्रमाणे एकत्व भवना भावी कल्याण साधो ने परमज्योतिमां एकमेक बनी जाव. एज (३९)

## (४०) पांचमी अन्यत्व भावना-

**जेम नलिनीमां जल नित्येभिन्नरहे छे आपस्वभाव,**
**तेम शरीरे चेतन रहे छे अन्यपणुं ए रीते भाव.**
**भेद ज्ञान निश्चळ झळहळतुं सर्व भावथी ज्यारे थाय.**
**तजी ममता ग्रही समता चेतनतत्क्षणमुक्तिपुरीमां जाय.**

विवेचन-हे आत्मन् ! आ सर्व पदार्थोथी तुं जुदो छे ने ते सर्व ताराथी जुदा छे. तेनी साथे तारे कांई लागतुं-वळगतुं नथी. पाणीमां कमळ जेम जुदुं रहे छे. तेम तारा शरीरमां पण तुं छे. शरीर ए तुं नथी. तुं जुदो छे. तुं परलोकमां जइश त्यारे शरीर अहिं पडयुं रहेशे, ज्यारे शरीरनी ए दशा छे तो अन्य पदार्थोनुं पूछवुं ज शुं ! कोई

तारूं नथी. ज्यारे तुं यथार्थ समजीश ! के हुं सर्व बाह्य भावथी भिन्न छुं. त्यारे बाह्य पदार्थोमां तने जे मारा पणुं छे ए छुटी जशे ने समभाव खीलशे, तारी ममता विदाय थशे ने समता तेने स्थाने आवशे, ने ए समता तने शीघ्र शिवपुरमां लई जशे 'भेदज्ञानान्मुक्ति' ए वेदान्तिओना वचननुं रहस्य आ अन्यत्व भावना विशद रीते समजावे छे, आमां तेनो समावेश थई जाय छे. ए भेदज्ञान-अन्यत्व भाव केळववा प्रयत्नशील बनवुं ने भवथी छुटवुं एज आ भावनानुं रहस्य छे. (४०)

## (४१) छठ्ठी अशुचि भावना-

**छिद्र शतान्वितघट मदिरानो मद्यबिन्दुओ झरतो होय,**
**गंगाजळथी धोवे तो पण शुद्ध करी शकशे शुं कोय ?**
**देह अशुचि छे छिद्रान्वि मलमूत्रादिकनो भंडार,**
**न्हाओ धोवो चन्दन चरचो तो पण शुद्ध नहीं ज थनार.**

विवेचन-आत्मा नहिं करवाना कामो शरीरने माटे करे छे ने दुःखी थाय छे. शरीरनो मोह चेतननुं चैतन्य नाश पमाडे छे. जीवननो मोटो काळ शरीरनी सेवामां वीते छे. धर्मार्थ शरीरनुं रक्षण करवुं जोईए तेने बदले शरीरने माटे सर्वस्वनो भोग आपवा तैयार थाय छे. ते शरीरमां छे. शुं ! एनो कदी विचार कर्यो शरीर एटले अशुचिनो भंडार, शरीर एटले मळमूत्रादिनो खजानो, शरीर एटले गंधातुं खाबोचीयुं,

दारुना घडाने-कोहवेली मादक वस्तुथी भरेल कुंभने जेने सो छिद्र होय, ने-दरेक छिद्रमांथी वास मारती मदिरा झरती होय, शुं ! ते साफ करी शकाशे ! तेने माटी लगाडो. गंगाना पाणीमां धोवो पण बहार काढो एटले हतुं एनुं ए ! एवी कायानी स्थिति छे. पुरुषना नव द्वारे ने स्त्रीना बार बारणेथी अशुचि वह्याज करे छे दिवसमां दस वखत साफ करो, गमे तेटला पाणीथी धोवो, साबु लगाडीने स्नान करो, तेना पर तेल फुल-अत्तर लगावो, चंदननो लेप करो पण घडीकमां बधी वस्तु बगडी जशे. सारामां सारी वस्तु खाधी होय-पण तेनो विकार केवो थई जाय छे. ए आ अशुचिमय शरीर पर मोह ! ने तेने माटे कुकर्मो ! 'असारात् सारमुद्धरेत निःसार-सार वगरना पदार्थमांथी पण सार ग्रहण करवो, ए न्याये आ असार शरीरथी सार-धर्म करवो, ए आ अशुचि भावनानो सार छे.' (४१)

## (४२) सातमी आश्रव भावना-
## (शार्दुल विक्रीडित)

**'ज्यां आ जीव अनुभवी सुखदुःखो कर्मांशने निर्झरे,**
**त्यां तो आश्रवशत्रुओ क्षणक्षणे कर्मो घणाए भरे.**
**मिथ्यात्वादिक चार मुख्य रिपुओ रोकी शकाये नहीं,**
**ने आ चेतन कर्मभार भरीओ जाये न मुक्ति महीं.**

विवेचन-आश्रव एटले आत्मामां कर्मनुं आववुं.

आश्रव ए आत्म-सरोवरमां कर्मपाणी आववानुं द्वार छे. करेला कर्म भोगव्या सिवाय छुटता नथी. अनन्तानंत कर्मथी मुक्त थवा चेतन सुख ने दुःख अनुभव्याज करे छे. घणा अशुभ कर्म खपाववा नारक वगेरेमां घणा काळ सुधी दुःख भोगवे, वळी थोडा शुभ कर्मनो उदय थाय त्यारे सुख अनुभवे ने एम करी पहेला बांधेला कर्मो ओछा करे न करे, एटलामां आश्रवे बीजा कर्मोथी आत्माने बांधी ज दीधो होय क्षणे क्षणे पळे पळे समये समये आश्रवद्वारा आत्मा सात-आठ कर्म बांधतो ज होय. हे चेतन ! ते आश्रवने विचार. वारंवार याद राखजे के : एज तारा भयंकरमां भयंकर शत्रुओ छे, एणेज तारुं सर्वस्व लुटीं लीधुं छे. चार रूपे तारी पाछळ पडया छे. (१) मिथ्यात्व, ते तने सत्तत्त्व उपर श्रद्धा-आस्था थवा नथी देतुं (२) अविरति, ते तने पाप प्रवृत्तिओथी अटकतो रोके छे. (३) कषाय. ते तने क्रोध, मान, माया ने लोभ करावे छे. (४) योग, तेथी तुं निरंतर अशुभ विचार-वाणीने वर्तन कर्याज करे छे, आ चारे तारा कट्टर-दुश्मन छे. ते तुं ज्यां सुधी निर्बळ छो, त्यां सुधी ताराथी रोकाशे नहिं. केटलीक वखत ए ४२ रूपे तारा पर हल्लो करी तने कर्मथी भरी दे छे. ५ इंद्रिय. ४ कषाय. ५ अव्रत. ३ योग ने २५ क्रियाओ. ए ४२ ने पराधीन पडेल तुं मुक्तिमां जई शकतो नथी. तुं तेने वश थई जा छो, माटे बराबर समज के आश्रव ए मारा दुश्मन छे. वारंवार गोखीने

याद करी ले, के आश्रवनुं आ स्वरूपने मारे तेने युद्धमां जीतवाना छे. एनो विजय कर एटले बस ! तारो बेडोपार! उठ ! उभो था, तेना कबजामांथी छुटो थई, तेना माथामां फटको लगाव, जोजे पाछो न पडतो, बस एक वखत एना उपर काबु मेळवी ले. तुं चेतन ने ए जड, ए तारा पर सत्ता चलावे ने तुं एनो नचाव्यो नाचे ! ए न बने-कदी न थाय. तारे एने हठावे ज छुटको, चाल, मेदाने पड. युद्ध मचाव-जंग मचाव, विजयश्री वरी तारी ऋद्धिनो स्वामी बन. (४२)

## (४३-४४) आठमी संवर भावना -

## (सवैया)

**सम्यक्त्वे मिथ्यात्वद्वार ने संयमथी अविरति रोकाय,**
**चित्ततणी स्थिरतानी साथे आर्तरौद्रध्यानो नव थाय.**
**क्रोध क्षमाथी मान मार्दवथी माया आर्जवथी झट जाय,**
**संतोष सेतु बांध्यो लोभसमुद्र कदी नवविकृत थाय.**
**गुप्तित्रयथी मन वचनने कायाना योगो रूंधाय,**
**एम आश्रवना द्वारो सघळां संवरभेदे बंध ज थाय.**
**संवरभावना इणविध भावी जो आचार विषेय मूकाय ?**
**तो शुं? सघळां संसृतिनां दुःखथी आचेतनमुक्त न थाय ?**

विवेचन-हे चेतन ! तने आश्रवने जीतता न आवडतुं होय, तुं पाछो पडतो होय, तुं मुंझातो होय तो संवर भावना

विचार, संवर साथे मैत्री बांध, तेनी सलाह प्रमाणे वर्तन कर. ते तारी बधी मुंझवण टाळी देशे. आश्रव करतां संवरनुं बळ विशेष छे. ए एक एक आश्रवने बंध करी देशे. मिथ्यात्वने सम्यक्त्व दुर करशे. अविरतिने सत्तर प्रकारना संयम हटावशे. आर्तध्यान अने रौद्रध्यान मनोवृत्तिने स्थिर करवाथी नहिं थाय, अथवा धर्मध्यानने शुकूल ध्यान ध्याववाथी नहिं थाय. क्षमाथी क्रोध जीताशे. मृदुतानम्रताथी मन-अभिमान दुर थशे. ऋजुता-सरलताथी माया नाश पामशे लोभनुं नाम ज न ल्यो. ए भयंकर खाडी छे. ए कोईए पूरी नथी. जेम जेम ए पुरवा जाय, तेम तमे ए ऊंडीने ऊंडी ज जती जाय छे. माटे तेना पर संतोष सेतु तृप्ति-संतोषनो पुल बांधी पेले पार पहोंची जवाशे. मन-वचनने कायानी प्रवृत्तिओ मन गुप्ति-वचन गुप्ति ने काय गुप्तिथी रोकाशे. सन्मार्गे वाळी लेवाशे. ५७-संवरनी सहाय्थी ४२-आश्रवने बंध करी शकाशे. आश्रवना बारणा बंध करवानी संवर ए कळ छे, ५समिति-३-गुप्ति १०-यतिधर्म १२-भावना २२-परीषह, ने ५-चारित्र-ए सत्तावन संवर छे. एक वखत एनो अनुभव करी जोवो. जोई ल्यो तमारा केटला दुःखो नाश पामी जाय छे. संवर भावनाने यथार्थ समजी वर्तनमां उतारो, तो संसारना दुःखमात्र जोत जोतामां चाल्यां जशे, ५७ संवरमांथी एक पछी एकने सादी आश्रवने हठावो ने मोक्ष मेळवो ने सुखी थाव.

## ( ४५ ) नवमी निर्झरा भावना-

**तप्तवह्निनां ताप थकी जेम स्वर्णमेल ते थाये दूर,**
**द्वादशविघतपथी आ आत्मा कर्मवृन्द करे चकचूर.**
**अणिमादिकलब्धिओ एनुं आनुषङिगिककार्य गणाय,**
**दृढप्रहारी चार महाहत्याकारी पण मोक्षे जाय.**

विवेचन-तुं संवरथी नवा आवता कर्मोने तो रोकीश पण तारा आत्मामां अनन्त कर्म पडया छे. तेनुं शुं ! ए कर्मनो कचरो ए कर्मजाळ-कर्मोनी ए निबिड गांठो एमने एम नहिं खसे, ए भोगवतां तारो आरो नहिं आवे, ए दूर करवा निर्झरा भावना भाव, तेनी मैत्री कर, तेनी सेवना कर. एथी निबिड कर्मो बळीने खाख थई जशे. पापोनुं पायश्चित्त कर. गुणिनो विनय बहुमान कर, महात्माओनी सेवा भक्ति कर, सूत्र ज्ञानीना वचनोनुं श्रवण चिन्तन कर, शुभ आलम्बन लईने ध्यान धर, आलम्बन वगर आत्माने ध्याननी धारामां चडाव. कायानी माया छोडी नवकार मंत्रना जापमां लागी जा. लोगस्सना मोटा मोटा काउस्सग्ग कर, आगार राखी मर्यादा बांधी चारे आहारनो सर्वस्वनो त्याग कर, भूख करतां ओछुं भोजन ले, ३२ कोळीयाने बदले पांच सात केवळ ओछा खा, इच्छा उपर काबु मेळव. खावानी लालसा ओछी कर, रसनुं वर्जन कर. विकृति घी, दूध, दहिं, गळपण तेल तळेल खरेखर

विकृति छे, तेने वर्जीदे, काय क्लेश सहन कर, आतापना ले. लोचादि कष्टोथी डर नहिं. एथी शरीरनी मूर्छा ओछी थशे, इन्द्रियो गोपव, तेने उन्मादमां न मुक, तेनुं दमन कर, आ बारे तप तने निर्झरा भावनामय करशे, तप रूप वज्रथी मोटा पहाड जेवां कर्मना जथ्थाओ भांगीने भुक्का थई जशे, तेनुं चूर्ण थई ते कयांय उडी जशे. तुं हळवो, फुल जेवो थई जइश, लब्धिओ रिद्धिसिद्धिओ तो तने एनी मेळे आवी मळशे, गाय, ब्राह्मण, स्त्री ने बाळक एम चार चार महाहत्या करनार द्रढप्रहारी जेवा पण तपने प्रभावे निर्झर भावनाने बळे मोक्षमां पहोंची गया. तो तारे चिन्ता शी ! तुं तो एवो पापी नथी. बस हृदयथी निर्झरा भावनाने तपने आराध ने कल्याण कर. (४५).

## ( ४६ ) दशमी धर्म भावना-

**सूर्यचन्द्र उगे ने, वरसे जलधर, जग जळमय नवथाय.**
**श्वापद जनसंहार करे नहीं वह्निथी नव विश्वबळाय,**
**श्रीजिनभाषित धर्मप्रभावे इष्टवस्तु क्षणमां य पमाय,**
**करुणाकर भगवन्तधर्मने कोण मूर्खमनथी नवच्हाय,**

विवेचन-कारण वगर कार्य न ज थाय' ए सनातन सिद्धान्त छे. सूर्य ने चंद्र नियमित उगे छे ने प्रकाश करे छे. तेनुं कारण शुं ! नारकीनी माफक अहिं अंधकार सदाकाळ नथी रहेतो ए शाथी ! वखतसर वादळां वरसे छे,

ने लोकोने आनंद थाय छे. एमां शो हेतु छे ! लवण समुद्रनी एक शिखा-पाणीनो उछाळो भरतक्षेत्रने पाणीमय करी दे तेम छे, छतां एम केम नथी बनतुं ! सिंह वाघ-वरू वगेरे जंगली-हिंसक प्राणिओ मानव जातने केम मारी नाखता नथी ! दानावल मोटी मोटी आगो-अग्निना उत्पातो आखा जगतने बाळीने भस्मीभूत केम करतां नथी ! आ बधानुं कांई कारण होवुं जोईए. देखाता कारणो-अन्यथा सिद्ध छे-नकामां छे, लुलां छे. देखाता हेतुओ सेंकडो वखत निष्फळ निवड्या छें ने निवडे छे. ए सर्वनुं प्रबळ कारण कोई होय तो ते धर्मनो प्रभाव छे. धर्म प्रभावे जगतमां शान्ति छे. सुख छे, आराम छे. ज्यां धर्मनो प्रभाव नथी. त्यां युद्धो मचे छे. अतिवृष्टि अनावृष्टिना उपद्रवो थाय छे चोथा आरामां धर्मनो प्रभाव वधु हतो तो त्यारे सुख शान्ति पण वधु हता पंचम काळमां धर्म-घटी गयो छे. तो सुख-शान्ति पण तेवां नथी. वळी छठ्ठा आरामां धर्म जोवा नहिं मळे तो सुख पण नहिं देखाय, कुदरत पण धर्मने आधीन छे. अधर्मिनी कुदरत पण विफरेली होय छे एवो महाप्रभावपूर्ण-धर्म श्रीजिनेश्वर भगवन्ते प्ररूप्यो छे, उपदेश्यो छे ते अभिष्टपूरक, वांच्छितदायक, कामितपूरण कल्पतरू समान श्रीजिन धर्मने कोण एवो मूरख होय के न चाहे-न इच्छे. तेनी आराधनामां न जोडाय, सर्व समजु जन धर्मभावनाने आ रीते विचारे ने तेने सेवी सुख मेळवे.

## ( ४७ ) अगीयारमी लोकस्वरूप भावना-

**कटिपर स्थापित हस्तप्रसारितपाद पुरूषना जेवो जेह,**
**षड्द्रव्यात्मक लोक अनादिअनन्तस्थिति धरनारो तेह.**
**उत्पत्तिव्यय ध्रौव्य युक्त ते ऊर्ध्व अधोने मध्य गणाय,**
**लोकस्वरूप विचार करतां उत्तमजनने केवल थाय.**

- विवेचन-लोक एटले चौद राजलोक-जीव अने पुद्गलने रहेवानुं स्थान. जीव अने पुद्गलना परिभ्रमणनी मर्यादा, लोकनी बहार जीव के पुद्गल न जइ शके, ते बन्नेने चालवामां, स्थिर करवामां, रहेवामां ने नवाजुना ओळखवामां सहाय करनारा, धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय ने काळ ते पण लोकमांज अलोकमां तो केवळ आकाश, ने ते पण अनंत-अपार, न कोइ तेमां जइ शके के रही शके एवुं. देखीती बधी धमाल लोकमां, एक राज पहोळी ने चौद राज लांबी त्रसनाडी ते पण लोकमां ते लोकना त्रण विभाग ऊर्ध्वलोक, मध्यलोक, ने अधोलोक-बीजा शब्दोमां कहीए तो स्वर्ग-मृत्यु ने पाताळ, तेमां ऊर्ध्वलोक सात राजमां कांईक अल्प-ऊंचो ने वधारेमां वधारे पांच राज पहोळो. मध्य लोक १८०० योजन ऊंचो अने एक राज पहोळो, अधो लोक सात राज ऊंचो ने वधारेमां वधारे सात राज पहोळो. ऊर्ध्वलोकमां बार देवलोक. नवग्रैवेयक पांच अनुत्तर सिद्ध शिला वगेरे छे. मध्य लोकमां असंख्य

द्वीप समुद्रो-नदी-तळाव, द्रह, सरोवर पर्वत वगेरे छे ने अधो लोकमां सात नारकी भवनपति-व्यन्तर वगेरेना आवास आदि छे. आ लोकनी कल्पना वैशाख संस्थाने ऊभेला, पुरूषना जेवी छे, ते आ प्रमाणे : बन्ने पग पहोळा करी ने केड पर हाथ राखीने स्थिर रहेल पुरुषनुं संस्थान-वैशाख कहेवाय छे. तेना पगथी मांडी केड सुधी, नारक आदि अधो लोक आवे. केडने स्थाने मध्य लोकने तेथी उपर ऊर्ध्व लोक आवे. आ लोक अनादि अनंत छे पण परिवर्तन शील होवाने कारणे उत्पत्तिवाळो स्थिर ने विनासी पण कहेवाय छे. आ लोकना स्वरूपनो विचार करतां आत्मा कर्म खपावी लोकान्त मेळवे छे, केवळ ज्ञानिओ मोक्ष जतां पहेलां आयुष्य करतां शेष कर्म विशेष होय ते समुद्घात करी, आत्म प्रदेशोथी लोकने भरी दे छे. आ लोकना विचारमां सर्व विचारणाओ समावी शकाय छे. आ लोकनुं विस्तारथी स्वरूप जाणवानी इच्छावाळाए क्षेत्रसमास संग्रहणी-सूत्र, लोक प्रकाश, वगेरे शास्त्रो ऊंडाणथी समजवा-भणवा भलामण छे. (४७)

## ( ४८ ) बारमी बोधिदुर्लभ भावना

**प्रथमनिगोद पछी स्थावरता त्रसता पंचेन्द्रियताहोय,**
**मनुष्यपणुं पामीने धर्मश्रवणथी समकित पामे कोय.**

विवेचन-हे चेतन ! तने संसार दुःखथी भरेलो समजायो छे. तुं तेथी कंटाळ्यो छे. सुखथी भरेल मुक्ति पुरीमां जवा तने इच्छा थई छे. तेथी तें तेनो रस्तो लीधो छे-तुं मार्गे चडयो छे. हवे तने एक सूचना करवामां आवे छे. ए तुं भूलतो नहि. अहिंथी जतां रस्तामां तने थाक लागशे. रस्तो कांई नानो सूनो नथी, पन्थ लांबो छे. तने विश्राम लेवानुं मन थशे, ते वखते तुं थाक खावा ज्यां त्यां बेसी न जतो, विचारीने बेसजे. रस्तामां मोह राजाए डगले ने पगले झेरी झाडो वाव्या छे. तेनुं नाम छे. 'विषयवृक्ष' एनी नीचे तो तुं भूलेचूके पण न बेसतो. एनी छायामां बेसीश तो पण तने तेनुं झेर चडशे, तारी बधी शक्ति हणाई जशे, तारी चेतना नाश पामशे पछी तुं मुंझाइश. तने भ्रम थशे के हवे आम जवानुं के तेम. पछी मुक्ति मार्गमां तो ताराथी एक डगलुं पण आगळ वधी शकाशे नहिं तने ए झेरनुं घेन चडशे ने तुं त्यां ने त्यां पडी रहीश माटे ए

वृक्षोथी दूर दूर चालजे ने मुक्ति मार्गमां आगळ वधजे. जेटलो ए वृक्षथी छेटो रहीश तेटलो जल्दी मुक्तिनगरमां पहोंचीश आ शिखामण-भूलतो नहिं. शेठनी शिखामण झांपा सुधी एवुं करतो नहि बस-जा चाल्यो जा-आगळ वधने शिवसुखने अनुभव. (८३)

**इति संसारासारतावर्णनोऽधिकारः संपूर्णः ।**

**अथेन्द्रियपञ्चकविषयासक्तसत्त्वदुःखवर्णनम् ॥**

## (८४) स्पर्शनेन्द्रिय वश दुःखी हाथी.

**निर्जनवने निर्भय थईने विलसतो स्वेच्छा थकी,**
**खावा तरूनां किसलयोने पान झरणां जल थकी,**
**ते हस्ती वननो पण प्रहारो अंकुशोना जे सहे.**
**स्पर्शनवशे थई रांकडो बहु भारने माथे वहे.**

विवेचन-इन्द्रियवश प्राणी बहु दुःखी थाय छे. एक एक इन्द्रियने आधीन थयेल पराधीन दशामां मुकाय छे. पांच इन्द्रियोमां प्रथम-स्पर्शनेन्द्रिय छे, तेना विषयमां आसक्त थवाथी घणां कष्टो सहन करवा पडे छे. एक स्पर्शनेन्द्रियने कारणेज हाथी जेवुं श्रेष्ठ प्राणी परवश बने छे, मोटा मोटा जंगलमां-वनमां इच्छा प्रमाणे फरता हाथीने कोईनी बीक नथी. झाडना पान-फळ खावा, झरणाना पाणी पीवा ने मरजी प्रमाणे वर्तवुं. जेने कोई कांई करी शके नहिं. एवां हाथीने पण स्पर्शनेन्द्रियना मोहथी पकडावुं पडे छे. तेने पकडवा माटे

एक मोटो खाडो खोदवामां आवे छे. तेना छेडा उपर एक हाथणी-(बनावटी) ऊभी राखवामां आवे छे. तेनुं आलिंगन करवा-तेना स्पर्श सुखनो अनुभव करवा हाथी आंधळो बने छे, दोडतो आवे छे ने खाडामां जंपलाय छे. महावतो तेने पकडे छे, बांधे छे. अंकुशोना प्रहार करे छे. तेना माथे अंबाडी-उपडावे छे. अरे लाकडा पण खेंचावे छे. ते परवश थई बधु सहन करे छे. माटे हे चेतन ! स्पर्शनेन्द्रियने वश थई हाथीनी माफक दुःखी न थतो (८३)

## (८५) रसनेन्द्रियमां लोलुप बनी मरण पामतां माछला.

**अतिचपल ऊंडा जलरूपी निर्भय गृहे वसतो हतो,**
**स्वजातिसंगे रंगथी रमतो हतो सुख पामतो,**
**ते मच्छ पण हा ? हृदयभेदक रीतथी य हणाय छे,**
**जिह्वा विना ए कष्टमां कहे कोण कारण थाय छे.**

विवेचन-मोटा मोटा सरोवरोमां-अगाध-जलमां-जेनुं तळीयुं पण न देखाय एवा सागरमां रहेता माछलाओ मच्छीमारना हाथमां सपडाय छे मरणने शरण थाय छे जाळमां पकडाय छे. एमां जीभनी लोलुपत्ता एज निमित्त भूत छे. लोटनी गोळीयो बनावी तेमां लोढाना कांटा भरावी पाणीमां नाखवामां आवे छे ते खावानी लालचे माछलांओ ते लोटनी गोळीओ मुखमां ले छे ने गळामां

कांटा भराई जई मरण पामे छे, ए मरण पामेला माछलानी स्थिति पण जोई न शकाय एवी होय छे. आ बधां दुःखमां कारण कोई होय तो ते एक जीभ ज छे. माटे हे जीव ! जीभने वश न थतो पण जीभने वश राखजे तो सुखी थईश (८५)

## (८६) नासिका वश कमळ बन्धमां बंधातो भमरो.

**झंकारना शब्दे करी दिग्देश जेह गजावतो,**
**पुष्पोतणा रस चूसतो चालाक शीघ्रगति छतो.**
**ते मधुप बन्धन पुष्पनुं गजकर्णनी लातो सहे,**
**जो नासिकाने वश पडीने झुरी झुरीने मरे.**

विवेचन-हे आत्मन् ! घ्राणेन्द्रियने पराधीन ! नासिकाने वश-सुगन्धमां लोलुप बनीने तुं घणा कष्टमां पडे छे. जे भमरो गुंजारव करी दशेदिशा झंकारथी भरी देतो, सहजपण अवाज थाय तो एकदम उडी जतो पुष्पोना पराग रस चुसीने आनंद पामतो एज भमरो सांज सुधीमां पुष्पनी गंधमां-कमळनी सुवासमां आसक्त बनी त्यांनो त्यां चोटी रहे छे. सूर्य आथमे छे ने कमळ बीडाई जाय छे. तेना कोशमां-बंधमां भ्रमरो पुराई जाय छे नीकळी शकतो नथी. विचार करे छे के रात जशे ने सवार पडशे. सूर्य उगशे ने कमल खीलशे. एटले हुं उडी

जईस पण एटलामां तो वनगज आवीने भमरा सहित कमळने पेटमां पधरावी दे छे जो ए गंधमां लुब्ध बनी त्यां बेसी रह्यो न होत तो तेने आम झुरीझुरीने मरवानो वखत न आवत, माटे हे चेतन ! तुं पण गन्धमां लोलुप न बनतो (८६)

## (८७) चक्षुरिन्द्रियमां आसक्त-मरण पामतुं पतंगीयुं

**पतंग पचरंगी रूपाळुं गगनपथमां गाजतुं,**
**आघातथी के स्पर्शथी क्षणवारमां ऊडी जतुं.**
**थई नयनने वश ते बिचारूं ज्योतमां झंपलाय छे,**
**एम जाणीने पण शीद चेतन ? नयनने वश थाय छे.**

विवेचन-हे चेतन ! रूपनी पाछळ गांडा बनी तें तारूं केटलुं गुमाव्युं छे, तेनो विचार कर, पारकी स्त्रीना रूप जोवामां तें केटलीय वखत जान-माल खोया छे. तुं पायमाल थयो छे. ए अनर्थनी परम्पराथी बचवा माटे तो सुरदासे पोतानी आंखो फोडी नाखी हती. एमां ने एमां रूपसेन भवोभव दुःखी थयो हतो. हवे तो ए आंखने

---

**रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,**
**भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीं : ।**
**इत्थं विचिन्तयति कोशगते द्विरेफे,**
**हा हन्त ? हन्त ? नलिनी गज उज्जहार ॥**

काबुमां राख ! पारका रूप जोवाथी मनोविकार वधवा सिवाय बीजुं तारा हाथमां कांई आवतुं नथी. आ पतंगीयानी दशा जो केवुं मनोहर देखाय छे. जरा चपटी वगाडीये के अडीये तो तरत ज ऊडी जाय छे, आकाशने पण अवाजथी गजावे ने पोताना पंचरंगे रम्य बनावे छे पण ए दीवानी ज्योति जोईने भान भूले छे. ए लालने पीळी शिखामां मोहाय छे. एमां पोताना देहने होमी दे छे मरण पामे छे. माटे हे चेतन ! तुं शा माटे नयनने वश थाय छे ! तारी आंखथी महात्माओना दर्शन कर, सारूं सारूं दर्शन कर, नासिका पर आंख स्थिर कर-ध्यान धर पण रूपमां न फसा. नहि तो तारी पण पतंगीया जेवी दशा थशे. माटे आंख पर काबु मेळव (८७)

## (८८) मृग अने सर्पो-कर्णेन्द्रिय वश बनी दुःखमां पडे छे.

*(शार्दूल विक्रीडित)*

**रहेवुं गाढनिकुंजमां विहरवुं निर्भीक थईने वने,**
**सहेवुं ना कदीए कटुवयणने, ना देखवुं दुष्टने,**
**जे 'हने तेह मृगो य श्रोत्र वशथई खोवे अरे प्राणने,**
**ने सर्पो य थई सुशब्दरसिको, केवा पडे बन्धने.**

विवेचन-कान अने मनने गाढ संबंध छे. कान द्वारा पेसता शब्दो सीधा मन उपर असर करे छे, पांचे इन्द्रियोमां

कान एक एवी इन्द्रिय छे. के जे बंध करी शकाती नथी. शब्दने आधीन आखुं जगत छे. मोहक शब्दो सांभळी प्राणी रागमां फसाय छे. ते अप्रिय सांभळी द्वेष करे छे. माटे हे चेतन ! आ बन्ने प्रकारना शब्दो न सांभळवा पडे एवी स्थितिमां रहे. धर्मश्रवणमां श्रवणेन्द्रियने रोकी राख, जो शब्दने वश थयो तो हरण अने सर्प जेवी तारी दशा थशे. वनखंडमां विचरतो कोईथी भय न पामतो कोईना प्रहार के कठोर शब्दने नहिं सहेतो दुष्टने जोवानो पण प्रसंग न पामतो-मृग मोरलीने-मधुर गायनने वश थई पोताना शत्रु पासे दोडी जाय छे. बंधनमां पडे छे. प्राणने खोवे छे. दरमां रहेवानुं, निरांते सुवानुं कोईनी पण परवा नहिं करवानी एवा सर्पो -जेना फुंफाडाथी पण माणस ध्रूजी जाय एवा मणिधर नागो पण - बंसीना स्वरने वश बनी भान भूले छे. मदारीने आधीन थाय छे. तेना नचाव्या नाचे छे. निर्विष बनी लोही लुहाण थाय छे. अधूरा आयुष्ये मरे छे माटे आत्मन् ! तुं पण जो श्रोत्रेन्द्रिय - कानने परवश पड्यो तो तारी पण एज दशा छे माटे कान पर काबू राखी-सुखी थजे. हे जीव ! आ पांचे तो एक एक इन्द्रियने परवश पडी प्राण खोवे छे तो तने पांचे इन्द्रियोना तेवीस विषयोमां गाढ आसक्ति छे तेथी तारी केटली दुर्दशा थशे तेनो विचार कर, विचार करी आसक्ति ओछी कर-आसक्तिने सर्वथा छोडी दे. जो संसारथी डरतो हो ! ने मोक्ष मेळववाने इच्छतो हो ! तो इन्द्रियोनो विजय

करवामां तारू दृढ वीर्य-अखुट बल फोरव.

पतङ्गभृङ्गमीनेभ-सारङ्गा यान्ति दुर्दशाम् ।
एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टस्तैः किं न पञ्चभिः ॥
बिभेषि यदि संसारा न्मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं , स्फोरय स्फारपौरुषम् ॥
इति पञ्चेन्द्रियविषयासक्तसत्त्वदुःखवर्णनम् ।
अथ झटित्यात्मश्रेयस्करणप्रेरणाधिकारः

**(८९ थी ९३) मरण ए नक्की छे. गयेलो समय पाछो आवतो नथी. माटे प्रासाद छोडी आत्म-कल्याण करवा कटिबद्ध बनो.**

*(हरिगीत)*

भयपामीने मृत्यु थकी तुं शीद घर संताय छे,
मौक्तिकप्रमुखनी भस्म शाने शक्ति माटे खाय छे,
भयभीतने ए मृत्युराक्षस नव त्यजे पण जन्मने,
जे नव भजे त्हेने त्यजी कर जन्मनाशक यत्नने,
मृत्युतणी साथे नथी मैत्री करी तें मानवी,
तेहनां भयोथी रक्षनारी छे सुरंगो क्यां नवी,.
निश्चय नथी कीधो मरणनां समयनो ज्ञानी कने,
शाथी कहे छे आ स्थितिमां काल करीशुं धर्मने
जे दिवस ने जे रात्रिओ तुज जीवनमांथी जाय छे.

**क्रोडो उपाये कोईथी कदीए न एह पमाय छे.**
**अपूर्व अवसर आ बधो एळे गुमावे शीदने**
**निद्रा त्यजीने स्वस्थ कर तुज चित्तने तुजचित्तने**
**तृणाग्र-जल-बिन्दु समुं छे जीवनने आ वैभवो,**
**समुद्र जलकल्लोल ज्युं देखाव दे छे नवनवो,**
**पत्नी प्रमुखनो प्रेम ते पण स्वप्नना सम जाणवो.**
**समस्त आ संसार जाणो लाकडानो लाडवो.**

*(शार्दूल विक्रीडित)*

**मोटुं मंदिर ने विनीततनयो लक्ष्मी न खूटे कदी,**
**ने क्ल्याणकरी वधू-विरहने मित्रो शके ना सही,**
**मानी विश्व सुरम्य एम पडतां संसारमां कैं जनो,**
**जाणीने क्षण नष्ट संग त्यजता कैं संत ए सर्वनो.**

विवेचन-हे चेतन ! तुं मरणथी भय शा माटे पामे छे. तारे मरवुं ए चोक्कस छे. **जातस्य हि ध्रुवो मृत्यु-र्ध्रुवं जन्म मृतस्य च । तस्मादप्रतिहार्येऽथ, को हि शोचितुमर्हति** ॥ जन्मेलानुं मरण नक्की छे ने मरेलाना जन्म नक्की छे. माटे जेमां फेरफार न करी शकाय एवा विषयमां शोक करवो, ए कोने उचित छे ! अर्थात् शोक करवो नकामो छे, तारे आ शरीर एक वखत त्यजवानुं छे. एने तुं गमे तेम साचवीश तो'य छोडवुं पडशे, तारे ए शरीरथी शुं करवानुं छे, तेनो ते कोई दी विचार कर्यो ? चोवीश

कलाक शरीरनी सेवामां काढे छे. ए दुबळुं न पडे मादुं न पडे. मरी न जाय, ए माटे तने रातदिवस चिंता रहे छे. एथी डरतो तुं मोटा मोटा महेलोमां भराय छे, दवा खाय छे, रसायण, वाजीकरण, पौष्टिकआहार, मोतिअभ्रक, लोह, ताम्र, सुवर्ण वगेरेनी भस्मो वापरे छे, पण बधुं शा माटे ! गमे तेम करीश, गमे तेटलो मरणथी डरीश, मरण न आवे, माटे काळ पासे कालावाला करीश तो पण ए तने नहिं छोडे तारे काळनी साथे कांइ सगपण नथी, ए कांई तारो मित्र के सगो नथी थतो. एनाथी बचवाना कोई गुप्त स्थान नथी सुरंगोथी खोदायेला भोंयराओ नथी के ज्यां तुं भराई जइश तो त्यां ए नहि आवी शके. तुं गमे त्यां होइश तो पण त्यांथी ए तने लई जशे. तो शा माटे पुदगलानन्दी बन्यो छे. शरीरने मारूं मारूं करी एनी पाछळज शा माटे मरी फीटे छे. एज शरीरथी एवा प्रयत्नो कर. जेथी तुं अजर-अमर बनी जाय, तारे फरी जन्म-मरण न करवा पडे. शरीर ए साधन छे, तारूं श्रेय करवाना काममां आवे तोज ए कामनुं जे साधनथी साध्य-सिद्धि न थाय ए साधन पण शुं कामनुं ? माटे धर्म पहेला ने पछी शरीर, धर्ममां-आत्महितमां खामी न पहोंचे एटली ज शरीरनी संभाळ ले. तारूं आयुष्य कयारे पूरूं थशे एनी तने खबर नथी, मरण क्यारे आवशे. एनुं तने ज्ञान नथी, कोई ज्ञानी पासे तें नक्की नथी कर्युं के,तुं आटला वर्ष जीववानोज छे, जोतजोतामां चाल्यो जईश, आवी स्थितिमां एम केम कहे छे

के 'काले धर्म करीशुं' काल कोणे जोई छे. धर्मराजा जेवाने पण कालनी खबर नो'ती तो तारूं शुं गजुं छे. धर्मराजा युधिष्ठिर पासे एक ब्राह्मण दान लेवा आव्यो हतो. राजाए कह्युं के काले आवजे. भीमसेनने खबर पडी, तेणे विजयघंट वगाड्यो. युधिष्ठिरे बोलावीने पूछ्युं के भाई ! आपणे कोनो विजय कर्यो छे के आ विजय घंट वगाडयो छे ! भीमे हसीने उत्तर वाळ्यो के आपे मृत्युनो चोवीश कलाक माटे विजय कर्यो छे माटे, राजाए पूछयुं :- कई रीते ? भीमे कह्युं - आपे आ ब्राह्मणने काले दान लेवा आववानुं कह्युं छे. तेथी आप काल सुधी अवश्य जीववाना छो, नहिं तो एक क्षणनी पण मुदत केम अपाय. युधिष्ठिरे तुरतज ब्राह्मणने दान आपी विदाय कर्यो ने समज्यां हे चेतन ! ज्यारे धर्मराजा जेवा मुदत आपवा समर्थ न हतां. तो ताराथी धर्म करवामां घडीनो पण विलंब केम कराय ? जे दिवस के जे रात्रि तारा जीवनमांथी जाय छे ते पाछी आवती नथी. जे समय गयो ए गयो ! तारों अपूर्व अवसर एमने एम चाल्यो जाय छे. ए निष्फळ न गुमाव, ऊंघमांथी उठ ! तारा मनने ठेकाणे लाव तारा चित्तने जागृत कर, जेटलुं सधाय तेटलुं साधी ले, आ जीवन-आ वैभवो, आ स्त्री परिवारनो प्रेम-ए सर्व तने नवा नवा लागे छे. पण ए घासनी सळी पर रहेला पाणीना बिंदु जेवा छे. तेने सुकातां वार नहिं लागे, ए खरी जशे ने नाश पामशे. ए सर्व स्वप्न लीला छे. आंख ऊघडया पछी कांई नहि जणाय. आ

संसार लाकडानो लाडवो छे. एमां कांई मजा नथी. कोई माणसो संसारने स्वर्ग गणावे छे, कहे छे के:-मोटा मोटा महेलो रहेवाने, विनयवन्त ने आज्ञांकित पुत्रो, अखूट लक्ष्मी, सेवा करती अने सुख-दुःखमां भाग लेती स्त्री-पत्नी क्षण पण छुटा न पडे एवां मित्रो, खावुं-पीवुं, एशआराम, मोजमजा ए सर्व संसारमां छे. संसारने ज सर्वस्व मानी-मनावी, कैंक जन संसारमां पडे छे ने पाडे छे तेथी ऊलटुं कोई सज्जनो ! आ बधुं क्षणिक छे, आपात रमणीय छे. परिणामे दुःखदायी छे. एम समजी संसारनी मायाजाळमां फसाता नथी, संसारने नरक समजी तेमांथी नीकळी जाय छे. संतोना चरणनुं शरण ले छे, संत बने छे. परम सुख मेळवे छे. माटे हे आत्मन् ! तुं पण ए संतोने ज अनुसरजे, मोहमां मुंझातो नहिं जीवनने सार्थक करवा एक समयने पण प्रमादमां गुमावतो नहि, आत्मकल्याण करी परमपदना अविचल आनंद पामी अनंत सुख मेळवजे. (८९ थी ९३)

**॥ इति झटित्यात्मश्रेयस्करणप्रेरणाधिकारः ॥**

---

**अथात्महितकरविचारणानिरूपणम् ।**

(९४ थी १००) आ सात श्लोकमां आत्म विचारणा बतावववामां आवे छे, आमां आत्मा क्रमिक विकासनी इच्छा करे छे, शार्दुल विक्रीडित जेवा उदार छंदमां आत्मविकासनी

भावना अहिं सुंदर रीते भाववामां आवी छे के ए सुकतो मोढे करी. वारंवार बोल्या करवानुं मन थाय ज्यारे ज्यारे ए श्लोको बोलीए छीए, त्यारे तेनुं चित्र सामे खडुं थाय छे. दरेक भव्ये आ भावनाना श्लोको कंठे करीने सवार-सांज बोलवा विचारवा ने ए दशा प्राप्त करवा प्रयत्न करवो एज आनुं रहस्य छे-तात्पर्य छे.

*(शार्दूल विक्रीडित)*

**साक्षात् श्री जिनदेवने निरखशुं, कयारे अहो ! नेत्रथी**
**ने वाणी मनोहारि चित्त धरशुं क्यारे कहो प्रेमथी**
**श्रद्धा निश्चल धारशुं जिनमते, श्रेणीकवत् के समे,**
**ने देवेन्द्र वखाणपात्र थईशुं, क्यारे सुपुण्ये अमे ? १**

**क्यारे देव चलायमान करवा, मिथ्यामति आवशे,**
**ने सम्यक्त्व सुरत्नी अम विषे, साची परीक्षा थशे,**
**कयारे पौषधने ग्रही प्रणयथी, सद्भावना भावशुं,**
**ने रोमांचित थई तपस्वीमुनिने, क्यारे पडी लाभशुं ? २**

**सद्वैराग्यरसे रसिक थईने, दीक्षेच्छु क्यारे थशुं,**
**ने दीक्षा ग्रहवा मुनीश्वर कने, क्यारे सुभाग्ये जशुं**
**सेवा श्रीगुरुदेवनी करी कदा, सिद्धान्तने शिखशुं**
**ने व्याख्यानवडे समस्तजनने, कयारे प्रतिबोधशुं ३**

**गामे के विजने सुरेन्द्रभवने, ने झुंपडे क्ये समे,**
**स्त्रीमां ने शबमां समानमतिने क्यारे धरीशुं अमे,**

सर्पे के मणिमाळमां कुसुमनी, शय्या तथा धूळमां,
क्यारे तुल्य थशुं प्रफुल्लित मने शत्रु अने मित्रमां. ४

योगाभ्यास रसायणे हृदयने, रंगी असंगी बनी,
क्यारे अस्थिरता त्यजी शरीरने, वाणी तथा चित्तनी
आत्मानंद अपूर्व अमृतरसे, न्हाई थशुं निर्मळां.
ने संसार समुद्रना वमळथी, क्यारे थशुं वेगळां. ५

क्यारे सिद्धगिरि पवित्रशिखरे, जइ शांतवृत्ति सजी.
सिद्धोनां गुणनो विचार करशुं. मिथ्याविकल्पो त्यजी.
वासीचंदनकल्प थई परिसहो, सर्वे सहीशुं मुदा,
आवी शांत थशे अहो अमकने, शत्रुसमूहो कदा ६

श्रेणी क्षीणकषायनी ग्रही अने, घाती हणीशुं कदा,
पामी केवलज्ञान सर्वजनने, देशुं कदा देशना.
धारी योगनिरोध कोण समये, जाशुं अहो मोक्षमां,
एवी निर्मळ भावना प्रणयथी, भावो सदा चित्तमां. ७

विवेचन-आ साते श्लोकोनो अर्थ स्पष्ट छे. पहेलां बे श्लोकमां विशुद्ध गृहस्थ धर्मनी भावना छे. एवो अपूर्व अवसर कयारे आवशे, के श्री जिनेश्वर प्रभुने समवसरणमां देशना देता साक्षात् देखीशुं. ए त्रिलोकनाथना दर्शन करी नेत्रने निर्मळ बनावीशुं, बंने आंखोने पवित्र करीशुं. एमनी जगदुद्धारिणी-कल्याणकारिणी-मनोहारिणी वाणी सांभली श्रोत्र-कान पावन करीशुं. ए हितकर उपदेश मनमां ठसावी मनने विशुद्ध बनावीशुं,

एमना त्रिकाला-बाधित वचनपर अविचल श्रद्धा धरशुं, श्रेणिक महाराजानी माफक ए श्रद्धाथी कदी पण चलायमान नहि थईए. ए प्रभुनी तन-मन-धनथी सेवा बजावीशुं, देवो ने देवेन्द्रो पण अमारा ए पुण्योदयनी-ए भक्तिनी-ए श्रद्धानी प्रशंसा करशे, मिथ्यात्विदेवो इंद्र-महाराजाना वखाणथी अमारी इर्ष्या करशे, अमने डगाववा घणा प्रयत्नो करशे, पण अमे नहिं डगीए, अमारूं सम्यक्त्व रत्न साचवी राखीशुं. अमारी दृढता निहाळीने देव पण पाछो पडशे. छेवट खुशी थई मिथ्यात्वनो त्याग करी अमारा वखाण करशे, अमे प्रभुने हाथे देशविरति-बारव्रत लईशुं. अखंडपणे ए व्रतोनुं पालन करीशुं पर्वतिथिए बनशे तो हंमेश पौषधमां रहीशुं. पारणे विधिपूर्वक मुनिने वहोरावीने-तपस्वी श्रमणने पडिलाभीने पछी पारणुं करीशुं. वहोरावतां अमे अमारा आत्माने धन्य भाग्य गणीशुं. अमारा रोमराय विकसित थशे, अमारो जन्म सफळ लेखाशे, अमारुं जीवन सार्थक समजाशे, अमारे आंगणे पांच दिव्य प्रगटशे. अमारो आनंद समाशे नहिं. अगीयार प्रतिमा वहन करीशुं. साधु धर्मनी तुलना करीशुं. संसार अमने खारो लगाशे, एमांथी क्यारे छुटाय एमज विचारीशुं, संसारना कार्य तो न छुटके करीशुं, ए पण डरतां डरतां करीशुं. एमां अमारां मनने लेपवा नहिं दइए. अने अवसर मळे संसारने सर्वथा छोडी देवा तैयार रहीशुं ने ए रीते आदर्श गृहस्थ जीवन जीवीशुं.

## त्रीजा श्लोकमां मुनिधर्मपाप्तिनी भावना-

अमारो आत्म-वैराग्य रंगे रंगाईने-साचा वैराग्य रसथी रसिक थईने 'क्यारे दीक्षा मळे-क्यारे दीक्षा मळे' एवी तीव्र भावना भावशे, दीक्षानी उत्कट इच्छा जागशे, अमारा माता-पिता, सगां-संबंधी अमने सहमत थशे. अमारी इच्छाने वधावी लेशे. अमारी भावनानुं अनुमोदन करशे, दीक्षानो अजोड वरघोडो चडावी वाजते-गाजते गुरु महाराज पासे जईशुं. गुरु महाराजने अमारो संसारथी उद्धार करवा विनवीशुं. दीक्षा देवा विनंति करीशुं, चतुर्विध संघ समक्ष गुरु महाराज अमने दीक्षाविधि करावी साधुवेश आपशे. रजोहरण-धर्मध्वज, ओघो लईने अमे नाचीशुं-कूदीशुं. अहोभाग्य समजीशुं. ए अमारी अमूल्य घडी हशे. अपूर्व समय हशे, अमने अनन्य उल्लास हशे. दीक्षा लइने गुरुनिश्राए विचरशुं, गुरु आज्ञाए रहीशुं, क्षण पण प्रमाद नहि करीए, गुरुमहाराजनी सेवामां-मुनिओना विनय वैयावच्चमां-भक्तिमां जरीपण आळस नहिं राखीए स्वाध्यायमां, भणवामां. शास्त्र शिखवामां उद्यमी बनीशुं. गुरु महाराजनी कृपाथी सर्व शास्त्रनुं ज्ञान मेळवीशुं, तेमना प्रसादथी श्रुत ज्ञानना पार पामीशुं, सिद्धांतनी चावीओ मेळवीशुं, उत्सर्ग अने अपवादने जाणीशुं आगमो भणीशुं ने भणावीशुं पाट पर बेसी व्याख्यान आपीशुं, सभा गजावीशुं, मेघ जेवी गर्जनाथी-मधुर स्वरथी जनताना चित्तनुं आकर्षण

करीशुं. समस्त लोकोना मनमां वीतराग भगवानना वचनो ठसावीशुं व्रत-नियमोमां जनताने जोडीशुं प्रतिबोध करी संयम आपीशुं, अनेक जीवोने दीक्षा आपी परिवार वधारीशुं, गुरु महाराजश्रीनी पट्टपरंपराने अखंड अने दीपती करीशुं. शेठे रोहिणी स्त्रीने वखाणीने सर्व अधिकार सोप्या हतां तेम अमने गुरु महाराज पण वखानी सर्व सत्ता समर्पण करशे, अमे तेओश्रीनो बोजो हाथीनी माफक वहन करीशुं तेओश्रीनो भार संभाळी लईशुं. गच्छने साचवी लईशुं, तेओश्रीने चिंताथी मुक्त करीशुं, ए प्रमाणे सिंहनी जेम संयम-चारित्र-दीक्षा लई सिंहनी जेम पाळीशुं ने आत्माने उज्जवळ बनावीशुं.

---

## चोथा श्लोकमां समतानी भावना छे.

साधु धर्ममां प्रगति करी अमे अमारा आत्माने समताभावनुं शिक्षण आपीशु राग-द्वेषने निर्मूळ करवा प्रयत्न करीशुं, मोटा नगरमां के निर्जन जंगलमां, देवभवन जेवा विशाळ-मनोहर महेलमां के नानीशी झुंपडीमां अमने भेदभाव नहिं रहे, प्रीति के अप्रीति नहि थाय. स्त्रीमां रूमझुम-रूमझुम चालती ललित ललनामां के शबमां-मरी गयेल मृतकमां अमने समानता रहेशे, स्त्रीमां मोह नहिं थाय ने मृतकमां घृणा नहिं थाय, सर्पमां-झेरी नागमां अने मणिनी माळामां-

साचा मोतीना नवलखा हारमां कुसुमनी शय्यामां-फुलनी पथारीमां अने धूळमां, माटीमां, कचरामां स्नेह के अप्रेम नहिं थाय. शत्रु अने मित्रमां, प्रशंसक अने निंदकमां, अमने कोई वखाणे के कोई गाळ दे, ते बंनेमां अमे एक सरखा रहीशुं, बधा पर एक सरखी प्रसन्नता धारण करीशुं, रागद्वेषने वश नहि बनीए. ने समभावमां लीन रही आत्माने अपूर्व गुणोथी समृद्ध बनावीशुं.

---

## पांचमां श्लोकमां मन, वचन अने कायाना योगोनी स्थिरता केळववानी भावना छे.

समभाव केळवाया बाद कायानी प्रवृत्तिओ छोडतां शिखीशुं, कायाने असत् प्रवृत्तिओथी सदन्तर दूर राखीशुं., कायानी स्थिरता केळवी, वाणी उपर काबू मेळवीशुं. मिष्ट अने हितकारी, ने ते पण प्रयोजन होय तो ज बोलीशुं. मिथ्या वचन तो प्राणान्ते पण नहिं बोलीए, पछी अतिशय चंचळ चित्तने वश करीशुं. ध्याननी धारामां मनने जोडी दइशुं, योगाभ्यास रूपी रसायणथी हृदयने रंगी दईशुं, लोकोनो संग त्यजी-एकांतमां जईने रहीशुं, त्यां चित्तने स्थिर करवा प्रयत्न करीशुं, आत्मामां अपूर्व आनंद प्रगट थशे ते अमृत रसना निर्मळ निर्झरमां-स्वच्छ झरामां स्नान करीशुं, हृदयना बधा मेल धोई नाखीशुं. स्फटिक जेवा

विशुद्ध-स्वच्छ ने निर्मळ थईशुं, पछी संसारनी कोईपण माया अमने मुंझवशे नहिं. संसार समुद्रना कोई वमळमां अमे फसाईशु नहिं. दुनियानी कोईपण लालचमां लपटाशु नहि अने ए दशामां आत्माने जागृत राखीने आत्माने सर्व बंधनोथी मुक्त करवा विचार करीशु ने प्रयत्न सेवीशुं.

---

## छट्ठा श्लोकमां आत्मानी परमोच्च स्थिति ने अनशन दशा प्राप्त करवानी विचारणा छे.

ज्यारे आत्मा संसारना सर्व मोहथी मुक्त बनशे पछी छेल्लुं जीवन सिद्धिगिरीजी गिरिनारजी जेवा परम पवित्र पर्वत पर जईने वीतावीशुं, ज्यां अनंत आत्माओए मोक्ष मेळव्युं छे, एवा उन्नत शिखर पर रही, कायाने - शरीरने वोसरावी दईशुं, शरीरने गमे ते थाय तेनी परवा नहिं करीए, आत्मामां सिद्धना गुणोनुं ज चिंतन करीशुं, मिथ्या-विकल्पो एक पण मनमां न आवे तेनी काळजी राखी सिद्धनी साथे तन्मय थईशुं, देवताना, माणसोना के पशुओना गमे तेवा उपसर्गो थाय तो पण सिद्धना ध्यानथी चलायमान नहिं थईए, शांतभावे सर्व परिसहो सहन करीशुं, वासी चंदन जेवा थईशुं, जेम बावना चंदन पोताने कापनार पोताना पर प्रहार करनार कुहाडीने पण सुगंधी बनावे छे. तेम अमे पण अमने दुःख देनारने शांत करीशुं. अमारां शत्रुओ पण अमारी शांत

दशा देखी शांत बनशे, अमारा आगळ मोर ने साप साथे नाचशे, उंदर बिलाडीनी पुंछ़डी आमळशे, बकरी वाघनुं मोढुं चाटशे, हरण ने सिंह सामसामा बेसी वातो करशे, देवो अने दानवो परस्पर भेटशे, अमारी शान्तिथी बधा उपर असर थशे. जीवमात्र अमारी दृष्टिमां वैरभाव छो़डी देशे, अमे शांत थईशुं अने बीजाने शांत करीशुं.

---

## सातमा श्लोकमां तेरमा-चौदमा गुणस्थानके चड़ी मुक्ति मेळववानी भावना छे.

उपर बताव्या प्रमाणेनी अमारी ज्यारे प्रशान्तवृत्ति थशे. एटले अमे गुणस्थानकनी श्रेणी उपर चडीशुं, चारे प्रकारना कषायनो नाश करीशुं, क्षप्रक श्रेणिए आरोहीशुं, उत्तरोत्तर शुक्लध्यान वधारे वधारे विशुद्ध ध्याइशुं, ज्ञानावरणीय, दर्शनावरणीय, मोहनीयने अंतराय ए चारे घाति कर्मने चकचूर करीशुं. घाति कर्मनो नाश करी केवळज्ञान मेळवीशुं. तीर्थंकर पदवी वरीशुं. समवसरणमां बेसी देशनां देशुं सहज पण ग्लानि धार्या वगर उपदेश आपी भव्यात्माओनो उद्धार करीशुं, शुक्ल ध्याननी मध्य धाराए आत्माने स्थापन करी धर्म प्रवृत्तिमांज राच्या रहीशुं, पछी छेवटे मन वचन कायाना सर्व योगोनुं रुंधन करी बाकी रहेलां बधां कर्मोनो क्षय करी, पांच ह्रस्वाक्षर बोलाय तेटला

काळ सुधी चौदमा गुणस्थानकनो अनुभव करी मोक्षमां जईशुं, अनंत अव्याबाध अक्षय सुखने मेळवीशुं, सिद्ध स्वभावने पामीशुं, कृतकृत्य बनी ज्योतिमां ज्योति भेळवी दईशुं. एवो समय क्यारे आवे के अमारी आ सर्व भावना सफळ थाय. हे भव्य आत्माओ ! आवी भावना हंमेशा हृदयमां भावो मनमां विचारो, चित्तमां चिंतवो, दिनानुदिन वर्णवेल भावना प्रमाणे उत्तरोत्तर गुणवृद्धि करतां सिद्ध-बुद्ध ने मुक्त बनो एज भावना.

*श्रीमान् नेमिसूरीशनी, कृपादृष्टिथी आज;*
*आ वैराग्य शतक रच्युं, स्वपर श्रेयने काज ॥१०॥*

॥ इति वैराग्यशतकं सम्पूर्णम् ॥

॥ ॐ अर्हं नमः ॥

## परमार्हत श्री कुमारपाल-भूपाल विरचित

# आत्म-निंदाद्वात्रिंशिकानो अनुवाद.

*(हरिगीत छंद)*

(१)

सर्वे सुरेंद्रोना नमेला मुकुट ते'ना जे मणि,
तेना प्रकाशे झळहळे पदपीठ जे तेना धणी,
आ विश्वनां दुःखो बधाये छेदनारा हे प्रभु !
जयजय थजो जगबंधु ! तुम एम सर्वदा इच्छु विभु !

(२)

वीतराग हे कृतकृत्य भगवन् ! आपने शुं ? विनवुं,
हुं मूर्ख छुं महाराज जेथी शक्तिहीन छतां स्तवुं,
शुं अथिवर्ग यथार्थ स्वामिनुं स्वरूप कही शके,
पण प्रभो ! पूरी भक्ति पासे युक्तियो ए ना घटे.

(३)

हे नाथ ! निर्मल थई वस्या छो आप दूरे मुक्तिमां
तोये रह्यां गुण ओपता मुज चित्तरूपी शुक्तिमां,
अति दूर एवो सूर्य पण शुं आरसीना संगथी,
प्रतिबिंब रूपे आवीं अहिं उद्योतने करतो नथी ?

(४)

प्राणि तणां पापो घणां भेगा करेला जे भवे,

क्षीण थाय छे क्षणमां बधां ते आपने सारे स्तवे,
अति गाढ अंधारा तणुं पण सूर्य पासे शुं गजुं,
एम जाणीने आनंदथी हुं आपने नित्ये भजुं.

(५)

शरण्य ! करुणा सिंधु ! जिनजी ! आप बीजा भक्तना
महामोह व्याधिने हणो छो शुद्ध सेवासक्तनां,
आनंदथी हुं आप आणा मस्तके नित्ये वहुं,
तोये कहो कोण कारणे ए व्याधिना दुःखो सहुं.

(६)

संसार रूप महाटवीना सार्थवाह प्रभु ! तमे,
मुक्तिपुरी जावा तणी इच्छा अतिशय छे मने,
आश्रय कर्यो तेथी प्रभो ! तुज तोय आन्तर तस्करो.
मुज रत्नत्रय लुटे विभो ! रक्षा करो रक्षा करो.

(७)

बहु काळ आ संसार सागरमां प्रभु ! हुं संचर्यो,
थई पुण्य राशि एकठी त्यारे जिनेश्वर ! तुं मळ्यो,
पण पाप कर्म भरेल में सेवा सरस नव आदरी,
शुभ योगने पाम्या छतां में मूर्खता बहुए करी.

(८)

आ कर्मरूप कुलाल मिथ्याज्ञान रूपी दंडथी,
भव चक्र नित्य भमावतो दिलमां दया धरतो नथी,
करी पात्र मुजने पुंज दुःखनो दाबी दाबीने भरे

विणआप आ संसार कोण रक्षा कहो एथी करे ?

(९)

कयारे प्रभो ! संसारकारण सर्वममता छोडीने,
आज्ञा प्रमाणे आपनी मन तत्त्वज्ञाने जोडीने,
रमीश आत्म विषे विभो ! निरपेक्ष वृत्ति थई सदा
त्यजीश इच्छा मुक्तिनी पण सन्त थईने हुं कदा ?

(१०)

तुज पूर्णशशिनी कान्ति सरखा कान्तगुण द्दढ दोरथी
अतिचपल मुज मन वांदराने बांधीने बहु जोरथी,
आज्ञारूपी अमृत रसोना पानमां प्रीति करी,
पामीश परब्रह्मे रति क्यारे विभावो विसरी

(११)

हुं हीनथी पण हीन पण तुम चरणसेवाने बळे.
आव्यो अहीं उंची हदे जे पूर्ण पुण्य थकी मले,
तोपण हठीलो पापी कामादिकतणी टोळी मने,
अकार्यमां प्रेरे पराणे पीडती निर्दयपणे

(१२)

कल्याणकारी देव ! तुम सम स्वामी मुज माथे छते,
कल्याण कोण न संभवे जो विघ्न मुज नव आवते,
पण मदन आदिक शत्रुओ पूंठे पडया छे माहरे,
दूरे करू शुभ भावनाथी पापीओ पण नव मरे

(१३)

संसाररूप समुद्रमां भमता अनादिकाळथी,
हुं मानुं छुं के आप कदी मुज दृष्टिए आव्या नथी
नहींतर नरकनी वेदना सीमा विनानी में प्रभु !
बहु दुःखथी जे भोगवी ते केम पामुं हुं विभु !

(१४)

तलवार चक्र धनुष्यने अंकुशथी जे शोभतुं.
वज्रप्रमुख शुभचिन्हथी शुभभाववल्ली रोपतुं,
संसारतारक आपनुं एवुं चरणयुग निर्मलुं,
दुर्वार एवा मोह वैरीथी डरीने में श्रयुं,

(१५)

निःसीम करुणाधार छो, छो आप शरण पवित्र छो,
सर्वज्ञ छो निर्दोष छो ने सर्व जगना नाथ छो,
हुं दीन छुं हिम्मत रहित थै शरणे आव्यो आपने,
आ कामरूपी भिल्लथी रक्षो मने रक्षो मने

(१६)

विणआप आ जगमां नथी स्वामी समर्थ मळ्यो मने,
दुष्कृत्यनो समुदाय मोटो जे प्रभु मारो हणे,
शुं शत्रुओनुं चक्र जे बहु दुःखथी देखाय छे,
विण चक्र वासुदेवना ते कोई रीत हणाय छे.

(१७)

प्रभु ! देवनां पण देव छो वळी सत्य शंकर छो तमे,

छो बुद्ध ने आ विश्वत्रयना छो तमे नायकपणे
ए कारणे आन्तर रिपु समुदायथी पीडेल हुं,
हे नाथ ! तुम पासे रडीने हार्दनां दुःखो कहुं.

(१८)

अधर्मना कार्यो बधां दूरे करीने चित्तने,
जोडुं समाधिमां जिनेश्वर ! शान्त थै हुं जे समे,
त्यां तो बधाये वैरीओ जाणे बळेला क्रोधथी,
महामोहनां साम्राज्यमां लई जाय छें बहुजोरथी.

(१९)

छे मोह आदिक शत्रुओ म्हारां अनादि काळना,
एम जाणुं छुं जिनदेव ! प्रवचनपानथी हुं आपना
तोये करी विश्वास एनो मूढ मेंढो हुं बनुं.
ए मोहबाजीगरकने कपिरीतन् हुं आचरूं

(२०)

ए राक्षसोनां राक्षसो छे क्रूर म्लेच्छो एज छे,
एणे मने निष्ठुरपणे बहुवार बहु पीडेल छे,
भयभीत थई एथी प्रभु ! तुम चरण शरणुं में ग्रह्युं
जगवीर ! देव ! बचावजो में ध्यान तुम चित्ते धर्युं.

(२१)

कयारे प्रभो ! निज देहमां पण आत्मबुद्धिने तजी,
श्रद्धाजळे शुद्धि करेल विवेकने चित्ते सजी,
सम शत्रु मित्र विषे बनी न्यारो थई परभावथी,

रमीश सुखकर संयमे क्यारे प्रभो ! आनंदथी.

(२२)

गतदोष गुणभंडार जिनजी ! देव म्हारे तुं ज छे,
सुरनरसभामां वर्णव्यो जे धर्म म्हारे तेज छे.
एम जाणीने पण दासनी मत आप अवगणना करो,
आ नम्र म्हारी प्रार्थना स्वामी तमे चित्ते धरो.

(२३)

षड्वर्ग मदनादिकतणो जे जीतनारो विश्वने
अरिहंत ! उज्ज्वल ध्यानथी त्हेने प्रभु जीत्यो तमे,
अशक्त तुम प्रत्ये हणे तुम दासने निर्दयपणे.
ए शत्रुओने जीतुं एवुं आत्मबळ आपो मने

(२४)

समर्थ छो स्वामी ! तमे आ सर्व जगने तारवा,
ने मुज समा पापी जनोनी दुर्गतिने वारवा,
आ चरण वळग्यो पांगळो तुम दास दीन दुभाय छे
हे शरण ! शुं सिद्धि विषे संकोच मुजथी थाय छे ?

(२५)

तुम पादपद्म रमे प्रभो नित जे जनोनां चित्तमां
सुर इन्द्र के नरइन्द्रनी पण ए जनोने शी तमा ?
त्रण लोकनी पण लक्ष्मी एने सहचरीपेठे चहे,
सदगुणोनी शुभगन्ध एना आत्म मांहे महमहे.

(२६)

अत्यन्त निर्गुण छुं प्रभो ! हुं क्रूर छुं हुं दुष्ट छुं,
हिंसक अने पापे भरेलो सर्व वाते पूर्ण छुं,
विण आप आलंबन प्रभो ! भवभीमसागर संचरूं,
मुज भवभ्रमणनी वात जिनजी ! आप विण कोने करूं?

(२७)

मुज नेत्र रूप चकोरने तुं चन्द्ररूपे सांपडयो,
तेथी जिनेश्वर आज हुं आनंद उदधिमां पड्यो,
जे भाग्यशाळी-हाथमां चिंतामणी आवी चडे,
कई वस्तु एवी विश्वमां जे तेहने नव सांपडे.

(२८)

- हे नाथ ! आ संसार सागर डूबता एवा मने ,
मुक्तिपुरीमां लई जवाने जहाजरूपे छो तमे,
शिवरमणीनां शुभसंगथी अभिराम एवा हे प्रभो !
मुज सर्व सुखनुं मुख्य कारण छो तमे नित्ये विभो !

(२९)

जे भव्य जीवो आपने भावे नमे स्तोत्रे स्तवे,
ने पुष्पनी माला लईने प्रेमथी कंठे ठवे,
ते धन्य छे कृतपुण्य छे चिन्तामणी तेने करे,
वाव्यो प्रभो ! निजकृत्यथी सुरवृक्षने एणे गृहे.

(३०)

हे नाथ ! नेत्रो मींचीने चलचित्तनी स्थिरता करी,

एकान्तमां बेसी करीने ध्यान मुद्राने धरी.
मुज सर्व कर्म विनाशकारण चिन्तवुं जे जे समे,
ते ते समे तुज मूर्ति मनहर, माहरे चित्ते रमे,

(३१)

उत्कृष्टभक्तिथी प्रभो ! में अन्यदेवोने स्तव्यां.
पण कोईरीते मुक्तिसुखने आपनारा नव थयां,
अमृत भरेला कुम्भथी छोने सदाए सींचीए,
आंबातणां मीठा फलो पण लींबडा कयांथी दीये ?

(३२)

भवजलधिमांथी हे प्रभो ! करूणा करीने तारजो,
ने निर्गुणीने शिवनगरनां शुभसदनमां धारजो,
आ गुणीने आ निर्गुणी एम भेद मोटा नव करे,
शशी सूर्य मेघपरे दयालु सर्वनां दुःखो हरे.

(३३)

*(शार्दूल विक्रीडितम्)*

पाम्यो छुं बहुपुण्यथी प्रभु ! तने. त्रैलोक्यना नाथने,
हेमाचार्य समान साक्षी शिवना, नेता मल्या छे मने
एथी उत्तम वस्तु कोई न गणुं, ज्हेनी करूं मांगणी
मांगुं आदर वृद्धि तोय तुजमां, ए हार्दनी लागणी,

(३४)

जाणी आर्हत गूर्जरेश्वरतणी, वाणी मनोहारिणी,

श्रद्धासागर वृद्धिचंद्र सरखी, संताप संहारिणी,
त्हेनो आ अनुवाद में स्वपरना कल्याण माटे कर्यो,
श्रीमन्नेमिसूरीश सेवनबळे, जे भक्तिभावे भर्यो.

**इतिश्री परमार्हत जीवदया प्रतिपाल कुमारपालभूपाल विरचितात्मनिन्दा द्वात्रिंशिकाया गूर्जरगिरायां पद्यानुवादः समाप्तः**

**ॐ नम श्रीपार्श्वनाथाय**

**ॐ नमः श्रीगुरुनेमिसूरये**

# दृष्टान्तावली.

(दुहा)

सुरनरसेवित जिनपति, श्री सेरीसापास,
प्रगट प्रभावी प्रणमतां, पूरे मननी आश. १
आ काळे आ भरतमां, युग प्रधान समान,
गुरुवर नेमिसूरीशनुं, धरीने हृदये ध्यान. २
रचशुं दृष्टान्तावली, सज्जन मुख शणगार,
जे भणतां सुख उपजे सूक्त रत्नावलीसार. ३
चन्द्र विनानी ज्युं निशा, सुस्वर विण ज्युं गान,
वाणी विणदृष्टान्त युं, नव पामे सन्मान. ४

मोटा हित माटे बने, थोडो पण गुणीसंग,
अल्प लवणथी अन्न ज्युं, स्वादु बने छे चंग. ५
पर संपत्ति देखीने, पवित्र जन हरखाय,
नभ निर्मळता निरखतां, स्वच्छ शरदजल थाय. ६
दुर्भाग्ये दुःखकर बने, सज्जन संग सुजात,
पेखो कपूर संगथी, श्रीफळ जळ विष थात. ७
पापी पाप तजे नहीं, ककडा करीए तोय
शिरहीन राहु पण ग्रहे, पूर्ण चन्द्रने जोय. ८
सज्जन छंडी मूर्खनर, दुर्जन पासे जाय,
मूकी मधुर द्राखने, काग निंबोळी खाय. ९
अति परिचय जे करे, मान रहित ते थाय,
देखो मलये बावना-चन्दन इन्धण थाय. १०
उत्तमने उत्तम मळे, त्यां धर्मोन्नति थाय,
गंगा यमुना संगथी, तीर्थ प्रयाग मनाय. ११
लघु पण पीडे पुष्टने, पामी स्थान विशेष,
मच्छर हाथी कानमां, पेसी पडावे चीस. १२
सारगये जन श्रेष्ठने, बोले बुरा बोल,
तेल गये तल देखीये, लोक कहे छे खोळ. १३
प्राणान्ते पण नव तजे, पोताना जे होय,
शुष्कसरे सूकाय छे, पंकज पंक्ति जोय. १४
दुर्मुख क्षणमां क्षीण करे, जन्मतणो पण प्रेम,
तन्दुल तुषनी मित्रता. मूशळ विनाशे जेम. १५

स्थळभेदे तेजस्विता, हित अहित निदान,
दर्पणमां मुख देखवा, खड्गमां खोवा प्राण. १६
मलीनमनुज पण सन्तने, संगे शोभे मित्त,
आंजण आंज्युं आंखमां, दीपे एही ज रीत. १७
सार विनाना दिवस ते, सुकृत विण जे जाय,
अंक विनाना बिंदुओ, संख्यामां न गणाय. १८
निर्बळतामां मित्र पण, दुःखनुं होय निदान,
दीप सहायक वायु पण दीप विनाशक प्राण. १९
गुण विना पण विश्वमां, भयथी कैक मनाय,
नागपूजना सौ करे, हंस गरूड तजाय. २०
ज्युं मृग हणवा पारधी, सुस्वर गाय सदाय,
दुःख देवा युं दुष्टथी, मीठां वेण वदाय. २१
व्हेचण नीरने क्षीरनी, कैक मच्छथी थाय,
पण प्रसिद्धि हंसनी, जश पुण्येज गवाय. २२
दुर्बळने दुःख दे सर्व, सबळकने नव जाय.
वाघ सिंह वरू छंडीने, देखो छाग हणाय. २३
भिन्न दृष्टिए एक पण, भिन्नभिन्न जणाय,
योगी कामी कुतरे, शब स्त्री मांस मनाय. २४
आश्रय पामी दुर्जनो, आश्रय नाशक थाय,
देखो कीडा काष्ठनां, काष्ठ ज कोरी खाय. २५
जे कारज न्हानां करे, ते नव म्होटे थाय,
ज्यां कीटीका संचरे, त्यां शुं हाथी जाय. २६

मुखमां लाडु मुकतां, वशमां कोण न थाय,
मुख लेपे मीठो ध्वनि, मृदंगथी पण थाय. २७
शोक भराये चित्तमां, रोवुं हितकर थाय,
ज्युं छलकातां सरतणां, खुल्लां द्वार कराय. २८
क्रोडो यत्न करो भले, जाति स्वभाव न जाय,
सींचो छो'ने दूधथी, नींब न मधुरो थाय. २९
सज्जन दूर गये छते, दुर्जन बहु देखाय,
सूर्य चन्द्रनां अस्तमां, खजुवो ज्युं मलकाय. ३०
योग्यात्माने ऋद्धिओ, स्वयं स्वाधीन थाय.
जेम नदीओ विनव्या विना, उदधि आधीन थाय. ३१
घर देखाड्युं लुब्धने, दुःखनुं कारण थाय,
विश्वामित्र वशिष्ठनी, धेनु, लेवा धाय. ३२
वखते विमला वारता, होय बाल समीप,
सूर्य प्रकाशी नव शके, तेह प्रकाशे दीप. ३३
प्राय असार पदार्थनो, अति आडंबर होय,
कांसानो रणकार जे, ते शुं कनके जोय. ३४
पर संपत्ति देखीने, दाजे दुर्जन दील,
टाणे तरुवर सौ फळे, शुं न सूकाय करीर. ३५
स्वयं सही दुःख अन्यने, शान्ति आपे संत,
ताप सही पण पान्थने, तरुवर शान्त करंत. ३६
गुरु कर्मीने धर्मनी, करणी नीरस जणाय,
खाखरानी खीसकोलीओ, आंबांने नव च्हाय. ३७

स्वीय महत्वने साचवे, पण्डित म्होटे यत्न,
श्रीफळ जलने संग्रहे, त्रण वडे जयुं रत्न. ३८
प्रथम प्रवृत्ति पुरुषनी, प्रसिद्धि कारण थाय,
प्रथम तेजथी, लोकमां, उज्वल पक्ष मनाय. ३९
सन्त स्वभाव तजे नही, छोने दईए छेह,
जेम जेम घसीए कपूरने, तेम सुगन्धि देह. ४०
मान हानिमां वीरने, योग्य विदेश प्रयाण,
द्वीपान्तरमां संचरे, तेज रहित जेम भाण. ४१
भाग्यशालीओ भोगवे, करे एकठुं कोय,
मधमाखी मध मेळवे, खाय अनेरा कोय. ४२
वखते वस्तु तुच्छ पण, वल्लभ अतिशय थात,
भोजन अन्ते तृणसळी, एहिज अहीं दृष्टान्त. ४३
लखो यत्न करो भले, दुर्जन नव पलटाय,
सोमण साबुए धोवतां, काग सफेद नव थाय. ४४
तेजस्वीने तुच्छ नर, अनर्थ कारण होय,
आंसु पडावे आंखथी, तुच्छ तणखलुं जोय. ४५
काळा मुखना मानवी, काढयां कदीए न जाय,
काप्यां काळां केश ते, फरीफरी पंण थाय. ४६
अनवसरे गुणग्राहिता, दुःखनुं कारण थाय,
गीत रसीक थई मृग जुओ, मोत समीपे जाय. ४७
दुःख दीये सुख आपवा, पवित्र नर जे होय,
कर्पूर आपे शीतलतां, आंसु पडावे तोय. ४८

पगले पगले पामीए, पापी धरमी कोक,
घर घर काग निहाळीए, कोकिल पक्षी स्तोक. ४९
दुर्जन वचनो अवसरे, सज्जन हितकर थाय,
प्रयाण समये वाम खर, भूंकयो भलो मनाय. ५०
लघु पण जेह कलानिधि, तेह लहे बहुमान,
बीज तणां शशीने नमे, जनता ए एंधाण. ५१
स्थानभ्रष्ट पण शिष्टनर, पामे अधिकुं मान,
राजाने माथे चडे, मणि मूकीने खाण. ५२
पंडितनी साथे रह्या, मूर्खो पण पूजाय,
कोयल टोळे कागडां, कोयल एम मनाय. ५३
प्राये पापी पापमां, होय प्रेम करनार,
लींबडे वायसनी रति, छंडिने सहकार. ५४
स्वार्थ साधवा लोकमां, नीच जनोय मनाय,
रक्षण करवा धान्यनुं, भस्म यथा जळवाय. ५५
सज्जनसंकटमां पड्ये, दुर्जन बहु हरखाय,
मींचाये नरनेत्र जब, तब घुवड विकसाय. ५६
सन्त स्वभाव तजे नहीं, छोने दईए छेह,
फरी फरी जल उकाळीए, तोपण शीतल देह. ५७
निर्धन नरने नव भजे, स्वार्थी नर जे होय,
पुष्प पूर्ण पलासने, भ्रमर न सेवे कोय. ५८
संत संगथी कठिण पण, हैयुं कोमळ थाय,
शशी संगे जो जळथकी चन्द्रकान्त भींजाय. ५९

उन्नतना आश्रय विना, उन्नत केम थवाय,
वृक्षाश्रय विण वेलडी, शुं आकाशे जाय. ६०
समकितविण करणी सवी, भारभूत गणाय,
पाया विनाना महेलमां, कहो कोण रहेवा जाय. ६१
ज्ञान क्रिया बन्ने मळे, कार्यसिद्धि तव थाय,
अंध पंगु संयोगथी, नगरी जेम पमाय. ६२
वासण पण चळके नहि, वीण घसारे मित्त,
माणसनुं कहेवुं किश्युं, एह विचारो चित्त. ६३
सूरि प्रतिष्ठित विश्वमां, पत्थर पण पूजाय,
गुरु श्रीनेमिसूरीशथी, अमृत अमृत थाये. ६४

॥ इति दृष्टान्तावली संपूर्ण ॥

## त्यारे तुं शुं करीश ?

### संयोजक : मुनिश्री परमप्रभविजयजी महाराज

बुद्धिमान मानव ! शरीर रोगथी घेराई जशे, व्हालाओना उपायो अफळ जशे, वैद्य डोकटरो पोताना छेल्ला उपायो अजमावी हाथ खंखेरशे, सौ स्नेहीओ गमगीन बनशे, त्यारे तुं शुं करीश ? श्वास घुंटाशे, नाडीओना धबकारा जुदा हशे, कोई अनेरा ज भणकारा वागता हशे, दशे दिशामां नांखी नजर नहि पहोंचे, त्यारे तुं शुं करीश? पापना पोटला बांधी पेदां

करेला पैसा बंगला मोटर बगीचा कारखानाओथी पलकमां सदाने माटे जुदा पडवानो अवसर आवी लागशे, त्यारे तुं शुं करीश ?

अथवा तो माथे टाल पडशे, कानथी ओछुं संभळाशे, आंखे बराबर सुझशे नहिं, पाणी टपकया करशे, नाकमांथी लींट चुया करशे, मोढामांथी लाळ चाली जती हशे, उधरस अने दमथी छाती भराई गई हशे, हाथ पगनी शक्ति नरम पडशे. कम्मर वळी गई हशे, लाकडीना टेका विना चालवुं भारे थई पडशे. सहु हड हड करशे, सर्वथा परवश बनी पडशे, जीवन अकारूं लागशे स्वभाव चीडीयो बनी जशे अने एके धारणा सफळ नहि करी शकाय, त्यारे तुं शुं करीश ? विचारक प्राणी ? आवुं बधुं बनतुं रोज नजरे देखाय छे, जगतना जीवोनी आवी स्थिति बनती तारामां जोवामां आवे छे. जुवानीना जोरमां अने धनवान पणानी मदांधतामां महालनाराना बुरा हाल थता नजरे जोवाय छे. तारी आ दशा नहिं आवे, एवा भरोंसे रखे बेसी रहेतो. विषय अवस्था वखते दीनता न आवे, पोकार न करवा पडे अने अशांतिमां पण शांति अनुभवाय ए माटे अत्यारथी कांईक विचार करी ले. पाणी पहेलां पाळ बांधनार समजदार गणाय. पाळ बांधी नहि अने पाणी भरायुं, तळाव फाटयुं अने धोध चारे बाजु वहेवा मांडया ते वखते पाळ नहिं बंधाय, धार्युं मनमां

रही जशे. मनोरथो माटीमां मळी जशे. आशा निराशामां फेरवाई जशे. ते वखते पस्तावानो पार नहि रहे माटे सारी अवस्थामां मळेली शक्तिओनो सदुपयोग करी लेवा माटे दृढ विचार कर.

सर्व अवस्थामां काम आवे अने सर्व स्थळे निश्चिंत बनावे एवुं भातु भरी ले.

प्रमाद निद्रामांथी धर्म जागरणमां आवी जा. पछी कोईपण अवस्था तने सतावशे नहिं, सदा सुख अने शांति तने छोडशे नहिं, पूरेपूरा आनंदने अनुभवनारो बनी जईश माटे आजने आज तुं विचार कर.

तुं कोण छुं, कयांथी आव्यो छुं, अहिं आवता पहेलां तुं क्यां हतो. अनंत काल कई स्थितिमां केवी केवी रीते भटकयो. चारे गतिमां पराधीनपणे केटला केटला दुःखो तें सहन कर्यां, जन्म पहेलां गर्भकालमां नव नव मास केवा दुःखो भोगव्यां. तेटलो काल बीभत्स स्थानमां ऊंधे मस्तके रहेला एवा तारी कई कई दशाओ थई. केवा मलीन आहारो तें कर्यां, कर्माधीन तें केटलुं सहन कर्युं, जन्म वखते तारी केवी तुच्छ दशा थई. भवो भवमां अनेक दुःखो सहन करी पापमां मस्त बनी जे मेळवेली सामग्रीमांथी तुं साथे शुं लई आव्यो, शुं करवा आव्यो छुं, शुं करी रह्यो छुं. विषयोनी वासनामां भान भूलेल आत्मा कर्म भोगवती वखते तारी शुं दशा थशे,

तेनो तुं आजने आज विचार कर.

सो वर्ष पहेलाना अहिं कोई देखाता नथी. जातस्य ध्रुवं मृत्युं तो ते कयां गया, शुं लई गया. केवी दशामां गयां. तेओना शरीरनुं शुं थयुं, तेमनी साथे कोण गयुं, तेओनी मालमिल्कतनी शी दशा थइ, तेमना नाम निशान पण क्यां गयां. ते तरफ तुं दृष्टि कर. तो क्षण पछी तारुं शुं थशे तेनी तने खबर नथी. पचास सो वर्ष थतां तारे पण जवुं पडशे.

'God's mill grinds slow but sure.

– तो तुं कयां जईश. निर्दोषने त्रास आपी. असत्योनी जाळो बीछावी, विश्वासुओने ठगीने अन्याय अने प्रपंचोथी मेळवेली सामग्रीमांथी साथे शुं लई जईश. त्यां तारूं शुं थशे, व्याधि के मरण वखते अहिं पण कोई तने शरण आपी शके तेम नथी तो परलोकमां ए क्यां अने तुं कयां? ज्यां भेगा मळवापणु पण नथी तो तारी दुर्दशामां भागीदार कोण थशे तेनो तुं आजने आज विचार कर. पौद्‌गलिक (धन अने विषय) सामग्री गमे तेटली मळी जाय, जेम रंक राजा बनी जाय तो पण तेने संतोष थतो नथी अने अधिक अधिक धन माटे महा पापो करी लोमान्धो नैव पश्यति दुर्दशा भोगवे छे तेमज विपुल भोगो मळवा छतां शांति नहि पामतो

आत्मा अधिक अधिक वार दुष्टता सेवे छे जेथी विषम दशाने प्राप्त थतो दुःखनो ज अनुभव करी मानवताने वेची भवो भव रखडे छे, तेम आ आत्मा गमे तेटलुं मळे तो पण धरातो ज नथी. जेम जेम भोगो वधता जाय छे तेम तेम तृष्णा वधती ज जाय छे अने अंते कंचन अने काम माटे दुर्ध्यानथी मरी दुर्गतिमां भयंकर दुःखोनो अनुभव करे छे. माटे आ मानव भव थोडा कालना अने अंते नाश थनारा तुच्छ विषयोनी पाछळ महा पापो करी तारा भावि अनंत कालने भयंकर न बनाव पण सम्यक् धर्मनी आराधना वडे सकल दुःखोनो नाश करी तारूं साचुं सद्चिदानंद स्वरूप प्राप्त कर. मानव भव पांच पचास वर्षना एक भवना ज सुख माटे नथी पण सामे रहेल अनंत कालने सुधारी लेवानुं (सरवैयुं काढवानुं) अमूल्य साधन छे ते तुं भूली न जा. आज, कालने जवाबदार छे. माटे काल न बगडे तेनो तुं आजने आज विचार कर,

माटे विवेकी बनी शरीर धन काम भोगादि पुद्गल सामग्रीनी तृष्णा छोडी तारा स्वरूपनो विचार कर. सुख तारा स्वरूपमां छे, बहारथी नहि मळे, बीजानो दोष जोवामां राची माची रहेलो तुं तारा पोतामां रहेला अनेक दोषो तरफ दृष्टि कर. जागवाना स्थानमां प्रमाद न कर, रोगो जरा अने मृत्यु (शत्रुओ) तारो

विनाश न करे ते पहेला चेती जा-बे त्रण दिवसनी मुसाफरीमां पण आत्मा दुःखी न थाय ते माटे अनेक सामग्री साथे लेनार तें लांबा काळनी परलोकनी मुसाफ़री माटे भातु शुं लीधुं ते विचार अने मानव भव सुधारी ले.

बाहिर दृष्टि देखतां, बाहिर मन धावे,
अंतर दृष्टि देखतां, अक्षय पद पावे.

संपादक तथा प्रेरक :
पं. कुन्दकुन्द विजय गणि



## छ'री पालित तीर्थ यात्रानो प्रभाव

### छन्द-उपेन्द्रवज्रा

छ'री पालता तीर्थ यात्रा करे जे
खपे कर्मना पुंज तेना तरे ते
वधे तीर्थ शोभा जिनाज्ञा पळाये
टले पाप बुद्धि सुबुद्धि सदाये ॥१॥

### छन्द-इन्द्रवज्रा

मार्गे जता वृक्ष अनेक आवे
छाया ग्रहीने सहु शान्ति पावे
गेहे जता जे तरु याद आवे
ते वृक्ष माहे अधिको कहावे ॥२॥

### छन्द-उपेन्द्रवज्रा

जगे जेहनो ब्रह्मचर्य प्रभाव
तपागच्छ राजा रवीन्दु स्वभाव
सदा तीर्थ उद्धार कारी विरागी
नमु नेमि सूरि प्रभाते सुभागी ॥३॥

शाह नथमलजी प्रतापजी तोगानी परिवार
गुडाबालोतान् ना सौजन्यथी